
# શિવ દર્શન

ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય



ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

પ્રા. દિનેશચંદ્ર પાઠક

**SHIV DARSHAN**

© પ્રા. દિનેશ પાઠક (આર્કીટેકટ)
**૧૪, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ**
**વડોદરા - ૩૯૦ ૦૦૨, ટે.નં : ૨૭૯૪૧૧૧**

**દેવ દિવાળી - ૨૦૬૧, તા. ૨૬/૧૧/૨૦૦૪**
**પ્રત : ૧૦૦૦**

માતા પિતાના સ્મણાર્થે

**ટાઈટલ ડીઝાઈન – ટાઈપ સેટિંગ :**
દેવ કોમ્પ્યુટર્સ, ફોન : (૦૨૬૫) ૩૦૯૬૦૫૮

**પ્રકાશક :**
**ચિત્રકેતુ મહેન્દ્રભાઈ પટેલ**
**૨૫૯, અમિત નગર, વી.આઈ.પી. રોડ**
**કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ૦૨૨**
**ફોન નં : ૨૪૮૨૫૯૧**

**પ્રિન્ટર :**
પોઈન્ટ પ્રિન્ટર - ૨૫૮૦૩૨૮

# શિવ દર્શન



પ્રા. દિનેશચંદ્ર પાઠક

**પ્રકાશક**

**ચિત્રકેતુ મહેન્દ્રભાઈ પટેલ**

ॐ नमः शिवाय

# ભાવાંજલિ

માતા-પિતા તો પૃથ્વી પરનાં સાક્ષાત્ દેવ છે. સંતાનોને જન્મ આપીને તેમણે પોતાનાં બાળકો ઉપર મોટી કૃપા કરી છે. માનવ દેહ દ્વારાજ આ લોક અને પરલોકનાં સુખો મેળવી શકાય છે. મનુષ્ય શરીર દ્વારા ઈશ્વર પ્રાપ્તિ થઈ શકે છે. બીજી યોનીઓ દ્વારા પ્રભુપ્રાપ્તિ થઈ શકતી નથી. જીવનના શ્રેષ્ઠ ઉપભોગો પણ માનવ જીવનમાં જ શક્ય છે. વિજ્ઞાનની ચમત્કારિક શોધો અને ધર્મ દ્વારા પ્રભુ દર્શન માટે 'માનવ દેહ' પામવો જરૂરિ છે. માટે માતા-પિતાએ આપેલી ઉત્તમ અને અદ્ભુત તક સંતાનને મળેલું શ્રેષ્ઠ નજરાણું છે.

ભગવાન ગણેશજીનું દરેક શુભ કાર્યમાં પ્રથમ પૂજન થાય છે. તેમ છતાં તેમને શિવ-પાર્વતીના પુત્ર તરીકે સંબોધ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પરબ્રહ્મ સ્વરૂપે છે. તેમ છતાં वसुदेव सुतं देवं... વસુદેવ ના પુત્ર હે દેવ ! તેમજ માતા દેવકીનું નામ જોડીને देवकी परमानंदम्... તમે દેવકીજી માટે પરમ આનંદરૂપ છો.. એમ કહેવાયું છે.

તેજ રીતે મહર્ષિ વાલ્મિકીજીએ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ માટે દશરથાત્મજઃ.... દશરથના આત્મજ દશરથ પુત્ર તરીકેની ઓળખાણ આપી છે. જ્યારે દેવતાઓ પણ માતા અને પિતા દ્વારા અપાતી ઓળખથી ગૌરવ અને આનંદ અનુભવે ત્યારે પામર મનુષ્ય કઈ હેસીયતથી ગુમાનમાં ફરતો હશે ? તે જો પોતાને મહાન ગણતો હોય અને પોતાની સિદ્ધિઓ ઉપર ગર્વ કરતો હોય તો તે અહંકારીએ સમજી લેવું જોઈએ કે તેની સિદ્ધિ અને પ્રસિદ્ધિ તથા તેનો આકાશ ચૂમતો અહંકાર પણ તેનાં માતા પિતાને આભારી છે. એના અનુસંધાનમાં અમારા મિત્ર અને કવિશ્રી દિનેશભાઈ પાઠકે 'પિતૃવંદના' લખી છે. તેમાં તેમણે પિતાની સાથે પરોક્ષ રીતે માતા ને સંબોધીને ગાયું છે કે,

- ઉપનિષદ્માં જીવંત દેવોનું ગૌરવ ગાયું,
  'પિતૃદેવો ભવ' નું કૃતજ્ઞભાવે સ્મરણ કરાવ્યું....
- અંક મહીં સંતાન લઈ પિતા હસતું મુખ જોતો
  ખુદની આંખે પુત્ર તણાં સુખી શમણાં નીરખતો
  વત્સલતાનું અમી ઝરણ એના દિલથી રેલાયું.... पितृदेवोभव। નું
- આપત્તિમાં સંપત્તિનો સથવારો દેવાને,
  ખૂદ વિપત્તિમાં એ જીવતો, સથવારો દેવાને,
  પ્રતિબિંબ નિજની ઇચ્છાનું પુત્ર મહીં નિહાળ્યું....पितृदेवोभव। નું

- સંસ્કારો ને પરંપરા ચાહે દેવા પુત્રોને
  પિતૃઋણ ને ઋષિ ઋણ સમજાવે નિજના સૂતને
  દેવઋણ પણ ચૂકવી દેવા સ્નેહ થકી સમજાવ્યું... પિતૃદેવોભવ। નું

- पित्यातेव तु मंत्रः । એવું શાસ્ત્રો ગર્જી ગાયે
  દૈવી જીવન કાજે પિતા સુતનો સાથી થાયે
  માત-પિતાનાં ચરણ કમળમાં મારું શીશ ઝૂકાવ્યું...પિતૃદેવોભવ। નું

આવાં ગીતો તથા પ્રેરણાત્મક પ્રસંગોથી અમારું હૃદય દ્રવી ઊઠયું. ત્રણ વર્ષોમાં અમે પૂજનિય માતા પૂજ્ય ઈંદિરાબેન, પિતા પૂજ્યશ્રી મહેન્દ્રભાઈ ઠાકોરભાઈ પટેલ, તથા કાકા મુ. સુરેશભાઈ ઠાકોરભાઈ પટેલનું છત્ર ગુમાવ્યું. તેથી હૃદયમાં પારાવાર દુ:ખ અનુભવ્યું. તેથી અમે સૌએ વિચાર્યું કે એમની સ્મૃતિમાં એવું કશુંક થવું જોઈએ જેથી સ્વર્ગસ્થના આત્માઓને આનંદ થાય. આ માટે અમે મારા મિત્ર પ્રાધ્યાપક શ્રી દિનેશભાઈનો સંપર્ક સાધ્યો. તેમણે સૂચન કર્યું "તમારા પિતાશ્રી શિવજીના ભક્ત હતા માટે તેમની સ્મૃતિમાં શિવજીનાં ગુણગાન ગવાય તે તેમને ખૂબ ગમશે અને તેમના આત્માને સંતોષ થશે." આ સૂચન અમને ગમ્યું. તેથી અમે તે વિષે તેમને લખવાનું જણાવ્યું. તેમણે ત્રણેક વર્ષ પહેલાં શ્રાવણ માસ નિમિત્તે લોકસત્તા-જનસત્તામાં 'શિવતત્ત્વ' ના શીર્ષક હેઠળ લઘુ લેખો લખેલા તેજ લેખો જરૂરી ફેરફારો સાથે ફરીથી લખ્યા. તેમાંથી આ "શિવ દર્શન" લખાયું. તેમાં તેમણે ભગવાન શિવજીની ગુણગાથાની સાથે સ્વરચિત ગીતો તથા શિવ રહસ્ય પણ ઉમેયાઁ તેથી ભક્તિમય વાતાવરણ સર્જાયું. મારા પૂજ્ય પિતાશ્રી શિવ ભક્ત હોવાથી તેમને તથા અમારાં માતુશ્રી અને મુ. કાકાશ્રીને આવું તર્પણ ગમશે. ભગવાન શિવજી પણ ખુશ થશે અને સૌ પર તેમની કૃપા વરસાવશે. અંતમાં અમે સૌ અમારાં પૂજનિય માતા-પિતા તથા મુરબ્બી કાકાને પ્રણામ કરીને વિરમીયે છીએ. અમે સૌ પરિવાર જનો -

**સૌને નમસ્કાર સહ**

| | |
|---|---|
| ચિત્રકેતુ મહેન્દ્રભાઈ પટેલ | અ.સૌ. હર્ષાબેન ચિત્રકેતુ પટેલ |
| મિતેશભાઈ ચિત્રકેતુ પટેલ | અ.સૌ. દિપાલીબેન મિતેશભાઈ પટેલ |
| રિકેશ ચિત્રકેતુ પટેલ | અ.સૌ. ફેની રિકેશભાઈ પટેલ |

બાળકો : ચી. જીનલ મિતેશભાઈ પટેલ અને ચી. યશ રીકેશભાઈ પટેલ

અ.સૌ. હેતલબેન અજયકુમાર શાહ (પુત્રી)
શ્રી અજયકુમાર કિરીટકુમાર શાહ (જમાઈ)

- ૐ -

## કૃતજ્ઞ ભાવે....

મહેશ્વર શિવજીની મારી ઉપર અત્યંત કૃપાને કારણે મને કેટલાક અણધાર્યા લાભ થયા છે. આ લાભ ધન પ્રાપ્તિના નહીં પરંતુ તેનાથી વધારે કહી શકાય તેવા પ્રભુ વિચારોના પ્રસારણ માટે વિવિધ માધ્યમો દ્વારા થયા છે. તારિખ ૩૧-૭-૨૦૦૪ને દિવસે બપોરે લોકસત્તા-જનસત્તા તંત્રી સ્નેહી શ્રી અવિનાશભાઈ મણિયાર મારે ઘેર આવ્યા. તેમણે આખાય શ્રાવણ માસ દરમીયાન ભગવાન શિવજી ઉપર દરરોજનો એક લેખ આપવાનું જણાવ્યું જેની શરૂઆત બીજા દિવસથી થવાની હતી. તેમણે એમ પણ જણાવ્યું કે આજે રાત્રે આઠ વાગ્યા સુધીમાં પ્રથમ લેખ કાર્યાલય ઉપર પહોંચાડી દેવો. તેમણે હું એક માસ સુધી લેખન કાર્ય કરી શકીશ કે કેમ તે પૂછયું નહીં. પરંતુ સદ્ભાવ પૂર્વક લેખન કાર્ય સોંપી દીધું. થોડી ક્ષણો હું શૂન્ય મનસ્ક થઈ ગયો. પરંતુ મેં લખવાનું નક્કી કરી લીધું. હું શીવજી અંગે વિષય શોધતો હતો. અચાનક મને સ્ફૂરણા થઈ કે મારે ભગવાન શંકરનું રૂપ વર્ણન કરવું. ભગવાન શિવજીની ધ્યાનસ્થ મૂર્તિ મારી આંખો સમક્ષ ઉભી થઈ. તેમના મસ્તક ઉપરથી ખળખળ વહેતી ગંગાનું દ્રશ્ય દેખાયું. તે મારા લેખનો પ્રથમ વિષય બન્યું. આ રીતે મેં શીશથી ચરણ કમળ સુધીનું વર્ણન અઠ્ઠાવીસ લેખોમાં કર્યું જે 'શિવ તત્ત્વ' નામથી તા.૧-૮-૨૦૦૦ થી ૨૯-૮-૨૦૦૦ સુધી પ્રકાશિત થયું. તે માટે હું ભગવાન શિવજીનાં ચરણોમાં વારંવાર વંદન કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. તે સાથે મારા પરમ સ્નેહી અને હીતેચ્છુ શ્રી અવિનાશભાઈનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

કરુણાકર શંકર ભગવાનની ઈચ્છા વધુ માણસો સુધિ પહોંચવાની હશે અને મારા લખાણને પહોંચાડવાની હશે. તેથી મારા પરમ મિત્ર આત્મીયશ્રી ચિત્રકેતુભાઈએ તેમના પૂજ્ય પિતાશ્રી મહેન્દ્રભાઈ ઠાકોરભાઈ પટેલ તથા તેમનાં માતુશ્રી પૂજનીય ઈંદિરાબેન મહેન્દ્રભાઈ પટેલ અને તેમના કાકા મુરબ્બીશ્રી સુરેશભાઈ ઠાકોરભાઈ પટેલની પૂણ્ય સ્મૃતિ અર્થે સ્વજનોને તથા મિત્રોને દૈવી વાઙગમયની પ્રસાદી આપી શકાય તે માટે મને જણાવ્યું. મેં તેમને "શિવ તત્ત્વ" વિષેની વાત કરી. તેમણે કહ્યું મેં કેટલાક લેખો વાંચ્યા છે જે મને ગમ્યા છે. તે પણ પુસ્તક આકારે પ્રસિદ્ધ થઈ શકે. તેમણે આ વાત કુટુંબીજનોને જણાવી. સૌએ એક સ્વરે તે વાત સ્વિકારીને ભાવ પૂર્વક અનુમોદન આપ્યું.

હું તે બધાજ લેખો ફરીવાર વાંચી ગયો. વર્તમાનપત્રમાં લેખની મર્યાદા ને કારણે કેટલીક વાતો લખી શકાઈ ન હતી. બીજી કેટલીક ખામીઓ પણ મને જણાઈ તેથી તે લેખોમાં જરૂરી સુધારા વધારા કર્યા. ભગવાન શિવજીના સ્વરૂપમાંથી મળેલા તત્ત્વજ્ઞાનને ગેય બનાવવા માટે મેં તેમાં કેટલાંક સ્વરચિત ગીતો ઉમેર્યા; અને એક લેખ પણ ઉમેર્યો. એ રીતે પુસ્તિકાને નવો દેહ મળ્યો.

આજે તે "શિવ દર્શન" તરીકે પ્રકાશિત થઈ રહ્યું છે. તેનો હું આંતરિક આનંદ અનુભવું છું.

ભગવાન શિવજીના જીવનમાં ઘણું વૈવિધ્ય જણાય છે. તે પોતાનાં પત્ની સતિ કે જે બીજા જન્મે હિમાલયપુત્રી પાર્વતી બનીને પ્રગટયાં હતાં તેમના અગ્નિકુંડમાં બળેલા દેહને ખભે મૂકીને પૃથ્વી ઉપર ક્રોધના આવેગમાં ઘુમી રહ્યા હતા તે પ્રસંગ પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ કહી શકાય. તે એટલા બધાં દયાળુ છે કે માગવા આવનારની પાત્રતા અને પરિણામની પરવા કર્યા વિના તે જે માગે તે આપી દે છે. એવા તે ઉદાર છે. જગતમાં સાધુ કે ફકિરોએ જે આપ્યું છે. તેવું સંસારી કે ધનાઢય લોકોએ નથી આપ્યું. શિવજીના ચરિત્ર ઉપરથી આ વાત સમજાય છે. તે પરમ ત્યાગી છે. શંભુ ફક્ત આપે છે, કોઈ પાસે માગતા નથી. વળી તેમને આપ્યાનો જરા સરખો અહંકાર નથી.

કામ વિજયી ત્રિપુરારી શંભુ ગૃહસ્થ ધર્મનું પાલન કરતા હોવા છતાં પરમ ત્યાગી અને યોગીશ્વર છે. વિસર્જન કરનારા ઈશ્વર કલાઓના સર્જક નટેશ્વર નંટરાજ પણ છે. પર્વતની ટોચે કે સ્મશાન ભૂમિમાં વસનારા પ્રભુ વિદ્યાઓ, કલાઓ અને અનેક વિધ જ્ઞાન ના દાતા પણ છે. આમ ભગવાન શંકરના જીવનનાં અનેક વિવિધ પાસાંઓનું દર્શન થાય છે, તેમણે આપેલા સાહિત્યમાં આધુનિક વિજ્ઞાનનાં બીજ પડયાં છે. જરૂર છે તેમને ખોળનાર સુજ્ઞ પુરુષની. તેમને વિષે સ્વતંત્ર દળદાર ગ્રંથ લખી શકાય તેટલુ સાહિત્ય તેમણે વિશ્વને આપ્યું છે.

ભગવાન શિવજીના દિવ્ય અને અદ્ભુત ચરિત્રનું આચમન કરવાની જે તક મને આત્મીય ભાઈશ્રી ચિત્રકેતુ ભાઈએ આપી તે બદલ હું તેમનો ઋણી છું. તેમનાં ધર્મપત્ની અ.સૌ. હર્ષાબેન, મોટા પુત્ર મિતેશભાઈ તથા તેમનાં ધર્મપત્ની અ.સૌ. દિપાલીબેન તેમજ તેમના નાના પુત્ર રિકેશભાઈ તથા અ.સૌ. ફેનીબેન અને શ્રી ચિત્રકેતુભાઈના પુત્રી અ.સૌ. હેતલબેન શાહ તથા જમાઈશ્રી અજયકુમાર શાહ તે સૌ ભગવદ્ ભક્તોને સાદર નમસ્કાર કરું છું. શ્રી ચિત્રકેતુ ભાઈનાં પૌત્ર પૌત્રી ચી. જીનલ મિતેશકુમાર પટેલ અને ચી. યશ રિકેશ કુમારને પણ કેમ ભુલાય ? તે બાળ પુષ્પો ભગવાન શિવજીનાં ગમતાં થાય તેવી આશા રાખુ છું. અને તેમને આશીર્વાદ આપુ છું.

આત્મીય શ્રી ચિત્રકેતુ ભાઈએ તેમનાં માતા, પિતા અને કાકાશ્રીનું આ રીતે કરેલું તર્પણ તેમના પિતૃઓને આનંદિત કરશે. તથા અન્ય લોકોને નવી પ્રેરણા આપશે. શ્રી ચિત્રકેતુભાઈ તથા તેમનાં સૌ પરિવારજનો ઉપર કરુણાકર ભગવાન મહેશ્વર શીવજીની કૃપા વરસે એવી શુભ કામના સાથે હું વિરમુ છું.

આપનો,
દિનેશ પાઠક

# ક્રમ માલિકા


| પુષ્પ | ટાઈટલ | પાન નં. |
|---|---|---|
| ૧. | પતિત પાવન પ્રભુ | ૦૭ |
| ૨. | પાપીને પ્રભુ પાવન કરતા.... | ૦૯ |
| ૩. | પ્રકૃતિના સ્વામિ | ૧૧ |
| ૪. | નેત્ર મહિમા | ૧૩ |
| ૫. | સર્પ સજાવે શિવને | ૧૫ |
| ૬. | નીલકંઠ | ૧૭ |
| ૭. | રુદ્રાક્ષ-શિવજીના હર્ષાશ્રુ | ૧૯ |
| ૮. | યજ્ઞોપવિતં પરમં પવિત્રમ્ | ૨૧ |
| ૯. | ચતુર્ભુજ સંપદા | ૨૩ |
| ૧૦. | પ્રવૃત્તિ નિવૃત્તિની જુગલબંધી | ૨૫ |
| ૧૧. | ભસ્મ ને ભવ્યતાનું પ્રદાન | ૨૭ |
| ૧૨. | અદ્‌ભૂત વસ્ત્રો | ૨૯ |
| ૧૩. | જગ તરછોડે તેને શિવ સ્વિકારે | ૩૧ |
| ૧૪. | જો ભક્તિને જ્ઞાનની દ્રષ્ટિ મળે તો.... | ૩૩ |
| ૧૫. | શંભુ ગુણ સૌંદર્યના ચાહક | ૩૫ |
| ૧૬. | ભાવ સામે ભાગનું યુદ્ધ | ૩૭ |
| ૧૭. | શિવાલયમાં પ્રવેશ કરતાં | ૪૦ |
| ૧૮. | આદર્શ ગૃહસ્થાશ્રમ | ૪૨ |
| ૧૯. | અર્ધનારીશ્વર | ૪૪ |
| ૨૦. | જીવન માધુર્ય | ૪૬ |
| ૨૧. | સગુણ નિર્ગુણનું ઐક્ય | ૪૮ |
| ૨૨. | કામ દહન | ૫૦ |
| ૨૩. | શિવ નિવાસ | ૫૨ |
| ૨૪. | ગોકર્ણેશ્વર | ૫૪ |
| ૨૫. | શિવજીની નૃત્યલીલા | ૫૭ |
| ૨૬. | શિવ સ્વરૂપનો મર્મ | ૬૦ |
| ૨૭. | બાલકૃષ્ણના દર્શને શિવજી | ૬૩ |
| ૨૮. | શ્રાવણની શિવ ભક્તિ પછી શું ? | ૬૫ |
| ૨૯. | શ્રી શિવ ચરણે ..... | ૬૮ |



# શિવ પરિવાર

આદ્યશક્તિ માતા ને પિતા મહાદેવા,
વંદુ હું વારવાર શ્રીગણેશ દેવા.

## પુષ્પ : ૧ પતિત પાવન પ્રભુ

હે જગતનીયંતા પ્રભુ સદાશિવ ! હું અહરનિશ તમારું સ્મરણ કરું છું. જગતને માર્ગદર્શન આપવાની આપની રીત સાવ નિરાળી છે. આપ સામાન્યમાં સામાન્ય, મહાપાતકી, સર્વદુર્ગુણ સંપન્ન, સદા અતૃપ્ત, વિકારી અને અવિચારી ક્ષુદ્ર માનવોના આશ્રયદાતા છો. હે શંભુ ! તમે અપવિત્રને પણ પ્રેમથી પોતાના અંકમાં સ્થાન આપનારા પ્રભુ છો. તમારાં ગુણગાન દેવો, માનવો અને દાનવો સદાય ગાયા કરે છે. સામાન્ય માણસ જ્યારે આપને નિહાળે છે ત્યારે તેને લાગે છે કે મહાદેવે ઘણા પતિતોને સ્વીકાર્યા તેમ મને પણ સ્વીકારશે.

સામાન્ય જન ની નજર આપની જટા ઉપર પડે છે. તે જટામાંથી પતિતપાવની માતા ગંગા વહેતી જણાય છે. સામાન્ય માનવી તે નીરખીને રાજી રાજી થઈ જાય છે. તે સ્વગત કહે છે કે હું તો જન્મોજન્મનો પાતકી, મારાં પાપો હું કોને કહું ? જો લોકોને મારાં પાપો કહું તો તેઓ મને દૂર હડસેલી દેશે. સદ્‌ગુરુને કહેવાની હિંમત થતી નથી અને મિત્રો પાસે હાસ્યાસ્પદ ઠરું છું. પરંતુ મા ગંગા મને તેના પુણ્ય સલિલથી નવડાવીને શુદ્ધ કરશે. મા ગંગા ! તારો આશ્રય મને નિર્ભય અને પવિત્ર બનાવે છે.

મા ભાગીરથી ગંગા તેને આશ્વાસન આપતાં કહે છે કે હે વત્સ ! હું તારા મનની વાત જાણી ગઈ છું. જો સાંભળ. હું તો સ્વર્ગની નિવાસી હતી. રાજા ભગીરથે અતિ કઠીન તપશ્ચર્યા કરી. તેણે મને પૃથ્વીપર વિહરવાની વિનંતી કરી. હું તો દેવોના સ્વર્ગમાં વિચરનારી હતી. મને એમ લાગેલું કે પૃથ્વીનાં વામણાં નર-નારી વચ્ચે જાઉં તો મારી પ્રતિષ્ઠા કેટલી ? એટલે મેં બહાનું કાઢયું કે હું પૃથ્વી ઉપર આવું તો ખરી પણ મન કોઈ ઝીલનારું જોઈશે. નહીં તો હું પાતાળમાં પ્રવેશી જઈશ. એ સાંભળીને ભગીરથે પરમ કલ્યાણકારી શિવજીને પ્રસન્ન કર્યા. ભોળાનાથ તો લોકકલ્યાણ માટે તૈયાર થઈ ગયા. મેં અતિવેગે અવતરણ કર્યું પરંતુ શિવજી એક તલભાર ડગ્યા નહીં મુશ્કેલી તો મને એ થઈ કે હું તેમની જટામાં ગુંચવાઈ ગઈ. મારી દર્દભરી પ્રાર્થના તેમણે સાંભળી અને મને માર્ગ આપ્યો. એમના મસ્તિષ્કના સ્પર્શથી મને જ્ઞાન પ્રાપ્તિ થઈ. મરો અહંકાર ઓગળી ગયો. તેમના જ્ઞાન પ્રસાદથી હું પવિત્ર બની. તે પછીથી હું કેવળ જલવાહિની ન રહેતાં જ્ઞાનવાહિની બની ગઈ. અજ્ઞાન સૌથી મહાન પાતક છે. જ્ઞાન પ્રસાદની

પ્રાપ્તિ થતાં જ અજ્ઞાન અને પાપોનાં જાળાં ધોવાઈ જાય છે. તે કારણે મેં (ગંગાએ) સહુનાં પાપો ધોવાનું કાર્ય હાથ ધર્યું છે. ઓ માનવ તું મારા જ્ઞાન પ્રવાહમાં સ્નાન કર. હું જળપ્રવાહથી તન સાફ કરીશ. તે સાથે તારા મન અને બુદ્ધિનું શુદ્ધિકરણ જ્ઞાનપ્રવાહથી કરીશ, શિવનો અર્થ થાય છે જ્ઞાન અને કલ્યાણ. એ શિવજી તને શુદ્ધ, બુદ્ધ તો કરશે જ પરંતુ પાવન પણ કરશે. ભગવાન શંકર તો અતીશય પ્રેમાળ છે. તેથી તેમના સંપર્કથી હું જ્ઞાન ગંગાની સાથે ભાવગંગા પણ બની છું. જ્ઞાન અને ભાવ પ્રેમના સમન્વયથી સાચો "વિવેક" (Wisdom) જન્મે છે.

હે કરુણાકર પરમેશ્વર ! ગંગાએ પાપીને પણ પૂણ્યશાળી કરવાનું વ્રત લીધું તેથી આપે એક સમયની અહંકારી ગંગાના દુર્ગુણ ભૂલીને પોતાના મસ્તક ઉપર સ્થાન દીધું. જ્ઞાન ગંગા તો વહેતી જ રહેવી જોઈએ. તેનાથી વ્યક્તિ અને સમાજ અજ્ઞાનની જડતા અને દુર્ગુણોના ઝેરથી મુક્ત રહે છે. તે સાથે ભાવગંગા પણ છલકતી રહેવી જોઈએ. તેના પ્રસારણથી વ્યક્તિ, કુટુંબ અને સમાજ પ્રેમતંતુથી બંધાયેલાં રહે છે. સમાજ સ્થિર અને સમતોલ બને છે. હે કૃપાનિધિ ! ગંગાજી દ્વારા આપ સમાજને નીતિમાન, જ્ઞાનવાન અને ભગવાન બનાવો છો. આપને મારાં અનંત પ્રણામ છે. પ્રભુ ! આપ તેનો સ્વીકાર કરો.

- ૐ -

**॥ બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે ॥**

***ભક્ત નરસિંહ મહેતાએ તેમનાં ભાભીનાં મ્હેણાં-ટોણાથી કંટાળીને ગૃહત્યાગ કર્યો. તે નગરની બહાર એક ખંડેર શિવાલયમાં ગયા અને તેમણે કરુણાકર ભગવાન શંકરની તપશ્ચર્યા કરી. શિવજી પ્રસન્ન થયા અને વરદાન માગવા માટે જણાવ્યું. ભક્ત નરસિંહે પોતાને માટે કશું જ માગ્યું નહીં, તેમણે કેવળ પ્રભુ ભક્તિ માગી. અત્યંત પ્રસન્ન થયેલા શંકર ભગવાને નરસિંહ મહેતાને કરતાલ આપ્યાં અને કહ્યું કે તું શ્રીકૃષ્ણ ભક્તિનો પ્રચાર પ્રસાર કર. તે પછીથી શિવજીએ નરસિંહ મહેતાને વૈકુંઠમાં સદેહે લઈ જઈને ભગવાન શ્રીકૃષ્ણ તથા રાધાજીનાં દર્શન કરાવ્યાં ત્યાં તેમણે ખુલ્લાં નેત્રે અને શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય રાસલીલા નીહાળી. તે પછીથી નરસીંહે શ્રીકૃષ્ણનાં ગુણગાન ગાયાં અને તત્ત્વજ્ઞાન સભર ગીતો રચ્યાં. ભગવાન શંકર ઉદાર ચિત્ત ઈશ્વર છે. તે 'સ્વ' ને ભૂલીને સર્વસ્વમાં વીલસી રહ્યા હોવાથી મારા-તારા ભેદથી પર છે. માટે જ તેમણે ભક્ત નરસિંહ મહેતાને પોતાની ભક્તિ કરવાનું કહેવાને બદલે મુરલી-મનોહર ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવાની આજ્ઞા આપી.***

## પુષ્પ : ૨ પાપીને પ્રભુ પાવન કરતા....

હે કરુણાકર પ્રભુ ! આપની જટામાંથી નીકળેલી જ્ઞાન નિર્ઝરી, પતિત પાવની ગંગાનાં જળથી જીવન ઉગે છે (વનસ્પતિ), જીવન ટકે છે અને જીવન વધે છે. જ્ઞાન પ્રવાહના પ્રતિક સમી ગંગામાતા સમજાવે છે કે જ્ઞાન જડ મનુષ્યમાંથી ચૈતન્યમય દિવ્ય પુરુષનું સર્જન કરે છે. જ્ઞાન દ્વારા સદ્‌વિચારો, શાસ્ત્રો અને ધર્મને ટકાવે છે અને માનવને "જીવમાંથી શિવ" કરે છે. શિતલ ગંગા પ્રવાહ જેવું જ્ઞાન સદાકાળ વહે છે અને જીવનદાયી થાય છે. શિવ સ્પર્શવાળું જ્ઞાન પોષક બને છે - શોષક નહીં, ચાહક બને છે - દાહક નહીં અને તારક બને છે - મારક નહીં.

હે પ્રભુ ! સામાન્ય જનનો પ્રતિનિધિ એવો હું તમારી જટામાંથી રેલાતી ફેલાતી ગંગામાંઈનો વિચાર કરતો હતો. ત્યાં જ આપની જટા ઉપર બીજનો ચંદ્ર શોભી રહ્યો હતો ત્યાં દ્રષ્ટિ ગઈ. અત્રિપુત્ર ચંદ્રનાં લગ્ન દક્ષ પ્રજાપતિની પુત્રીઓ સાથે થયેલાં. ભોગ વિલાસના શ્રૃંગાર રસમાં તરબોળ ચંદ્ર પોતાની પત્નીઓ સાથે વિહાર કરી રહ્યો હતો. તેમાંય પોતાની પત્નીઓમાં અમુક માનિતિ તો કેટલી અણમાનિતિ એમ ભેદભાવભર્યો વર્તાવ કરી રહ્યો હતો. આ વાત જ્યારે દક્ષ પ્રજાપતિએ જાણી ત્યારે ક્રોધે ભરાઈને તેણે ચંદ્રને શાપ દીધો કે તને ક્ષય (ટી.બી.) થજો. આ વાત જાણીને ચંદ્રની પત્નીઓએ પિતા દક્ષને વિનવણી કરી કે જો ચંદ્રને ક્ષય થશે તો અમારું સૌભાગ્ય ચાલ્યું જશે. દક્ષે પુત્રીઓની વિનંતી સાંભળીને જણાવ્યું કે તે પંદર દિવસ ઘટશે (તેનો ક્ષય થશે) અને પંદર દિવસ વધશે. આ ઉકેલથી ચંદ્ર પત્નીઓ એટલે કે દક્ષ પુત્રીઓ રાજી થઈ.

ચંદ્રે પોતાના પાપનું પ્રક્ષાલન કરવા માટે ભગવાન શિવજીની તપશ્ચર્યા કરી. તેણે શિવ આરાધના કરીને પોતાની ભૂલોનું પ્રાયશ્ચિત કર્યું. ભગવાન શિવજી ચંદ્રની ભક્તિ જોઈને પ્રસન્ન થયા. તેમણે ચંદ્રના નાથ તરીકે ચંદ્રે જે સ્થળે તપશ્ચર્યા કરેલી ત્યાં વાસ કર્યો. આજે તે સ્થાન સોમનાથ તરીકે પ્રસિદ્ધ છે.

હે કરુણાકર શંભુ ! આપની કૃપાથી મને સમજાયું કે ચંદ્ર તો મનનું પ્રતિક છે. મનને ભોગો પ્રિય છે. વાસનાઓ ઈચ્છાઓનું જન્મસ્થળ મન છે. તેમાંથી જન્મતી અનંત વાસનાઓ અનંત ભોગો માગે છે.

ભોગોમાં જકડાયેલું મન ભાવ, ભક્તિ અને ભગવાનથી દૂર થઈ જાય છે. છેવટે તે રોગોને નોતરે છે. રોગ તન અને મનને નુકસાન કરે છે. આવી પરિસ્થિતિમાં હે દયાનિધિ શંકર ! તમે શરણે આવેલાના રોગોનું શમન કરો છો અને મનને પવિત્ર કરો છો. આપની કૃપાથી ભક્તિનો ઉદય થાય છે.

વાસનાની વિષવેલ જે સઘળી દિશાઓમાં ફેલાતી હોય છે તેનો આપ નાશ કરો છો. તે પછીથી આપની કૃપાથી દિવ્યપ્રેમની વેલ ઉછરે છે. આપના કૃપા - કટાક્ષથી ચંદ્રનો (મનનો) ક્ષય તો દૂર થાય જ છે, પરંતુ તે શુકલ પક્ષની બીજની જેમ આપે વધતા જતા ચંદ્રને પોતાના મસ્તક પર સ્થાન આપીને સ્ખલનશિલ ચંદ્રનું ગૌરવ વધાર્યું છે. હે પાપનાશક મહાદેવ ! આપ અનેક પાપીઓનો ઉદ્ધાર કરીને તે સૌનો સ્વીકાર કરો અને વાસનાથી ક્ષીણ થયેલા મનને આપની દિવ્ય કૃપાથી પુષ્ટ કરો. શાસ્ત્રમાં કહ્યું છે કે "**मन एवं मनुष्याणां बंध कारण मोक्षयोः** ।" (મન જ મનુષ્યોને જન્મના બંધનમાં નાખે છે અને મન દ્વારા જ મોક્ષ મેળવી શકાય છે) હે જીતેન્દ્રિય ! હે કામરીપુ ! તમે મનને પશુતાના કીચડમાંથી કાઢીને પ્રભુતાના પ્રકાશમય સ્વરૂપમાં પ્રવેશ કરાવો. હે સંકટહર ! આજ દિવસ સુધી હું મારા મનનો માલીક બની બેઠો હતો. તેથી હું અસંતોષી, દુરાચારી અને પાપી બની ગયો. પરંતુ હવે હે કૃપાનાથ તમે મારી વિનંતિને સાંભળો -

✠ મારા મનનો માલીક થઈ આવ - રે,
મારા મનનો માલીક થઈ આવ....

✠ કાયા ચંદનકાષ્ટ બનાવું, ઘસવી તારે કામ
કર્મફળનું લેપન તું કરજે, પામીશ હું આરામ ..... રે મારા

✠ કાંટાળા માનવ જીવનમાં, ફૂલ થઈ મ્હેંકવું નાથ
એવી ફોરમ જો તુજને ગમશે, તો તો ખુશ થઉં નાથ ..... રે મારા

✠ પંખીના કંઠે જઈ બેસું, ગાવાં તારાં ગાન
રોતાં દિલડાંને બહેલાવું, નાચજે થઈ નટરાજ ......રે મારા

- ॐ -

## પુષ્પ : ૩ પ્રકૃતિના સ્વામી

હે મહેશ્વર ! આપે ચંદ્રના ચંચળ સ્વભાવને ભોગમાંથી નિવૃત્ત કરીને યોગ દ્વારા તમારી નિકટ સ્થાપીને સ્થિરતા આપી. ભોગો. મનને ચંચળ કરીને વિશ્વની સઘળી સીમાઓ ઓળંગાવી દે છે. તેજ મન જો સ્થિર બને તો આપને શરણે લાવે છે. હા, ચંદ્ર કલાપ્રિય છે, તે સુખદ છે અને તેમાં માધુર્ય છે. હે નટેશ્વર ! ચંદ્રના કલાતત્વનો આપે સ્વીકાર કર્યો અને તેને પણ તમે શીશ ઉપર ધર્યો. ગગનના રહેવાસી ચંદ્રનો વૈભવ માણવા જેવો છે.

નભ મંડળની ધવલ ધરા પર, તારલિયાનો મેળો
વચ્ચે હસતો રમતો, શોળ કળાએ ચંદ્ર ખીલેલો...
દેખો વૈભવ પૂનમ કેરો ....... (૧)
અંધકાર વ્યાપ્યો ચૌદિશે, તો પણ ક્રમશઃ વધતો,
વધતો પણ ના મિથ્યા વાણી, મૌન ધરીને ધપતો
એતો શૂન્યથી સૃષ્ટિ સૃજતો ....(૨)
ખીલતો ખૂદને વિકસીત થાતો, ઔષધ પુષ્પ ખીલવતો,
યૌવનના હૈયે એ વસતો, કવિની કલમે રમતો,
'ચંદામામા' બાળ હૃદયનો .....(૩)
હાસ્ય શિતળતા પરવિકસનને જીવન શક્તિ દેતો
સર્જન કરી પરકાજ વિસર્જન, સૌ હૃદયોમાં વસતો,
અમને જીવનકલા શીખવતો ...(૪)

હે પ્રભુ ! હવે મારી નજર આપના ભવ્ય લલાટ ઉપર સ્થિર થઈ. ત્યાં ત્રણ આડી રેખાઓ ખેંચાયેલી દીઠી. ચંદનથી રચાયેલી આ ત્રણ રેખાઓ દ્વારા દોરાયેલુ ત્રિપૂંડ જાણે કે સમગ્ર વિશ્વને આવરી લેતું હતું. પૃથ્વી ઉપર માનવસર્જીત કર્ક વૃત્ત, વિષુવવૃત અને મકરવૃત દોરાયેલાં હોય તેમ તે લાગતું હતું. હે હર ! તે ત્રિપુંડ તમારા કપાળ ઉપર તામસિક રાજસિક તથા સાત્વિક પ્રવૃત્તિના નકશાની જેમ દોરાયેલું હતું. આપે સમગ્ર પ્રકૃતિને સત્ત્વ, રજ અને તમોગુણથી રચી છે.

હે સદાશિવ ! આપ જ્ઞાન અને કલ્યાણ સ્વરૂપ છો. આપ જ્ઞાનદીપ પ્રગટાવીને જીવાત્માની ઉત્તરોત્તર પ્રગતિ કરો છો. પ્રાણી સૃષ્ટિ તમસથી ઘેરાયેલી છે. મનુષ્ય યોનિનો મોટો ભાગ પણ તમસથી ઘેરાયેલો છે. તમસ એટલે અજ્ઞાન

અને જડતા. તમસ પ્રમાદનો જનક છે. તે અહંકારને વધારે છે. આ તમસને કારણે ભસ્માસૂરો સર્જાયા છે. તમસે તો રાવણો સર્જ્યા છે. આ તમસ પુત્રોએ કામુક્તાનુ નગ્ન તાંડવ કર્યું છે. તો બીજાની સંપત્તીનું હરણ કર્યું છે.

ક્રૂર, ઘાતકી, દૂરાચારી હીટલરો અને આધુનિક ભારતના ભ્રષ્ટ રાજકારણીઓ તેનાં જ પરિણામો છે. તમસ અહંકેન્દ્રિત વ્યક્તિત્વો સર્જે છે. આસુરી, રાક્ષસી અને પૈશાચિક (ભૂત-પ્રેત જેવું) જગત તે તમસની દેણ છે. ત્રિપુંડની નીચેની પ્રથમ રેખા તમસના વિસ્તારનું પ્રતીક છે. હે મહેશ! તમે રાવણ જેવા તામસી મનુષ્યોને પણ શરણે લઈને તેમની ઉર્ધ્વગતિ કરી છે.

રાજસ પ્રકૃતિ એટલે કેવળ અસ્તિત્ત્વ માટે જીવવું કે ઝૂઝવું. એટલું જ નહીં, પરંતુ એશોઆરામથી જીવવું અને વિવિધ ભોગો ભોગવવા. સૂરા અને સુંદરીનો સહવાસ માણવો. આમ મનુષ્ય જીવનને વાસનાઓના લોખંડી સળીયા પાછળ કેદ કરી દેવું. પ્રભુ ! તમારી કૃપાથી તમસમાંથી રાજસિક પ્રકૃતિમાં ઉંચે ગયેલો માનવ ભોગોની કેદને તોડીને આગળ વધે છે. તે વચલી રેખા દર્શાવે છે.

હે કૃપાળુ ! આપની કૃપાથી તમાસિક અને રાજસિક ગુણો ભેદીને માનવી સાત્વિક બને છે. આપની કૃપા તેની ઉપર સતત વરસતી રહે છે. આપે માર્કંડેય ઋષિને ઉગાર્યા અને દીર્ઘાયુષ્ય દીધું. તે પછીથી તમે તેમને મોક્ષપદ દીધું. તે ત્રીજી ઉપરની રેખા સમજાવે છે. આપ, આપને શરણે આવેલા તામસિક અસુરો, રાજસિક મનુષ્યો અને સાત્વિક ઋષી-મુનિઓ તેમજ દેવોને અનુગ્રહ કરીને બ્રહ્મપદ બક્ષો છો. આપનું તિલક ત્રિપુંડ ત્રિવિધ પ્રકૃતિના વ્યાપનો નિર્દેશ કરે છે અને તેના સ્વામી આપ જ છો તેવું દર્શાવે છે. ત્રિપૂંડ વચ્ચેનો ચાંદલો પ્રકૃતિને સમેટી લીધા પછીના નિર્ગુણ તત્ત્વનો નિર્દેશ કરે છે. અમારી દુવૃત્તિઓનું હણીને પરમ પદ અર્પો. ઉપનિષદે એટલે તો ગાયું છે કે -

असतो मा सत् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योमाऽमृतं गमय ।

હે પ્રભુ મને અસત્યોમાંથી સત્ય તરફ લઈ જાવ, (અજ્ઞાન રૂપી) અંધકારમાંથી (જ્ઞાનરૂપ) પ્રકાશમાં લઈ જાવ અને મૃત્યુમાંથી અમરત્વમાં લઈ જાવ.

હે સદાશિવ ! આપ તો મૃત્યુની મરુભૂમિ જેવા સ્મશાનમાં પણ શ્રેષ્ઠ જીવન સૌંદર્યનાં "બ્રહ્માનંદ પુષ્પો" ખીલવો છો.

- ૐ -

## પુષ્પ : ૪ નેત્ર મહિમા

હે યોગીશ્વર ! આપનાં નયનો મનોહારી અને કલ્યાણકારી છે. સૌને બે આંખો હોય તેની નવાઈ નથી, પરંતુ આપને ત્રણ આંખો છે તેની કંઈક નવાઈ લાગે છે તેથી આપ ત્રિનેત્ર કહેવાયા છો. તમારું ત્રીજું નેત્ર બે ભ્રૂકુટીની વચ્ચે કપાળની મધ્યમાં હોવાથી તમારું સ્વરૂપ, જ્યારે ત્રીજું નેત્ર ખુલે ત્યારે, કદરૂપું લાગે છે. તેને કારણે આપ વિરૂપાક્ષ પણ કહવાયા છો. હે શંભુ ! તેમ છતાંય ભક્તજનોને તો આપ અનહદ પ્યારા લાગો છો. આપનાં ત્રણે નેત્રો ભક્તોને જુદા જુદા ભાવોનું દર્શન કરાવે છે.

માનવ જીવન કેવળ અન્ન અને જળથી પોષાતું હોત તો બાળક કેવી રીતે જીવી શકત ? તરતનું જન્મેલું બાળક જાતે હવા લઈ શકે, પરંતુ અન્ન અને જળ તો કારુણ્ય સભર માતા જ આપે. આપ કરુણામય છો. આપની એક આંખમાંથી સતત કરુણાની વર્ષા વરસ્યા કરે છે. તમે સરળ હૃદયના છો, તેથી ભોળા છો. તે કારણે તમે ભોળાનાથ બન્યા છો. તમારું ભોળપણ તે ભોટપણું નથી પણ એ તમારી સરળતા છે. તમારાથી કોઈનું યે દુ:ખ જોઈ શકાતું નથી. તે કારણે તમારી આંખમાંથી કારુણ્ય પ્રગટે છે. તમારા આ કરુણામય સ્વભાવને કારણે ક્રુર દાનવો, પાક્કા માનવો અને ચાલાક દેવો તમારી પાસેથી તેમની ઈચ્છાઓ પૂરી કરાવી જાય છે.

તમારી બીજી આંખમાંથી પ્રેમરસ ઝરે છે. કરુણામાં પોતાના ભક્ત માટે તમને ચિંતા થાય છે. તે માટે તમે સતત તેમની સંભાળ લો છો. પરંતુ તમે સરળ અંત:કરણના અને બાહ્ય આડંબર વગરના ભક્તોને પ્રેમરસમાં તરબોળ કરી દો છો. તમે તેવા ભક્તો અને તમારી વચ્ચે કોઈ ભેદ રાખતા નથી. તમે ભક્ત અને ભગવાન (શિવ પોતે) વચ્ચે અદ્વૈત સાધો છો. જો તમે આવા પ્રેમાળ ન હોત તો રાવણ અને ભસ્માસુર આવાં વરદાન પામ્યાં ન હોત. તમારી બીજી આંખ પ્રેમની દ્રષ્ટિ રેલાવે છે.

મસ્તિષ્ક, જ્ઞાનનું જન્મસ્થળ છે. બે આંખોની વચ્ચેના ભાગમાં આજ્ઞા - ચક્ર આવેલું છે. ત્યાં આપનું ત્રીજું નેત્ર છે. આ જ્ઞાન નેત્ર છે. તે જરૂર પડ્યેજ ખુલે છે. આ જ્ઞાનનેત્રમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રગટે છે. તે જ્યારે ખુલે ત્યારે પ્રલય

સર્જાઈ જાય. હે પ્રભુ ! તમારી એ વાત સમજવી અઘરી છે કે જ્ઞાન ગંગાનો પ્રવાહ શિતળ છે. તો હે નાથ ! આપની ત્રીજી આંખમાંથી જ્ઞાનાગ્નિ કેમ ભભૂકે છે ? વિચાર કરતાં સમજાય છે કે ખેડૂત જેમ વર્ષાની ધોધમાર હેલી પહેલાં ખેતર સાફસૂફ કરીને કચરો બાળી દે છે તેમ આપ પણ અંતઃકરણની ભૂમિમાંથી વિકારોનો કચરો જ્ઞાનાગ્નિથી બાળી નાંખો છો. તે પછીથી જ્ઞાનગંગા રેલાવીને સદ્‌ગુણોની હરિયાળી ઉગાડો છો. ભક્ત જ્યારે હૃદયમાં સદ્‌ગુણોનું ઉપવન સર્જે, એના મનના મધુકર તમારા ગાનમાં મગ્ન થઈને ગુંજે અને જીવનમાં ઉલ્લાસની વસંત ફોરે ત્યારે તમે તેવા ભક્તના જીવનને ધન્ય કરવા દર્શન આપો છો.

હે પ્રભુ ! તમારો નેત્રમહિમા મહાન છે. જરૂર છે અમારા જેવા ભક્તોએ પોતાની આંખો ખોલવાની. તમે તો અર્ધી આંખ ખુલ્લી રાખીને જગતનો ખ્યાલ રાખો છો અને અર્ધી બંધ આંખે ભક્તોનો પ્રેમ વાગોળો છો. હે શિવ ! હું તમારો કૃપાકટાક્ષ યાચું છું.

- ૐ -

### રસના રટતી શંકર શંકર

*રસના રટતી શંકર શંકર,*
*રસના ના લાગે બીજો અંતર.......*
*કરુણાની ગંગા શીશ છલકે,*
*ને સ્નેહ શશી ભાલે મલકે,*
*સ્મિત હોઠે રમતું નિરંતર ......... રસના રટતી....*
*દેવો દાનવ કે માનવ હો,*
*ભૂત ટોળી એની પાછળ હો,*
*એ લાગે સૌને પરમેશ્વર ......... રસના રટતી....*
*વિષ્ણુએ નયન કમલ દીધું,*
*શિવે હોંશે હોંશે લીધું,*
*ભક્તિને જ્ઞાન નયન દે હર.........રસના રટતી....*
*એકાંત સ્મશાન મહીં રમતા*
*જ્યાં વિવિધ વાસના શબ જલતાં*
*જીવન મુક્તોના યોગીશ્વર ..........રસના રટતી....*

## પુષ્પ : ૫ — સર્પ સજાવે શિવને

આભૂષણો દેહના નૈસર્ગિક સૌંદર્યમાં વધારો કરે, પરંતુ હે નાગેન્દ્રશિવ! તમારાં આભૂષણ આવાં કેવાં ? અને તેય પાછાં સજીવ ! તમે ગળામાં નાગનાં અલંકારો ધર્યા. હાથના બાજુબંધ, કટીબંધ અને કાંડાનાં કંકણ પણ સર્પોના જ ધર્યા ! આપના દેહ પર ફરતા સર્પ અલંકારોથી તમે શોભી ઉઠો છો.

સર્પ જીભના લપકારા અને ફૂંફાડા માર્યા કરે. છતાંય આપ તો શાંત અને સસ્મિત વદને મલકતી આંખે સર્પોના વિલાસને જગતના ખેલની જેમ નિરખી રહ્યા છો. તમારાં આ બિહામણાં સર્પ આભૂષણોની કાળ લીલા મારા જેવા પામર જીવને ગભરાવી દે છે.


હે નાથ ! તમારા નયનને પલકારે સૃષ્ટિનું સર્જન થાય છે અને, ક્ષણ માત્રમાં તમે વિશ્વનાં સમસ્ત જીવોનું ભરણ, પોષણ અને રક્ષણ કરો છો. તો પલકમાત્રમાં તમે વિનાશ પણ કરો છો. હે પ્રભુ ! સર્પો જો કાળનું સ્વરૂપ હોય તો આપ કાળના પણ કાળ એવા મહાકાળ છો. તે કારણે આપનું જે શરણું સ્વીકારે છે. તેની પાસે કાળનું પણ કાળજુ કંપે છે.

એક બીજી વાતનું પણ સ્મરણ થયું. સાપ જેમ પોતાના શરીર ઉપરથી કાંચળી (ચામડી) ને પોતાની જાતે જ ઉતારી નાખે છે તેમ ભક્તે પણ ભીષણ ઘટનાઓનાં સ્મરણોની કાંચળી ઉતારીને ભગવાનની ભવ્યતાનું દર્શન કરવું જોઈએ. પ્રભુભક્તે વાસનાની કાંચળી ઉતારીને ઇશ ભક્તિમાં લિન થવું જોઈએ. વાસનાની કાંચળી ઉતરતાં જ વિશ્વેશ્વરનાં દર્શન થશે. ક્રોધ અને વેરની કંચળી ઉતરી જતાં શાંતિ, સદ્ભાવના અને પ્રેમ સ્વરુપ શિવની પ્રાપ્તિ થાય છે.

એકકોષી અમીબાથી શરૂ કરીને બહુકોષી પ્રાણીઓ પછીથી મનુષ્યનું શરીર મળે છે. મનુષ્યનો જીવાત્મા આ અગાઉ પશુઓ, પક્ષીઓ અને કૃમીકીટક જેવી ચોર્યાસી લાખ યોનિઓમાંથી ભટકતો ભટકતો મનુષ્ય યોનિમાં આવ્યો હોવાથી મનુષ્યમાં પાશવિક ગુણો દેખાય છે. કદાચ તે કારણે જ તે વિષય વાસનામાં ગળાડૂબ ડૂબેલો જણાય છે. મોટેભાગે મનુષ્યોનો મોટો સમુદાય આહાર, નિંદ્રા, ભય અને મૈથુનમાં રચ્યો પચ્યો જણાય છે. ભોગોનો ગુલામ માનવ રોગોનો શિકાર બની જાય છે. તે જોયા પછીથી હે સદાશિવ ! તમારા

આભૂષણ નાગનો અર્થ સમજાય છે. સાપનું ઝેર તેના દાંતમાં હોય છે. જો દાંત પાડી નાખવામાં આવે તો ઝેર રહેતું નથી. તેમ ભોગોના ઝેરી દાંત પાડી નાંખવામાં આવે એટલે કે ભોગોને સીમિત માત્રામાં ભોગવાય તો ઝેર ચઢતું નથી. પછી જેમ સાપ શરીર રમ્યા કરે તેમ ભોગોને રમાડી શકાય છે.

સિદ્ધ યોગાચાર્ય યોગ સાધના કરનારની અંતિમ પરીક્ષા વખતે સર્પ દંશ કરાવે છે. સાધકને સમાધિમાં બેસાડીને આચાર્ય તેનું નિરીક્ષણ કરે છે, જ્યારે સાધક સમાધિ અવસ્થામાં હોય ત્યારે આચાર્ય સર્પ દંશ કરાવે છે. જો સાધકે પોતાની નાડીઓ ઉપર અંકૂશ મેળવ્યો હોય તો તેને ઝેર ચડતું નથી પણ ફક્ત કાળો ડાઘ પડી જાય છે. પરંતુ જો ઝેર પ્રસરવા માંડે તો સાધકનો નાડી ઉપર અંકુશ નથી તેમ ગુરુ સમજી જાય છે. તે પછીથી ગુરુ તેનું ઝેર ઉતારી નાંખે છે. માટે હે યોગીશ્વર શિવજી ! તમે પણ તે માટે જ સર્પો ધારણ કર્યા છે કેમ ખરું ને ? કદાચ તે જ કારણે દેવો સાથે નાગ જોડાયેલો છે. ગણેશજીની કમરે નાગ છે તો વિષ્ણુ ભગવાનનું શેષ શૈય્યા ઉપર શયન જાણીતું છે. કૃષ્ણ ભગવાનનું નાગદમન, મહાવીર સ્વામી તથા સંત એકનાથ ઉપર નાગની છત્રછાયા વિગેરે બાબતો યોગીશ્વરો સાથેનો સંબંધ દર્શાવે છે. આ અગાઉ યોગાચાર્ય યોગ સાધકની પ્રમાણમાં સહેલી છતાં અતિ મહત્ત્વની પરીક્ષા લે છે. સાધક પરીક્ષા આપવા માટે સમાધીમાં બેશે તે અગાઉ તેને ખબર ન પડે તે રીતે ભાંગનું પીણું પીવડાવે છે. તે પછી સાધક ધ્યાનમાં બેસે છે. જો તેને જડ નિદ્રા આવે તો ગુરુ સમજી જાય છે કે સાધક ભાંગના વિષને પચાવી શકે તેમ નથી. પરંતુ જો સાધક યોગનિંદ્રા અર્થાત્ સમાધીમાં પ્રવેશ કરે ત્યારે તેણે પોતાની નાડીઓ ઉપર અંકુશ મેળવ્યો છે અને ભાંગના ઝેરને પ્રસરવા દીધું નથી તેવું સીદ્ધ થાય છે. માટે ગુરુ આવા સાધકને યોગ પરીક્ષામાં ઉત્તીર્ણ કરે છે. હે નાગેશ શંભુ ! હે મહાકાલ ! અમારું રક્ષણ કરો અને શરણમાં સ્થાન આપો.



## પુષ્પ : ૬ નીલકંઠ

હે મહેશ્વર ! આપના મુખારવિંદને નિરખતાં નિરખતાં સમાધિ લાગી જાય છે. આપનાં મોહક નેત્રો મન લોભાવે છે. આપનું નાક માનવને તેની સાચી ઓળખાણ આપી જાય છે, જ્યારે શ્વાસ લેવાય ત્યારે સ...હ્...હ્...હ્ ધ્વનિ સંભળાય છે. શ્વાસ બહાર કાઢતાં ઉચ્છ્વાસ વખતે હ...મ્...મ્...મ્ ધ્વનિ સંભળાય છે. જ્યારે સઃ અને હમ સાથે મુકાય ત્યારે સોડહમ શબ્દ બને. સોડહમ એટલે "તે હું છું". સામાન્ય રીતે માણસની શોધ 'સોડહમ'ની છે. "સોડહમ" એટલે "તે હું છું". સામાન્ય રીતે માણસ કોડહમ હું કોણ છું? એમ પૂછે છે. તેનો જવાબ છે કે હું તે પરમ તત્ત્વ છું. પ્રભુ ! આપ પોતાના 'હું' સાથે એકાકાર થઈને આત્માનંદમાં મગ્ન રહો છો. આપના કાન પણ જાણે બ્રહ્મનો અનાહત નાદ સાંભળવામાં નિમગ્ન બની ગયા છે.

હે કૃપાળુ ! તમે તો બીજાની પીડાઓને હરનારા "હર" છો. તમે અન્યની મુશ્કેલીઓને દૂર કરવા પોતાની પણ પરવા કરતા નથી. દેવો અને દાનવો કદીય ભેગા બેસી શકે નહીં. પરંતુ એક સમયે તે શક્ય બન્યું. સમુદ્ર સમૃદ્ધિનો સ્વામી ગણાય છે. દેવ દાનવોએ સમુદ્ર મંથન કરવા માટે સંયુક્તપણે નિર્ણય લીધો. તેમણે મેરુ પર્વતનું વલોણુ બનાવ્યું. વાસુકી નાગે દોરડું બનીને વલોણુ ફેરવવાની સંમતિ આપી. બન્ને પક્ષોએ અમૂલ્ય સંપત્તિ તેમજ અમૃત મેળવવા માટે ઉત્સાહપૂર્વક સમુદ્ર મંથનની શરૂઆત કરી, પરંતુ તે સૌના દુઃખદ આશ્ચર્ય વચ્ચે તેમાંથી સૌ પ્રથમ ઝેર નીકળ્યું. આ હળાહળ ઝેર નીકળતાં હાહાકાર મચી ગયો. જો આ ઝેર ફેલાય તો દેવ-દાનવથી માંડીને સમસ્ત સૃષ્ટિનો નાશ થઈ જાય. ઘણા વિચારને અંતે દેવો અને દાનવો શિવજી પાસે ગયા. તેમની પ્રાર્થના કરી અને તે પછીથી ઝેરની સમસ્યા અંગેની વાત કરી. કૃપાસિંધુ ભોળાનાથે સૌના રક્ષણ માટે ઝેર પીવાનું નક્કી કર્યું. દેવો અને દાનવોને કદાચ એમ લાગ્યું હોય કે કોઈપણ પ્રકારના શોખ વિનાના, સ્મશાનમાં પડી રહેનારા અને મોટેભાગે તપશ્ચર્યામાં રત રહેતા તેમજ સમાધિમાં રહેનારા શિવજી ન પણ રહે તોયે શો ફરક પડવાનો છે? શિવજી તો જગતના કલ્યાણ માટે સમુદ્ર કિનારે ગયા. તેમણે ઝેરને ખોબે ખોબે પીવા માંડયું. પ્રભુ બધું જ ઝેર પી ગયા. સૌને શાંતિ થઈ. વળી પાછુ સમુદ્ર મંથન શરૂ થયું. સંપત્તિ નીકળી, લક્ષ્મીજી પ્રગટ થયાં અને

છેવટે અમૃત પણ નીકળ્યું. દેવોએ તે અમૃત પીધું. પરંતુ ભગવાન શિવજી ! આપે વિષના ઘૂંટડા ભર્યા. ઝેરને આપે પેટમાં ન જવા દીધું. તેજ રીતે બહાર પણ ન કાઢયું. જો ઝેર પેટમાં જાય તો પ્રભુ ! આપને નુકશાન થાય અને જો બહાર નીકળે તો જગતને નુકશાન થાય. હે નાથ ! તમે ઝેરને કંઠમાં ધારણ કર્યું. પરિણામે કંઠ નીલવર્ણો થઈ ગયો. ઝેર કંઠમાં રાખવું અતિ કઠણ છે. કંઠ એટલે મુખ અને જઠર વચ્ચેનો મધ્યભાગ, મધ્યમાં બધી જ ક્રિયાઓ કરવી મુશ્કેલ છે. ક્યાં તો ભરપેટ જમાય અથવા ભૂખ્યા રહેવાય, પરંતુ અમુક મર્યાદા પછી ખાવાનું છોડવું ગમે નહીં. તેવું જ નાટક કે ફિલ્મનું છે. ક્યાં તો શરૂઆતથી અંત સુધી તે જોવાનું ગમે અથવા ન જોવાય તો ચાલે. પરંતુ મધ્યમાં છોડવાની મજા ન આવે. જીવનનું પણ એમ જ છે. ભૂતકાળ વાગોળવો ગમે કે પછી ભવિષ્યનાં સુખોના મિનારા ચણવા ગમે. પરંતુ હાલના-હયાત વર્તમાનમાં જીવવું અતિશય દુઃખમય લાગે. હે નીલકંઠ! આપે કંઠમાં જ વિષ ધારણ કરીને વર્તમાનની ક્ષણો સસ્મિત વદને જીવી બતાડી તેથી એમ કહી શકાય કે અમૃત પીયે તે દેવ અને ઝેર પીયે તે મહાદેવ.

સમુદ્ર મંથનનો વિચાર કરતાં સમજાયું કે મન સમુદ્ર જેવું વિશાળ અને અફાટ છે. તેમાં દૈવી (શુભ) વિચારો જન્મે છે. તે સાથે આસુરી (ખરાબ) વિચારો પણ જન્મે છે. પર્વત સ્થિરતાનું પ્રતિક છે, જ્યારે સ્થિર ચિત્તે મનનું મંથન કરાય છે ત્યારે તે મનોમંથનમાંથી પ્રથમ વાસનાઓનાં વિષ જન્મે છે. સામાન્ય માનવી વાસનાઓમાં ડૂબવા માંડે છે અને આત્મવિનાશ નોતરે છે. ત્યારે પૂર્ણ જ્ઞાન (શિવ) મદદે આવે છે. અને તે ઝેરને પચાવે છે. તે પછીથી જ વિશુદ્ધ મનમાંથી પ્રભુ પ્રાપ્તિની સિદ્ધિઓ તેમજ નારાયણી સંપત્તિ એટલે કે દૈવી લક્ષ્મી પ્રગટે છે. હે નીલકંઠ પ્રભુ ! તમે અમને વિષમાંથી ઉગારીને અમૃતના પંથે દોરી જાવ એવી અમારી પ્રાર્થના છે.

વિષ, વિષય અને વિષયા એટલે કે ઝેર, વાસનાઓ અને ભોગ્ય સ્ત્રી શરૂઆતમાં સુખદાયક લાગે છે પરંતુ તેજ પાછળથી દુઃખના અગ્નીમાં બાળે છે. સામાન્ય માનવ વ્યસનોનાં વિષ પીયે છે, વાસનાઓના વિષયોમાં રત રહે છે અને વિષયા ભોગ્ય સ્ત્રીના વિચારોમાં ગળાડૂબ રહે છે. જો તે શિવ સાધના એટલે કે સાચા જ્ઞાન દ્વારા વિવેકની પ્રાપ્તિ કરે તો ઝેરના સમુદ્રને ઓળંગી જાય.

- ॐ -

## પુષ્પ : ૭ રુદ્રાક્ષ-શિવજીનાં હર્ષાશ્રુ

હે મહેશ્વર ! આપે વિષપાન કર્યુ ત્યારે ઝેરનાં બિંદુઓ પૃથ્વી ઉપર પડયાં. તેમાંથી સાપ, વીંછી આદિ વિષધર પ્રાણીઓ જન્મ્યાં. હે દયાળુ ! તમે તેમને તરછોડયાં નહીં. પરંતુ સર્પોની માળા બનાવીને તેમને કંઠમાં ધારણ કર્યા. તે સર્પો વિષય વાસનાનું પ્રતીક બન્યા. તે સાથે યોગ શક્તિનું પ્રતીક પણ બન્યા. વિષ વિજેતા બનીને આપે વિષયોની મારક શક્તિ (ઝેરવાળા સર્પો)ને યોગ દ્વારા તારક બનાવી પ્રભુ ! આપે એવા સર્પોની માળા ધારણ કરી.

હે રુદ્ર ! આપના કંઠમાં રુદ્રાક્ષની માળા પણ શોભે છે. આપ જ્યારે સમાધિ અવસ્થામાં હતા તે સમયે પૂર્ણ બ્રહ્માનંદનાં આવેશમાં આપનાં નયનોમાંથી હર્ષાશ્રુ સરી પડયાં. તે આંસુ ટપ ટપ કરતાં ધરતી પર ટપકી પડયાં. તે સ્થળે એક વૃક્ષ ઉગ્યું. તેનું ખરબચડી સપાટીવાળુ ફળ રુદ્રાક્ષ કહેવાયું. રુદ્ર (શિવજી)ના અક્ષ (નયનો) માંથી વહેલા જળને કારણે જે ઉત્પન્ન થયુ તે ફળ રૂદ્રાક્ષ શિવજીના આનંદ સ્વરૂપ સ્વભાવનું પ્રતીક છે. એકમુખી રૂદ્રાક્ષ બહુ ઓછાં મળે છે. સામાન્ય રીતે પંચમુખી રુદ્રાક્ષ સહેલાઈથી પ્રાપ્ત થાય છે. રુદ્રાક્ષનો ઔષધિ તરીકે પણ ઉપયોગ થાય છે. ઉચ્ચ રક્તચાપ (હાઈ બી.પી.) માં રુદ્રાક્ષની માળા ધારણ કરાય તો તે ફાયદો કરે છે. રુદ્રાક્ષ પંચપ્રાણોનું નિયમન કરતું હોવાથી યોગીઓ રુદ્રાક્ષ માળા પહેરે છે. પ્રભુ ! આપ તો યોગીશ્વર છો. આપ યોગીઓને પ્રેરણા આપવા માટે જ રૂદ્રાક્ષ માળા ધારણ કરતા હશો ને ? રુદ્ર દેવ ! તમારી વિધવિધ અગિયાર શક્તિઓ પ્રગટ થઈ તેને કારણે આપ એકાદશ રુદ્ર (અગિયાર રુદ્રો) તરીકે જાણીતા છો.

અદ્‌ભૂત વાત તો એ છે કે પ્રભુ ! આપે ખોપરીની માળા પણ કંઠમાં ધારણ કરી છે. તે માળા જોઈને ડર પણ લાગે છે. આપ અનેક વિદ્યાઓના જનક છો. ગૂઢ-ગહન વિદ્યાઓવાળુ અર્થ ગર્ભીત જ્ઞાન પણ આપે વિશ્વને શુદ્ધ તંત્ર દ્વારા આપ્યું પરંતુ તેની સાથે મલિન તંત્ર પણ જોડાઈ ગયું. અઘોરીઓ અને કાપાલીકોએ આપને ઇષ્ટદેવ માન્યા. તેના પ્રતીકરૂપે આપના કંઠમાં ખોપરીની માળા જોડાઈ ગઈ.

કહ્યું છે કે, : ભગવાન શંકરને પોતાના ભક્તો એટલા બધા પ્રિય છે કે તેમનાં અવસાન પછીથી પ્રભુ તેમની ખોપરીઓની માળા બનાવીને પહેરે છે. પ્રહલાદ, નારદ, પરાશર, પુંડરિક જેવા ભક્તોની ખોપરીઓમાંથી નીકળેલું જ્ઞાન માનવોને પ્રભુ તરફ દોરતું હોવાથી આવા ભક્તની શિવજીને આસક્તિ છે. તેને કરણે પ્રભુ ખોપરીઓની માળા ધારણ કરે છે.

હે નિર્વિકારી સદાશિવ ! તમારી આવી આસક્તિ નવાઈ પમાડે એવી છે. ખોપરીઓની મુંડમાળ પહેરવાનું બીજુ કારણ આ પણ સમજાય છે કે એકાદ ધનિક હીરાનો હાર વેચાતો લાવે તો તેની પત્ની તે હાર પહેરે. પરંતુ હાર જેમાં મૂકેલો તે ખોખુ ફેંકી દેતી નથી. તેને પણ સાચવીને રાખે છે. તેજ રીતે દૈવી બુદ્ધિ જેમાં સચવાઈ હતી તે ખોપરીઓની આસક્તિ પ્રભુને લાગી છે.

પ્રભુ શિવજી ! તમે પણ દિવ્ય બુદ્ધિની સંદૂક (પેટી) જેવી ખોપરીઓ પરોવીને તેની માળા બનાવો છો. હે મહાદેવ ! તમે જગતને તુચ્છ લાગતી વસ્તુઓ કે વ્યક્તિઓને મોટાઈ આપો છો. તમારી કરુણા અપરંપાર છે. પ્રભુ મને તમારી કરુણાને યોગ્ય ગણીને આપનાં ચરણ કમળમાં સ્થાન આપો.

- ૐ -

## દર્શન આપો

*જય જય કૈલાસનાથ દર્શન આપો,*
*જય જય કરુણાનીધાન કષ્ટો કાપો.... જય જય....*
*રૂંઢમાળ મુંડમાળ કંઠમાં ભુજંગ માળ*
*બાળતા કરાળ કાળ મટવો શાપો .... જય જય....*
*વાઘાંબર પીતાંબર ધારોછો ચર્માંબર*
*વીલસો થઈ દિગંબર બાળો પાપો.... જય જય....*
*ડમ ડમ ડમરુ નિનાદ બાજે છે શંખનાદ*
*થૈ થૈ તાંડવનો નાચ ભૈરવ ગાઓ .... જય જય....*
*અંગે ચોળી ભભૂત નાચો સંગે છે ભૂત*
*લાગતા અમંગલ પણ મંગલ સ્થાપો....જય જય ....*
*ભાલે છે બીજ ચંદ્ર ઈંદ્રના તમે છો ઈન્દ્ર*
*રક્ષો છો ભક્તોને શમવો તાપો.... જય જય....*
*વરદો મુજને પ્રભુ શરણે આવ્યો વિભુ*
*જીવનના ક્લેશ બાળી જ્ઞાન પ્રજાળો.... જય જય....*

## પુષ્પ : ૮ — यज्ञोपवितं परमं पवित्रम्

હે જગદીશ્વર ! તમારી આંખને પલકારે સમસ્ત વિશ્વની રચના થાય છે. વિશાળ વિશ્વમાં પૃથ્વી રજકણ જેટલી છે. તેમાં હે નાથ ! તમારો સ્પર્શ પામેલા અને તમારા દિવ્ય દર્શનથી પવિત્ર શિવતુલ્ય ઋષિમુનિ અને સંતો તો સાવ જ ઓછા છે. સમસ્તમાનવ જાત આપને પંથે આગળ વધીને આપને મેળવે તે માટે તેમણે ધર્માચરણની સરળતા માટે નીતિ નિયમો બનાવ્યા છે. તે નિયમોને પ્રતીકો દ્વારા પ્રદર્શિત કર્યા છે. તેમાંનું એક પ્રતીક છે તે જનોઈ - યજ્ઞોપવિત. જ્યરે કોઈ માણસ સન્યસ્ત ગ્રહણ કરે ત્યારે શિખા અનેસૂત્ર (જનોઈ) નો ત્યાગ કરે છે. કારણ કે તે પ્રતીકો દ્વારા દર્શાવેલું જીવન તે જીવી ચૂક્યો છે. હવે મુક્તાત્મા તરીકે તેનાથી ઉપરનું જીવન જીવી રહ્યો છે. પરંતુ હે નાથ ! તમે તો એ બધાથી પર છો છતાં આપે યજ્ઞોપવિત - કેમ ધારણ કર્યું હશે ? કોઈનેય આવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.

સન્યસ્ત ગ્રહણ કરતી વખતે પત્ની, પુત્ર, માતા, પિતા, સગાં અને સંબંધી તથા ઘર અને સંપત્તિ તે બધાંનો ત્યાગ કરવાનો હોય છે. તે સાથે લૌકિક આચાર-વિચાર તથા બંધનોના ત્યાગ રૂપે શિખા (ચોટલી) તથા સૂત્રનો પણ ત્યાગ કરવાનો હોય છે. પરંતુ હે જગતપિતા ! આપ પૂર્ણયોગી હોવા છતાં ગૃહસ્થાશ્રમી રહ્યા છો. જ્યાં સુધી ગૃહસ્થાશ્રમનું બંધન હોય ત્યાં સુધી શિખા-સુત્ર ત્યાગી શકાય નહીં તે બાબતને આપે ચુસ્તપણે સ્વીકારી છે. આપને તો ઉપવિતની જરૂર નથી જ. પરંતુ મોટા માણસો જેવું વર્તન કરે છે તેવું વર્તન નાના માણસો કરે છે. તે અંગે ગીતામાં યોગેશ્વર શ્રી કૃષ્ણે કહ્યું છે : યદ્યદાચરતિ શ્રેષ્ટઃ તત્તદેવેતરોજનાઃ। (મોટા જેવું આચરણ કરે છે તેવું જ આચરણ નાના કરે છે.) તેઓ મોટાઓને અનુસરે છે માટે આપે યજ્ઞોપવિત કાંધે ધર્યુ છે. અમે માનવો અજ્ઞાનમાં તો ભૂલો કરીએ તે ક્ષમ્ય છે. પરંતુ અમારામાંના જ્ઞાનીઓ અને સમાજ સુધારકો કંઈક ને કંઈક બહાનાં કાઢીને ભયંકર ભૂલો કરે છે. એક વિદ્વાન પુરુષે કહ્યું કે જનોઈ ઉચ્ચ અને નીચ વર્ણના ભેદ વધારે છે માટે મેં જનોઈનો ત્યાગ કર્યો છે. આમ કરીને તેઓ અમુક વર્ગના માનીતા થયા. પરંતુ જે જનોઈ નથી પહેરતા તેમને જનોઈનું મહત્વ સમજાવીને તે પહેરાવી હોત તો

જનોઈ દ્વારા સનાતન લાવી શકાઈ હોત. હે પ્રભુ ! તમે અમને માર્ગદર્શન દેવા માટે જનોઈ ધારણ કરો છો. આમ તો જનોઈ સૂતરનો સામન્ય દોરો છે પરંતુ આપે સ્વીકાર કર્યો હોવાથી તે જીવનસૂત્ર થઈ જાય છે.

જીવનમાં મેળવવું અને અર્પણ કરવું તેને યજ્ઞની પરિભાષામાં સ્વાહા (અર્પણ કરવું) અને સ્વધા (ધારણ કરવું) કહેવાય છે. સન્માર્ગે, જ્ઞાન, સંપત્તિ અને શક્તિ મળવવાં તે સ્વધા કહેવાય અને તેમનો સત્કાર્યમાં ઉપયોગ કરવો તે સ્વાહા કહેવાય. તે સાથે જીવનનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા અને તત્વ નિષ્ઠા અર્થાત્ ઈશ્વર પ્રાપ્તિ માટેની નિષ્ઠા મેળવવા માટે વેદ, ઉપનિષદ્ અને ગીતાનો સ્વાધ્યાય કરવો તે ઉપવિતનો સંકેત છે. આમ યજ્ઞ+ઉપવિત એટલે યજ્ઞોપવિતનો સ્વીકાર થયો છે. જનોઈના ત્રણ દોરામાં રૂગ્વેદ, યજુર્વેદ અને સામવેદની સ્થાપના કરાય છે, અને ગાંઠમાં અથર્વવેદની સ્થાપના કરાય છે. આમ વેદનિષ્ઠા દ્વારા જીવનનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા અને તત્વનિષ્ઠાનું પૂજન કરાય છે. માણસની વૃત્તિઓ પણ ત્રણ છે જે તામસિક, રાજસિક અને સાત્વિક ગુણો તરીકે ઓળખાય છે. યજ્ઞોપવિતના ત્રણ દોરા તેનું પ્રતિનિધિત્વ કરે છે અને તમસ્‌માંથી રાજસ્ અને રાજસમાંથી સાત્વીક ગુણ તરફ પ્રગતી કરવાનું સૂચન કરે છે. આમ યજ્ઞોપવીત જીવન વિકાસનું પ્રતીક બની જાય છે.

યજ્ઞોપવિત સૂર્યની ઉપાસના સાથે જોડાયેલું છે. સૂર્યમાંથી પ્રગટતી અને પ્રસરતી અનેક પ્રકારની શક્તિઓ મનુષ્યના જીવનના ઉર્ધ્વીકરણ માટે ખૂબજ ઉપયોગી છે. તે પ્રાપ્ત થાય માટે સૂર્યની પૂજા અનિવાર્ય બની છે. તેથી હે ભગવન! આપે સામાન્ય માનવને પ્રેરણા આપવા માટે યજ્ઞોપવિત ધારણ કર્યું છે. યજ્ઞોપવીત ધારણ કરનારે ગાયત્રીમંત્રની સાધના કરવી જોઈએ. અમેરીકાની વિજ્ઞાન સંસ્થા 'નાસા' (NASA) એ હમણાં એવું સંશોધન કર્યું કે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોમાં ચોવીસ પ્રકારની શક્તિઓ સમાયેલી છે. એકાદ લશ્કરનો અધિકારી ખભા ઉપર અને છાતી ઉપર લગાવેલા ચંદ્રકોનું અભિમાન રાખે છે તેમ જનોઈધારીએ વેદનિષ્ઠાનું અભિમાન રાખવું જોઈએ.

હે વિશ્વેશ્વર ! અમારી છીછરી બુદ્ધિ દ્વારા તમારી મહત્તાને માપીને તથા તમે ચીંધેલા માર્ગેથી ભ્રષ્ટ થઈને જીવવામાં મિથ્યા ગર્વ અનુભવીએ છીએ. તમે પાપ વિનાશક છો. તેથી અમને ક્ષમા કરો.

- ૐ -

# પુષ્પ : ૯ ચતુર્ભુજ સંપદા

મનુષ્યનો એ સ્વભાવ રહ્યો છે કે પોતાનાથી વિશેષ વિદ્વાન, સંપત્તિવાન કે શક્તિશાળી અને બુદ્ધિશાળી અથવા સત્તાધીશ અને પ્રભાવી હોય તેનાં ચરણોમાં તે ઝૂકી જાય છે. માટે ઈશ્વરનું, સ્વરૂપ અનેક મસ્તક, અનેક હાથ અને અનંત ચક્ષુઓવાળું માન્યુ છે. પરંતુ તે સ્વરૂપ એટલું બધું વિરાટ લાગે છે કે સામાન્ય માનવ તેનું ધ્યાન ધરી શકતો નથી. તેમ છતાં પ્રભુ પોતાનાથી તો મહાન હોવા જ જોઈએ. તે કારણે ભગવાનનું ચાર હાથવાળું સ્વરૂપ વધારે અનુકૂળ લાગ્યુ છે. દેવાધિ દેવ મહાદેવનું ચાર હાથવાળુ સ્વરૂપ અને બે હાથવાળુ સ્વરૂપ બન્ને લોકપ્રિય બન્યાં છે.

મહેશ્વર શિવજીના ચાર હાથ તેમનું ચારે દિશાઓ ઉપરનું પ્રભુત્વ સૂચવે છે. તેમના હાથમાં જે શસ્ત્રો અને સાધનો છે તે તેમની હસ્ત સંપદા છે. પ્રભુના એક હાથમાં ત્રિશુળ છે. માણસને આધિ, વ્યાધિ, ઉપાધિનાં ત્રણ શૂળ લાગેલાં છે. તેને કારણે માણસને દરેક જન્મમાં શૂળની પીડા સહન કરવી પડે છે. ભગવાન આસુતોષ પોતાના ત્રિશૂળ વડે માનવીને લાગેલાં ત્રણે શૂળ નિવારીને આત્માની શાંતિ અર્પે છે. ભગવાન શંકરનું ત્રિશૂલ જ્ઞાન, વિવેક અને સંયમનું છે પ્રતીક છે જે આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરે છે. તેની સાથે મનુષ્યનો જન્મોજન્મનો ચકરાવો મટે છે.

નટેશ્વર શંભુના ઉપરના બીજા હાથમાં ડમરુ છે. જ્ઞાનરાણા શંભુએ ડમરુ બજાવ્યું તેમાંથી વ્યાકરણનાં સૂત્રો જન્મ્યાં. ડમરું બે સમાન અને એક સરખા અર્ધગોળાકાર લાકડાના હિસ્સા કે જે ચામડાથી મઢેલા છે તેમને જોડીને બનાવેલું હોય છે. ચામડાને દોરીઓથી બાંધ્યું હોવાથી અને તેમને જરૂર પ્રમાણે ખેંચવાથી અનુકુળ ધ્વનિ નીકળી શકે છે. બે અર્ધગોળાકારો જીવનના બે હિસ્સા સુખ અને દુઃખનાં પ્રતીક છે. ડમરુને બજાવતાં તેની બન્ને બાજુથી એક સરખા સૂર નીકળે છે. તે સમજાવે છે કે સુખ અને દુઃખ, અનુકૂળ, અને પ્રતિકૂળ, ગમતી અને અણગમતી પરિસ્થિતિમાં જીવનનો એક જ સુર નીકળે તે જીવન શ્રેષ્ઠ ગણાય. ચામડા સાથે બાંધેલી દોરીઓ સ્વયં શિસ્ત અને સંયમનું પ્રતીક થઈ જાય છે.


સતત બ્રહ્માનંદમાં લિન રહેનારા યોગીશ્વર શિવજીએ ત્રીજા ઉપરના

હાથમાં શંખ ધારણ કર્યો છે. ખારા સમુદ્રમાંથી જન્મેલો સફેદ શંખ જ્યારે પ્રભુ વગાડે છે ત્યારે ભક્તો બેધ્યાનપણું ટાળીને સતર્ક થઈ જાય છે. શંખધ્વનિ બ્રહ્માનંદમાં લીન કરનાર અનાહત નાદની યાદ આપી જાય છે. ધનાઢય સમુદ્રનો પુત્ર શંખ, લૌકિક દ્રષ્ટિએ નિર્ધન કહેવાય તેવા ભોળાનાથ શિવજીના હાથમાં રહેવાનું પસંદ કરે છે. ધનાઢય હોવા છતાં સમુદ્ર ખારો છે, જ્યારે નિર્ધન દેખાતા હોવા છતાં શિવજી સૌની ઈચ્છાપૂર્તિ કરનારા સંપત્તિવાન પ્રભુ છે. તે કારણે શંખને શિવજીના હાથનું સાધન બનવું ગમ્યુ છે. તેને જીવન ખારું કરી નાખે તેવો પિતા ગમતો નથી. અઢળક જળ રાશી છતાં સમુદ્રનાં જળ પી શકાતાં નથી તેનું જ દુઃખ શંખને હશે ને ?

આશુતોષ સંકટ હર શિવજીનો નીચેનો ચોથો હાથ અભય મુદ્રા દર્શાવે છે. માનવો અનેક પ્રકારના ભય નીચે જીવે છે. તેમને અસ્તિત્વનો ભય, રાગ તથા દરિદ્રતાનો ભય, દુશ્મનોનો અને ચોરીનો ભય - કુટુંબ તથા સમાજનો ભય, છેવટે મૃત્યુનો ભય આમ અનેક ભય સતાવે છે. વળી તેને વારંવાર લેવા પડતા જન્મોનો ભય ખુબ સતાવે છે. કૃપાળુ દીનાનાથ શંકર તે બધા ભય દૂર કરવાનું અભય વચન અભય મુદ્રા દ્વારા આપે છે. તેમનું શરણું લેવાથી જીવનની સઘળી વિટંબણાઓનો નાશ થઈ જાય છે.

ભગવાન શંભુ ! તમારા ચાર હાથ અધઃપતિત માનવને પાવન કરીને તેનું ઉર્ધ્વગમન કરાવે છે. હે દયામય હું આપને શરણે આવ્યો છું. મારું કલ્યાણ કરો.

- ૐ -



## પુષ્પ : ૧૦ પ્રવૃત્તિ નિવૃત્તિની જુગલબંધી

ભગવાન શંકરનાં શ્રીઅંગો ભક્તને જુદા જુદા સંકેત દઈ જાય છે. પ્રભુનાં ત્રિનેત્ર, તેમના હાથ તેમજ મુખ ભક્તને નિશ્ચિત સંદેશ આપે છે, તેજ રીતે શિવજીનાં શ્રીચરણ પણ માર્ગદર્શન આપી જાય છે. વૈદિક સંસ્કૃતિમાં દેવો, ઋષિમુનિઓ, આચાર્યો અને સંતોના ચરણોનું પૂજન કરવાની પ્રણાલી છે. તે રીતે મહેશ્વર શિવજીનાં ચરણોનું પૂજન ઘણાં કારણોસર કરવું જરૂરી છે.

મહાદેવ શંભુ આદિ દેવ તરીકે પૂજાય છે. તેમનાં ચરણોની પૂજા કરવી એટલે આદિદેવ પ્રથમ દેવના શરણમાં જવું. ભગવાન શંકર સૃષ્ટિનું સર્જન, સ્થાપન અને વિસર્જન કરનારા ઈશ્વર છે. તે સર્વ શક્તિમાન હોવાથી તેમનાં ચરણોમાં શરણ મેળવનારનું અહિત થતું નથી તેમજ અનિષ્ટ તત્ત્વો દ્વારા તેને નુકસાન થતું નથી. વળી શિવજી યોગીશ્વર તો છે જ પરંતુ ગૃહસ્થાશ્રમી પણ છે. તે દ્રષ્ટિએ જોતાં યોગ દ્વારા જગતનાં ક્ષણભંગુર સુખોમાંથી તે નિવૃત્તિનો માર્ગ બતાવે છે, તો ગૃહસ્થાશ્રમી હોવાથી લૌકિક જીવનને મધુરું કરવા માટે પ્રવૃત્તિનો રસ્તો પણ દર્શાવે છે. તે દ્રષ્ટિએ જોતાં મહાદેવ શંભુનો એક પગ પ્રવૃત્તિ માર્ગનો અને બીજો પગ નિવૃત્તિ માર્ગનો સુચક છે. નૃત્યમાં ચરણોના ઠેકાનું ઘણુ જ મહત્ત્વ છે. તે દ્રષ્ટિએ જોતાં પ્રભુનાં ચરણો દ્વારા થતા નૃત્યમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિની જુગલબંધી રચાતી દેખાય છે.

ભગવાન શંકર આદિ ગુરુ તરીકે પૂજાય છે. ગુરુ પૂજનમાં તેમનાં ચરણોનું પૂજન મહત્ત્વનું ગણાયું છે. ગુરુનું કાર્ય અણઘડને ઘડવાનું છે. ગુરુ પૂર્ણ જ્ઞાની છે જ્યારે શિષ્ય શૂન્ય અજ્ઞાની છે. અજ્ઞાનીમાં જડતા વધારે હોવાથી તેને તેની અલ્પતા (અજ્ઞાનતા)નો ખૂબ જ અહંકાર હોય છે. તેણે પોતે જ પોતાની મજબૂત સીમાઓ બાંધી રાખેલી હોય છે. અહંકાર, જડતા અને બિનજરૂરિ સીમાઓ તોડવા માટે તેને સદ્‌ગુરુનાં ચરણોમાં શરણાગતિ સ્વીકારવી પડે છે અને પૂર્ણ રૂપે સમર્પિત થવું પડે છે. તે દ્રષ્ટિએ શિવચરણોમાં સમર્પિત થવાથી અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો સૂર્યોદય થાય છે.

જીવનને સુંદર, શ્રેષ્ઠ અને અર્થપૂર્ણ બનાવવા માટે ધર્મે ચીંધેલા માર્ગે જવું જોઈએ. ધર્મના માર્ગે જતાં તેને ઈશ્વરનાં દર્શન થાય છે. ધર્મ ત્યારે જ મદદરૂપ

થાય છે જ્યારે તે પૂર્ણ રૂપે સમજાય છે. ધર્મને પૂર્ણ રૂપે સમજવો એટલે તેનું મૂળ સમજવું. જેમ વૃક્ષને લીલું રાખવા માટે તેના મૂળમાં પાણી રેડવું પડે છે તેમ ધર્મની સફળતા મેળવવા માટે તેનાં મૂળભૂત તત્ત્વ સમજવાં જરૂરી છે. ગુરુ ધર્મ સ્વરૂપ છે. ધર્મનું મૂળ એટલે તેમનાં ચરણો. તે અર્થમાં ધર્મના મૂળની પૂજા એટલે ગુરુનાં શ્રીચરણોની પૂજા કરવી તે છે. ભગવાન શિવજીનાં ચરણોમાં ભૂતો જેવા તામસિક અને આખલા જેવા જડ મનુષ્યોનો પણ સ્વીકાર થતો હોવાથી તેમને સમજાય તે રીતે શિવજી પાસેથી જીવન તત્ત્વ સમજાય છે. તે દ્રષ્ટિએ શિવજીનાં ચરણોનું આગવું મહત્ત્વ છે.

કરુણાકર શંભુ સર્વના પિતા છે. સંતાન તરીકે તેમનાં ચરણોમાં બેસવાથી તેમની કૃપાની ધારા રેલાવીને પોતાનાં વ્હાલાં સંતાનોને સ્નાન કરાવીને નિર્મળ કરે છે અને તેમના મનને પુષ્ટ કરે છે. હે કૃપાળુ દેવાધિદેવ ! તમે અમને તમારાં ચરણોમાં લઈને અમારી પ્રવૃત્તિ-નિવૃત્તિની સમતુલા કરજો, તમારો કૃપા પ્રસાદ દેજો અને અજ્ઞાન હરજો.

- ૐ -

### વેદનો આસ્વાદ

*વેદ કૈં ના વાદ છે - આસ્વાદ છે,*
*જીવ શિવની એકતાનો સ્વાદ છે,*
*ઉપનિષદ્ છે વેદવડ વડવાઈઓ,*
*ને પુરાણો પુષ્પ મંડીત વેલીઓ,*
*કૃષ્ણની ગીતા મીઠો સંવાદ છે... જીવ શિવ....*
*વેદના વીરમે વધે સંવેદના,*
*દિવ્ય વિચારે રહે કો કલેશ ના,*
*બ્રહ્મની વાણી તણો આલાપ છે ... જીવ શિવ...*
*વેદ વ્યાસે વેદને વ્હેતા કીધા,*
*ઈશ પ્યાસાએ મધુરા ઘૂંટ પીધા,*
*વ્યાસપીઠેથી થતો વિસ્તાર છે ... જીવ શિવ ...*

## પુષ્પ : ૧૧ ભસ્મને ભવ્યતાનું પ્રદાન

રાક્ષસોનો અહંકાર તો અંબરને આંબે તેવો હોય છે. "હું જ મારું રક્ષણ કરી શકું છું અને મારે બીજાના સહારાની જરાય જરૂર નથી", એવું માને તે રાક્ષસ. એવા એક રાક્ષસે ભોળાનાથ શંભુની તપશ્ચર્યા કરી તે જોઈને સરળ હૃદયી પ્રભુનું હૃદય દ્રવી ઉઠયું. શિવજીએ પ્રસન્ન થઈને તેને વરદાન માગવા માટે જણાવ્યું. ગાત્ર ગાળી દીધેલા રાક્ષસે માંગ્યું કે પ્રભુ ! મને એવું વરદાન આપો કે હું જેના મસ્તક ઉપર હાથ મૂકું તે બળીને ખાખ થઈ જાય. શંકર ભગવાન વિચાર તો કરવા લાગ્યા. પરંતુ તે રાક્ષસની વારંવારની માગણીને વશ થઈને તેમણે તેને વરદાન આપ્યું અને અદ્રશ્ય થઈ ગયા. તેણે પશુઓ ઉપર હાથ મૂકીને પ્રયોગ કરી જોયો અને તે સફળ રહ્યો. તે પછીથી તો તેણે ઘણાં માણસોને પોતાના હાથ વડે બાળીને રાખ કરી દીધા. હવે તે રાક્ષસ ભસ્માસુર તરીકે ઓળખાયો. ભસ્માસુરની ધાક ચારે બાજુ ફેલાઈ ગઈ. તે જ્યાં રહેતો તેની આસપાસનાં કેટલાંય ગામો ખાલી થઈ ગયાં. હવે તો તેને ભાગ્યેજ કોઈ માણસ મળતો. એક દિવસ તે જઈ રહ્યો હતો તે વખતે તેણે સામેથી દેવર્ષી નારદને આવતા જોયા. તે જોઈને ભસ્માસુરનો હાથ સળવળવા લાગ્યો અને નારદજી તરફ દોડયો તેથી નારદજી થંભી ગયા. તે સમજી ગયા કે ભસ્માસુર આવી રહ્યો છે. નારદજી ગભરાઈ તો ગયેલા પરંતુ તેમણે સ્વસ્થતા મેળવી લીધી. જેવો ભસ્માસુર નજીક આવ્યો કે નારદજીએ કહ્યું "ઓ દાનવરાજ ! તમે થોભી જાવ. તમારી ભસ્મ કરવાની શક્તિની તો સૌને ખબર છે. પણ તમે જો મને ભસ્મ કરવા આવ્યા હો તો તે અર્થહીન છે. મારી પાસે ઘરબાર જ નથી તો પ્રદેશ ક્યાંથી હોય ? હું બ્રહ્મચારી છું. મારે પત્ની કે સંતાન નથી. આ વીણા અને કરતાલ સિવાયની બીજી કોઈ સંપત્તિ નથી. તમારે જો કોઈને ભસ્મ કરવાની ઈચ્છા હોય તો હું તે વ્યક્તિ જણાવું." તે સાંભળીને ભસ્માસુરે તેવી વ્યક્તિ વિશે પૂછયું. તેથી નારદજીએ જણાવ્યું કે તમને જેણે વરદાન આપ્યું તેવા શિવજીને જ ભસ્મ કરો. બળીયાએ બળીયા સાથે જ યુદ્ધ કરવું જોઈએ. ભસ્માસુર વિચારમાં પડયો અને નારદજી ચાલતા થયા.

હવે ભસ્માસુરે કૈલાસની વાટ પકડી તેણે દૂરથી શિવજીને પાર્વતી સાથે વાતો કરતા જોયા. શિવજીએ પણ ભસ્માસુરને તેમની તરફ આવતો જોયો. શરૂઆતમાં શિવજીને લાગ્યું કે ભસ્માસુર મળવા આવે છે. પરંતુ જે ગતિથી તે શિવજી તરફ ધસ્યો તે જોઈને શંકર ભગવાન બધી વાત સમજી ગયા. તેમની

પાસે હવે કોઈ ઉપાય ન હતો. માટે શંભુએ દોડવા માંડયું. દાનવે ગભરાયેલાં પાર્વતીને પણ જોયાં. તે સમયે તેને વિચાર આવ્યો કે શંકરને ભસ્મ કરી નાખીને હું પાર્વતી જોડે પરણીશ. તેથી તે શિવજી પાછળ દોડવા લાગ્યો. તે દરમિયાન વિષ્ણુ ભગવાને સઘળી વાત જાણી. તેથી તેમણે સૌંદર્યવાન પાર્વતીનું રૂપ લીધું અને ભસ્માસુરના માર્ગમાં આવીને ઉભા રહ્યા. પાર્વતી વેશે તેમણે કહ્યું ઓ ભસ્માસુર! શિવજી સ્મશાનમાં પડયા રહે, ગળે સાપ ભેરવે અને શરીરે રાખોડી ચોપડે. તેથી મને ગમતા નથી પરંતુ તે નૃત્ય ઘણું જ સુંદર કરે છે માટે મને ગમે છે.

ઓ દાનવ ! તું પણ જો નૃત્ય શીખી જાય તો હું તારી સાથે લગ્ન કરું. મોહિત થયેલા ભસ્માસુરે કહ્યું કે નૃત્ય શિખતાં ઘણી જ વાર થાય માટે તે મારે માટે શક્ય નથી. પાર્વતી માતાએ (વિષ્ણુ ભગવાને) કહ્યું કે હું જેમ નૃત્ય કરું તેમ તું કરતો જા. થોડી જ વારમાં તને નૃત્યુ આવડી જશે. એમ કહીને પાર્વતી સ્વરૂપ વિષ્ણુએ નૃત્યારંભ કર્યો. પાર્વતી અને તેમના નૃત્યથી મોહિત થયેલો ભસ્માસુર નાચવા માંડયો. ભાન ભૂલેલા ભસ્માસૂરથી પોતાનો જમણો હાથ પોતાના જ માથા ઉપર મૂકાઈ ગયો. તેજ ક્ષણે ભસ્માસુર ચિત્કાર પાડતો રડવા લાગ્યો અને ક્ષણવારમાં ભસ્મનો ઢગલો થઈને પૃથ્વી ઉપર પડયો. વિષ્ણુ ભગવાને પોતાના મૂળ સ્વરૂપમાં આવીને તેમણે ભોળાનાથને શોધી કાઢયા. પોતાનું વચન ન તોડવું પડે માટે ભાગી જનારા શિવજી કૈલાસ પાછા ફર્યા.

ભગવાન શંકર વિકારોની ભસ્મ કરીને અંગે ધરે છે. કદાચ પ્રભુ તે સમજાવવા માગતા હોય કે વિકારોનું વિષ નીકળી જાય તો તે ભસ્મ રૂપેજ રહે છે. વળી વિકારોનું સર્જન પણ તેમના દ્વારાજ થયું હોવાથી પોતાનો દેહ તે ભસ્મ વડે શોભાવે છે. મહાદેવની મહત્તા એ છે કે ભસ્મને પણ ભવ્યતા અર્પે છે. જ્યારે ભસ્માસુરો ભવ્યતાને ભસ્મમાં ફેરવી નાખે છે. રાક્ષસો પોતાની વાસના પૂર્તિ માટે શિવભક્તિ કરતા જ્યારે સંતો અને ભક્તો પોતે શિવજીને સમર્પિત થઈ જતા. આજે ચારે બાજુ ધર્મ અને સંસ્કૃતિના મસ્તક પર સ્વાર્થના અંગારા ફેંકતા ભસ્માસુરો ચારે બાજુ ફેલાયા છે. તેમણે કુટુંબ સમાજ અને રાષ્ટ્રના પાયામાં આગ લગાડવાનું કાર્ય કર્યું છે. કેટલીય પાર્વતીઓને ભસ્માસુરની કામુક જ્વાળાઓમાં બળવું પડે છે. તે સમયે હે શંભુ ! આપને અમારી વિનંતી છે કે હવે તમે તમારુ ત્રિશુળ ધારણ કરીને કે પછીથી ત્રીજી આંખ ખોલીને નિષ્ઠુર ભસ્માસુરોને ભસ્મીભુત કરી નાખો જેથી જગતને શાંતિ મળે.

- ૐ -

## પુષ્પ : ૧૨ અદ્‌ભૂત વસ્ત્રો

વસ્ત્રો શરીરનું રક્ષણ કરે છે, લજ્જા ઢાંકે છે અને સૌંદર્ય વધારે છે, પરંતુ વિશ્વેશ્વર શિવજીનાં વસ્ત્રો કેવાં વિચિત્ર છે ? કોઈકે લખ્યું છે :

किं वाससा तत्र विचारणीयं, वासः प्रधानं खलु योग्यतायाः
पितांबरं विक्ष ददौ स्वकन्यां, चर्माम्बरं विक्ष विषं समुद्रः ।।

વસ્ત્રમાં શું બળ્યું છે એમ ન પૂછશો. વસ્ત્રોથી માણસની પરીક્ષા થાય છે. જુવોને સમુદ્રે ચર્મામ્બરધારી (ચામડુ પહેરનારા) શિવજીને ઝેર આપ્યું અને પીતામ્બર ધારી (વિષ્ણુ ભગવાન) ને પોતાનાં પુત્રી (લક્ષ્મીજી) પરણાવ્યાં. સ્થુળ અને લૌકિક દ્રષ્ટિએ એ વાત સાચી હશે. પરંતુ અધ્યાત્મની બાબતમાં શિવજીનાં વસ્ત્રો પણ કામ અને ક્રોધ તથા ઈર્ષા ઉપર વિજયનો સંકેત આપી જાય છે.

મહિષાસુરના પુત્ર ગજાસૂરને દેવી (દુર્ગા સ્વરૂપવાળાં પાર્વતીજી) ઉપર ખૂબ જ ગુસ્સો હતો. દુર્ગા માતાએ મહિષાસુરને મારેલો. તેથી ગજાસૂર તેનું વેર લેવા માગતો હતો. તેણે બ્રહ્માજીની ઉગ્ર તપશ્ચર્યા કરી. બ્રહ્મદેવે પ્રસન્ન થઈને ગજાસુરને વરદાન આપ્યું કે જેમણે કામ વિજય કર્યો હોય તે જ તને મારી શકશે. તે સિવાય કોઈ સ્ત્રી કે પુરુષ તને મારી શકશે નહીં. તેવું વચન મેળવીને તે ઉન્મત્ત થઈ ગયો. તેણે અનેક પ્રકારનાં જુલ્મો કરવા માંડ્યા. તેણે બધા લોકપાલોને મારી નાખ્યા. ગજાસુર કાશીમાં આવ્યો અને ત્યાં પણ ત્રાસ વર્તાવી દીધો. આ કારણે દેવોએ કામ વિજયી ભગવાન શંકરને પ્રાર્થના કરી. પ્રભુ શિવજીએ પોતાના ત્રિશૂળ વડે ગજાસુરનો વધ કર્યો. મરતાં મરતાં ગજાસુરે પ્રભુ પાસે માગણી કરી કે તમે મારા ચામડાનું વસ્ત્ર બનાવીને પહેરો. તે આપના ત્રિશૂળના અગ્નિથી પવિત્ર બન્યું છે. હે પ્રભુ ! જો મારું ચામડુ પવિત્ર ન હોત તો આ શરીરને આપનો સંગ ક્યાંથી થાત ? તેની પ્રાર્થના સાંભળીને ભગવાન શિવજીએ ગજાસુરનું ગજચર્મ ધારણ કર્યુ.

દિતિના પુત્ર હિરણાક્ષ્યનો સંહાર વિષ્ણુ ભગવાને કર્યો. તેને કારણે દિતિ ક્રોધે ભરાઈ હતી. તેનું દુઃખ જોઈને દુન્દુભી નિહ્રાદ નામના અસુરે નક્કી કર્યુ કે તે દેવોનો સંહાર કરશે. તેણે વિચાર્યુ કે, બ્રાહ્મણો યજ્ઞો કરે છે તેને કારણે

દેવોને અન્ન મળે છે. માટે પ્રથમ હું બ્રાહ્મણોને મારીશ. તે પછી દેવો નિર્બળ થશે એટલે તેમને મારીશ. આમ વિચારીને તે કાશી પહોંચ્યો. તે યજ્ઞ સમીધ લેવા જનાર બ્રાહ્મણોને વનચર બનીને, સ્નાન કરતા બ્રાહ્મણોને જળચર બનીને તેમજ રાત્રે વાઘ બનીને તેમને મારવા લાગ્યો. શિવરાત્રીની રાત હતી. તે રાત્રીએ એક બ્રાહ્મણ ભક્ત શિવજીની પૂજા કરી રહ્યો હતો. ત્યાં દુદુંભી વાઘ બનીને તેની ઉપર ત્રાટક્યો. બ્રાહ્મણે મંત્ર દ્વારા મંત્રકવચ પહેરેલું હતું, પરંતુ ભક્ત વત્સલ શિવજીને થયું કે આ વ્યાઘ્રાસુર મારા ભક્તને મારી નાખશે. તેથી તે પ્રગટ થયા અને દુદુંભી વાઘને મારી નાખ્યો.

હે ભક્તવત્સલ મહેશ્વર ! તમે કામવિજયી છો માટે જ ગજાસુરને તમે હણ્યો. ગજ-હાથી જેવી પ્રબળ શક્તિને કામી મનુષ્યો નષ્ટ કરી શકે નહીં. હાથીમાં દેહાસક્તિ સાથે કામસક્તિ પણ વધારે છે. તેથી કામાસુરોને કામ વિજયી શક્તિ જ મારી શકે. ગજાસુરના શરીરને શિવજીના ત્રિશૂળનો સ્પર્શ થયો. તેથી બ્રહ્મચર્ય, ધ્યાન અને કઠોર સાધનાના અગ્નિમાં તેનું શરીર તપ્યું. તે ત્રિશુળના અગ્નિથી પવિત્ર થયેલું ગજચર્મ હે દેવેશ ! આપે પહેર્યું અને કામ વિજયનો મહિમા વધાર્યો.

દુદુંભી નિહ્રાદે વાઘના સ્વરૂપે બ્રાહ્મણો મારીને જ્ઞાનના વાહકોને નષ્ટ કર્યા. તે જ રીતે દેવોને મારવાની તેની ચેષ્ટા દિવ્યતાનો નાશ કરવાની અને સ્વાર્થ પરાયણ આસુરી સત્તાને સ્થાપવાની હતી. તે માટે આપે બન્નેના રક્ષણ માટે દુદુંભીને મારીને તેનું વ્યાઘ્ર ચર્મ ધારણ કર્યું. યૌગિક પ્રક્રિયામાં કામ અને ક્રોધ સાધકને માટે બાધક છે. માટે હે યોગીશ્વર ! તમે વાઘ અને ગજ હાથીનાં પ્રતીકો રૂપી રાક્ષસો માર્યા. પરંતુ તેમનાં ચામડાં યૌગિક શક્તિનો નાશ થવા દેતાં નથી માટે આપે તેમનાં વસ્ત્રો પહેર્યાં.

હે ત્રિલોચન ! તમે અમારા કામ, ક્રોધ આદી દુશ્મનોનો સંહાર કરો અને અમને પવિત્ર કરો જેથી અમારા દેહનું ચામડું (ચર્મ) તમે ધારણ કરો.

- ૐ -

***ભગવાન શિવજીની જીવનશૈલીમાંથી એવો સંદેશ મળે છે કે, "Minimum Requirements with maximum happiness and supreme joy."***
***(ઓછામાં ઓછી જરૂરિયાતો અને વધારામાં વધારે સુખ અને દિવ્ય આનંદ.)***

# પુષ્પ : ૧૩ જગ તરછોડે તેને શિવ સ્વિકારે

મંદિરમાં દાખલ થતાં પહેલાં સોપાનો ચઢવાં પડે. તે પછીથી મંદિરમાં પ્રવેશ મળે. જીવને શિવ થવા માટે પણ ભક્તિનાં સોપાન ચઢવાં પડે. તે પછી જ શંભુના હૃદય પ્રદેશમાં પ્રવેશ મળે. પ્રથમ આવે નંદી-પોઠિયો. નંદી માણસને કોઈ રીતે કામનો નહીં. તેનો સ્વભાવ તદ્દન જડ અને જીદ્દી. તે પોતે ગાય, ભેંસ અને બળદ જેવાં પ્રાણીઓથી પણ અધિક ખાય, પણ કોઈપણ પ્રકારની કમાણી કરે નહીં. જ્યારે ભૂખ લાગે ત્યારે તે અન્ય પ્રાણીઓને મારીને તેનો હિસ્સો ખાઈ જાય. તે પછીથી બરોબર રસ્તાની વચ્ચે બેસીને બીજાની સગવડ અગવડ જોયા વિના તે વાગોળ્યા કરે. તેની અંદર શારીરિક શક્તિ તો ખૂબ જ છતાં નંદી તેને ખોટી રીતે વાપરે.

હે નંદીશ્વર ! કોઇને ય ઉપયોગી નહીં તેવો નંદી જ્યારે આપને શરણે આવ્યો ત્યારે તેને ભાવભેર સ્વીકારી લીધો. તમે એની જડતાને ધ્યાનમાં લીધી નહીં, તેમ તેની ઉપયોગિતા વિષે વિચાર્યુ નહીં. તે ગાયનો પુત્ર હોવા છતાં તેનામાં પવિત્રતાનો તો છાંટોય જણાતો ન હતો. તેમ છતાં તેના અવગુણોને ધ્યાનમાં લીધા વિના તેના દુર્ગુણો સહિત નંદીને સ્વીકારી લીધો. હે પ્રભુ ! તમારી ઉદારતા કેટલી બધી !

નંદીને કશુંય ફાવે નહીં. તેની જીંદગીનું સૂત્ર જાણે કે ખાવ, પીવો અને મઝા કરો. તે સિવાય કંઈ આવડે નહીં. નંદી એટલે પૂર્ણ અજ્ઞાન જ્યારે શિવજી એટલે પૂર્ણ જ્ઞાન. પરંતુ હે દયાનીધિ ! તમે તે નંદીનો સ્વીકાર કર્યો અને તેને કહ્યું "તને ભલે બીજું કશું ફાવતું નથી. પરંતુ તું મને તારી પીઠ ઉપર બેસાડીને હું ઈચ્છુ ત્યાં લઈ જા." આમ નંદિ શિવવાહક થઈ ગયો. તેથી પ્રભુ આપ પણ નંદીકેશ્વર-નંદીના ઈશ્વર બન્યા. પ્રભુની આજ્ઞા મળે કે તરત જ જઈ શકાય તે માટે નંદી પ્રભુ શિવજી તરફ જોઈને બેસી રહ્યો છે. જ્યારે મહાદેવ શંકર તેની ઉપર બેસે ત્યારે એવું જોવા મળે છે કે અજ્ઞાન ઉપર જ્ઞાને સવારી કરી છે. પૂર્ણ જ્ઞાની પૂર્ણ અજ્ઞાનીનો સ્વીકાર કરી શકે. પરંતુ ધર્મને નહીં જાણનારાઓ કે આડંબર કરનારાઓ સાચા જ્ઞાનીનો પણ સ્વીકાર કરી શકતા નથી. આવા દૂરીજનોને

જગત સાથે છળકપટ કરીને જીવવામાં જ રસ છે.

નંદી પછીથી કાચબાની સ્થાપના કરવામાં આવી છે. કાચબાની ચાલ ખૂબ જ ધીરી હોય છે. તે પાળવા જેવો પણ નથી. તેનું વ્યક્તિગત સૌંદર્ય પણ કશું જ નથી. તે જનસમુદાયને ખાસ ઉપયોગી નહીં. તેમ છતાં હે જગદીશ્વર આપે કાચબાનો સ્વીકાર કર્યો. તમે તેને ગર્ભદ્વારમાં પ્રવેશ પહેલાં સ્થાન આપ્યું. હે પ્રભુ ! આપતો યોગીશ્વર છો. તમે જોયું કે કાચબો પોતાના ચાર પગ અને ડોક ઢાલ જેવા શરીરમાં સંકોરી લે છે. તેજ રીતે તે પાણીમાં પણ તરી શકે છે અને જમીન ઉપર ચાલી શકે છે. હે દયાનીધિ ! આપે કાચબાની આ ખાસિયતને ધ્યાનમાં લઈને યોગ સાધના કરનારા સાધકો માટે પ્રતીક બનાવી દીધો. દરેકને માટે કોઈ એકાંત સ્થળ કે ગુફામાં જઈને સાધના કરવાનું શક્ય નથી. તેને તો કુટુંબ અને સમાજમાં જીવવાનું છે. ઘણીયે બાબતો એવી હશે કે જે ગમતી નથી. પરિસ્થિતિ વિકટ અને પ્રતિકુળ બની જાય અને કોઈનો સહારો ન મળે. છતાંય કુટુંબ સમાજમાં જ રહેવું પડે. આવા સંજોગોમાં કાચબો એમ સમજાવે છે કે, જેમ હું પાણીમાં તરુ છું અને ધરતી ઉપર ચાલુ છું તે રીતે તમે પણ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં આગળ વધી જાવ. તે જ રીતે હું મારી ઈંદ્રિયો જરૂર પડયે બહાર કાઢુ છું અને જરૂર ન હોય ત્યારે મારામાં જ સંકેલી લઉં છું તે રીતે તમે પણ સંસારમાં જરૂરિયાત પૂરતી જ તમારી ઈન્દ્રીયોને વિચરવા દો. બાકીના સમયે તેને સમેટી લઈને અંતરમુખી થઈ જાવ. અંતરમુખતા સત્યંનું દર્શન કરાવે છે તો બહિર્મુખતા સુંદરમ્ નું દર્શન કરાવે છે. સુંદરમથી સત્યં તરફની યાત્રામાં શિવ (જ્ઞાન) માર્ગદીપક બને છે.

આખલો તે અમાપ, અફાટ અને બેકાબૂ શક્તિનો ભંડાર છે. તો કાચબો તે શક્તિને નાથવાની યોગ વિદ્યા સમજાવે છે. હે કરુણાકર શંભુ ! જગતને તો નંદી અને કાચબો બન્ને નકામા લાગે છે. પરંતુ તમે તેમને પાસે લઈને આખાય જગતના માનવોને સાચુ જીવન દર્શન કરાવો છો. હે પ્રભુ અમે પણ આખલાની જેમ ઈન્દ્રિય સુખોમાં પડેલા છીએ. કૃપા કરીને તમે કાચબા દ્વારા દર્શાવેલી યોગવિદ્યા શિખવાડીને તમારું દર્શન કરાવો.

- ૐ -

# પુષ્પ : ૧૪ જો ભક્તિને જ્ઞાનની દ્રષ્ટિ મળે તો....

ભગવાન વિષ્ણુએ મહેશ્વર શિવજીની ઠાઠમાઠથી પૂજા કરવી એમ વિચાર્યું. તે માટે તેમણે એક હજાર સુવર્ણ કમળ એકઠાં કર્યા. વૈકુંઠપતિ કૈલાસપતિનું પૂજન કરવા માટે બેઠા. પૂજા ધીરે ધીરે થતી જતી હતી. હવે વિષ્ણુ ભગવાને તેમની પાસેનાં કમળ ચઢાવવાની શરૂઆત કરી તેઓ એક મંત્ર બોલતા જાય અને એક કમળ ભગવાન શિવજીના લીંગ ઉપર ચઢાવતા જાય. ભગવાન શંકરે વિષ્ણુ ભગવાનને પોતાની પૂજા કરતા જોયા. ભોળાનાથને મનમાં રમુજ સ્ફૂરી. તેમના શ્રીમુખ ઉપર સ્મિત રમી રહ્યું. શિવપૂજનમાં તલ્લિન વિષ્ણુ ભગવાને શિવલીંગ ઉપર દ્રષ્ટિ ટેકવી હતી. તે પુષ્પથાળમાંથી એક એક પુષ્પ લઈને લીંગ પર ચઢાવતા પરંતુ પુષ્પથાળમાં જોતા નહીં. તે પરિસ્થિતિનો લાગ જોઈને શંકર ભગવાને થાળમાંથી એક પુષ્પ ઉપાડી લીધું. આગળ શું થાય છે તે માટે તે છૂપાઈને ઉભા રહ્યા.

વિષ્ણુ ભગવાને નવસો અને નવ્વાણું સુવર્ણ પુષ્પો શિવલીંગ ઉપર ચઢાવ્યાં. હજારમું પુષ્પ લેવા માટે તેમણે પુષ્પથાળમાં હાથ ફેરવ્યો. પરંતુ તેમને તે મળ્યું નહીં. પ્રભુ વિમાસણમાં પડયા અને વિચાર કરવા લાગ્યા કે છેલ્લું કમળ -પુષ્પ ક્યાં ગયું ? મુશ્કેલી એ ઉભી થઈ હતી કે જો તે હજારમું પુષ્પ લેવા માટે ઉઠે તો પૂજન ખંડિત થઈ જાય અને પૂજા અધૂરી રહેતાં તે નિષ્ફળ નીવડે. જો વિષ્ણુ -પ્રભુ પુષ્પ ચઢાવે નહીં તો પણ પૂજા અધૂરી રહેતાં તે નિરર્થક થઈ જાય. હવે કેમ કરવું ? વિચારતાં વિચારતાં તેમને એક ઉપાય મળી આવ્યો. ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેમણે પોતાના હાથની આંગળીઓ વડે પોતાની એક આંખ બહાર કાઢી નાંખી અને નેત્ર કમળથી વિષ્ણુ ભગવાને શિવલીંગ ઉપર પોતાનું હજારમું કમળ અર્પણ કર્યું. આ જોતાવેંત તરત જ ભગવાન આસુતોષ શંકર વિષ્ણુ ભગવાન ઉપર પ્રસન્ન થઈને પ્રગટ થયા. તેમણે પોતાનું ધનુષ્ય જેનું નામ પિનાક હતું તે વિષ્ણુ ભગવાનને આપ્યું.

ઘણીવાર એવો વિચાર આવે કે વિષ્ણુ ભગવાન સ્વયં "ભગવાન" છે. તેમણે શિવજીની પૂજા શા માટે કરવી જોઈએ ? વળી તેમણે પોતાની આંખ કાઢીને શા માટે નેત્ર કમળ ચઢાવવું જોઈએ ? ખરી વાત તો એ છે કે વિષ્ણુ અને

શિવ એટલે કે હરિ અને હરમાં કશો જ ભેદ નથી. બન્ને નિર્ગુણ પરબ્રહ્મનાં સગુણ સાકાર સ્વરૂપો છે. પરંતુ વિષ્ણુનું સ્વરૂપ ભરણપોષણ અને સંરક્ષણ કરનારું સ્વરૂપ છે. માટે વિષ્ણુ ભગવાન માયાપતિ હોવાની સાથે માયાળુ પણ છે. વિષ્ણુ ભગવાન સ્નેહ અને પ્રેમ સ્વરૂપ છે. શિવનું સ્વરૂપ સંહાર કરવાનું છે. ખેડૂત જેમ અન્નનું રક્ષણ કરવા માટે નકામું ઘાસ કાઢી નાખે કે પાકનું રક્ષણ કરવા માટે જીવાત મારી નાખે તેવા વિધાયક અર્થમાં તે સંહાર કાર્ય કરે છે. શેનો સંહાર કરવાનો તેનું જ્ઞાન હોવું જરૂરી છે. અહીં ભક્તિતત્ત્વ ભૂલથી અવિચારીપણે લાગણીના પૂરમાં તણાઈ ન જાય તે માટે તેને સાચી દ્રષ્ટિની જરૂર રહે છે. માટે ભક્તિને જ્ઞાનની આંખની જરૂર પડે છે. તેથી વિષ્ણુ તત્ત્વ દ્વારા ભક્તિ અને જ્ઞાન એ બેનો સંગમ થાય છે. વળી અહીં તે પણ સ્પષ્ટ થાય છે કે ભક્તિ અને જ્ઞાન એક સિક્કાની બે બાજુઓ છે. ભક્તિથી હૃદય દ્રવે છે અને જ્ઞાનથી તેને આકાર મળે છે. અહીં જ્ઞાનની ગંગા અને ભક્તિની યમુનાનો સંગમ થાય છે. હે પ્રભુ ! તમે અમને તેનાથી નવડાવો.

- ૐ -

### સમર્પણ

*કર્યું મેં સમર્પણ પ્રભુ તે સ્વીકારો*
*વળી સાથ લાવ્યો અહંકાર મારો. (ધ્રુવ પંક્તિ)*

- *પળે પળ સ્મરણ હો હૃદયમાં તમારું*
  *સેવા મહીં જાય આયુષ્ય મારું*
  *રહે ખ્યાલમાં આપના બસ વિચારો ... કર્યું મેં ....*
- *તડપ હો દિલે આપનાં દર્શનોની*
  *ધરું હું વિભુ ! કર્મની ફૂલદાની*
  *કૃતિ જે કરું તે સ્મૃતિમાંહી ધારો ..... કર્યું મેં ....*
- *ધરું ભોગ મારા પ્રભુ હું તમોને*
  *અભિષેક હું પ્રેમનો દઉં તમોને*
  *તમે થાવ માલીક હું નોકર તમારો.... કર્યું મેં....*
- *નથી કાંઈ કરવું નથી કાંઈ ભરવું*
  *હો ઈચ્છા તમારી તે કામ કરવું*
  *હૃદય મંદિરે આપ સ્નેહે પધારો .... કર્યું મેં....*

## પુષ્પ : ૧૫ શંભુ : ગુણ સૌંદર્યના ચાહક

નંદી અને કાચબાની બેઠક પછીથી એક ખંડમાં ભગવાન ગણેશ તથા હનુમાનજી બિરાજેલા જોવા મળે છે. ગણપતિ કેવળ શિવજીના પુત્ર છે તે કારણે જ તેમણે શિવ દરબારમાં સ્થાન નથી મેળવ્યું. પરંતુ તેમની વિશિષ્ટ મહત્તાને કારણે તે શિવ દરબારના સભ્ય છે. તેમની પાસે દૈવી ગુણોનો ખજાનો છે. તેઓ બુદ્ધિશાળી છે અને કોઈપણ દેવી, દેવતાના પૂજન પહેલા તેમનું પૂજન થાય તેવા આદરપાત્ર દેવ છે. વૈદિક સંસ્કૃતિનું (હિંદુ સંસ્કૃતિનું) ગૌરવવંતુ પાસું એજ છે કે આ સંસ્કૃતિ અને ધર્મએ ગણપતિના પૂજન દ્વારા બુદ્ધિપૂજાને મહત્ત્વ આપ્યું છે. એકવીસમી સદીના પ્રારંભે કોમ્પ્યુટરે ઘણું ઘણું મહત્ત્વ મેળવ્યું છે. આ સદીને "કોમ્પ્યુટર એજ" તરીકે ઓળખાવાય છે. કોમ્પ્યુટર બુદ્ધિનો સંગ્રહ કરનારું યંત્ર છે. તેનું સંચાલન "માઉસ" દ્વારા થાય છે. અંગ્રેજીમાં માઉસ તે આપણી ભાષામાં ઉંદર કહેવાય. જો કોમ્પ્યુટર માઉસથી ચાલે તો ગણપતિ માઉસ પર સવાર થઈને કેમ ન ચાલે ? ગણપતિએ ઉંદર પર સવારી કરી છે કારણ કે ઉંદર અંધકારનું પ્રતીક છે. વળી તે જુદી જુદી વૃત્તિઓનું પણ પ્રતીક છે. ગણેશ બુદ્ધિનો ભંડાર છે. જો વૃત્તિઓ સદ્‌બુદ્ધિ ઉપર સવાર થાય તો દુર્વૃત્તિઓ ફાવી શકતી નથી.

બુદ્ધિના દેવ ગણપતિની બીજી ઘણી વિશિષ્ટતાઓ છે. તે ઓછું બોલીને અને ઘણું વિચારીને સમજણપૂર્વક ડગલાં ભરે છે. વળી તે ગણોના નાયક-ગણનાયક છે. તે વિઘ્નહર્તા વિઘ્નેશ્વર છે તો સહુની વાતો પેટમાં રાખનારા લંબોદર પણ છે. ગણપતિનું સૌંદર્ય વખાણવા જેવું નથી. કોઈ યુવતી ગણેશની પ્રાર્થના કરીને તેમની પાસે વરદાન માગે કે પ્રભુ મને સારો પતિ આપજો પરંતુ તમારા જેવા દેખાવવાળો નહીં. કોઈ સ્ત્રી તેમની જ પાસે પુત્ર માગે. તે પણ કહે કે પ્રભુ પુત્ર આપજો પરંતુ તમારા જેવો નહીં. છતાંય, ગણેશ ભલે કુરૂપ લાગે તોય તે શિવદરબારમાં મુકુટમણિ જેવા શોભે છે.

એજ ખંડમાં મહાવીર હનુમાનજી સ્થાન શોભાવે છે. હનુમાનજી બુદ્ધિમાનોમાં વરિષ્ટ બુદ્ધિમાન છે. તે બળમાં પણ બધાંથી ચઢીયાતા અને ભગવાન રામનાં ચરણોમાં જીવનને સમર્પિત કરી દીધેલા પરમ રામ ભક્ત છે. તે અષ્ટ સિદ્ધિના સ્વામી, અનેક વિદ્યાઓના જાણનારા તેમજ યોગવિદ્યાના જ્ઞાતા

છે. ભગવાન શંકરના અગિયાર રુદ્રોમાંના તે એક રુદ્ર છે. કપિરાજ હનુમાનજીએ ઉર્ધ્વરેતસ સાધના કરેલી છે. સંગીત અને વ્યાકરણના તે જ્ઞાતા છે. અતુલિત બળશાળી મારુતિમાં બુદ્ધિ અને બળની સમતુલા ખૂબ જ સુંદર રીતે સચવાયેલી છે. બુદ્ધિ અને બળવાળી વ્યક્તિ ભાગ્યે જ સમર્પણ કરી શકે છે. તેમ છતાંય હનુમાનજીએ સમર્પણ કરી બતાવ્યું છે. મારુતિએ ભગવાન રામના દાસ તરીકે તેમની ભક્તિ કરી છે તે કારણે હનુમાનજી દાસ્ય ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

મહાબલી હનુમાનજીની મહત્તાનાં ગુણગાન ગાતાં પાર આવે નહીં. ગણેશની જેમ હનુમાનજી પણ કદરૂપા છે. તેમના જેવા રૂપવાળું સંતાન કે પતિ કોઈપણ સ્ત્રી ઈચ્છે નહીં. હે ઉમાપતિ મહાદેવ ! તમારા દરબારનાં તે બન્ને રત્નો છે. તમે તેમની કુરુપતા તરફ નથી જોયું. તમે તેમની શક્તિઓ અને સ્નેહ તરફ દ્રષ્ટિપાત કર્યો છે. હે કૃપાળુ તમે દેહ સૌંદર્ય કરતાં ગુણ સૌંદર્યને વધારે મહત્ત્વ આપ્યું છે. હે કૃપાનિધિ ! તમે ગણેશમાં ગુણેશને નિહાળ્યા છે અને કપિરાજમાં કર્મવીરને જોયા છે. સામાન્ય માનવી તો શરીરનો રંગ અને તેનો દેખાવ જોઈને સારા - ખરાબનો નિર્ણય આપે. પરંતુ તમે તેમના ગુણ અને ભાવ જોઈને સ્વીકાર્યા છે. હે જગદીશ્વર તમે અમારી પરિસ્થિતિને નિરખો. અમારા દેહ સૌંદર્યની કશી કિંમત નથી તો વળી ગુણોનું ઠેકાણું નથી. આવી દશામાં હે નાથ ! અમે જેવા છીએ તેવા મનુષ્યોનો સ્વીકાર કરો.

- ૐ -



## પુષ્પ : ૧૯ ભાવ સામે ભાગનું યુદ્ધ

એક સમયે નારદજી વૈકુંઠથી નીકળીને કૈલાસ તરફ જતા હતા. તેમના હોઠ પર તોફાની સ્મિત ઉભરાઈ રહ્યું હતું. થોડી થોડીવારે વીણાના તાર મનમાં ચાલતાં વિચારોની પુષ્ટિ કરવા માટે ઝણઝણ્યા કરતા હતા. તેમણે તપાસ કરી લીધી હતી કે ભગવાન શંકર કૈલાસમાં ન હતા. માતા પાર્વતી પણ પિતા હિમાલયને મળવા ગયાં હતાં. હવે તેમને જે કરવાનું હતું તે થઈ શકે તેમ હતું. તેમણે કૈલાસ પ્રવેશ કર્યો અને સીધા જ કાર્તિકેયના આવાસે પહોંચી ગયા. થોડી ઔપચારિક વાતો પછીથી નરદજીએ કહ્યું કાર્તિકેય ! તેં તારા ભવિષ્યનો વિચાર કર્યો છે ખરો? કાર્તિકેયે ઉત્સુકતાથી પૂછ્યું મહારાજ ! શેનો ? ગંભીર અને દુઃખી ચહેરે નારદજીએ કહ્યું : શંભુ તો ભોળાનાથ છે. તેમને જો દેવ દાનવો ઝેર પીવડાવે તો તે ઝેર પી લે. એ જ દેવો અને દાનવો તપશ્ચર્યા કરે તો તેમને તે જે માગે તે આપી દે. કોઈને સમૃદ્ધિ આપી દે, કોઈં સત્તા અને સુખ આપી દે તો વળી કોઈને અફાટ સંપત્તિ આપી દે. મને એ વાતનું દુઃખ થાય છે કે હવે તું અને ગણેશ બન્ને મોટા થયા. તમારાં લગ્ન થશે અને ઘરસંસાર કરશો ત્યારે શું તમારે સંપત્તિ નહીં જોઈએ ? આ રીતે ભોળા શંભુ ભોળપણમાં આપ્યા જ કરશે તો તમારે ભાગે શું આવશે ? કાર્તિકસ્વામી પણ શંકર ભગવાન જેવા સરળ અંતઃકરણના હતા. નારદજી જેવા પ્રભુ ભક્ત આ રીતે શિખામણ આપવા આવે તે વિચાર કરવા જેવું હતું. તેમ છતાં પિતા શિવજી માટે આ રીતે વિચારી શકાય નહીં તેમજ સંદેહ પણ કરાય નહીં.

કાર્તિકેય મૌન રહ્યા. તે જોઈને નારદજીએ કહ્યું કે, જો તમે સમયસર ચેતશો નહીં તો પસ્તાશો. તે સાંભળીને કાર્તિકેયે કહ્યું કે તો અમારે શું કરવું જોઈએ ? ધીરા સ્વરે નારદજીએ કહ્યું, આ વાત ગણેશને પણ સમજાવો અને તમે બન્ને જઈને શિવજીને કહો કે પિતાજી હવે અમે મોટા થયા છીએ. અમારે અમારું ઘર વસાવવું છે. માટે તમારી સંપત્તિના ભાગ અમને વહેંચી આપો. તે સાંભળી કાર્તિકેય વિચારે ચઢ્યા. નારદજી "જો જો હં... !" કહીને ત્યાંથી ચાલ્યા ગયા. કાર્તિકેયને નારદજીની વાત સાચી લાગી. તે ગણપતિ પાસે પહોંચ્યા. ગણેશજી શાંતિથી બેઠા હતા. કાર્તિકેયે નારદજીએ કહેલી વાત જણાવી. ગણેશજી હસવા

લાગ્યા અને બોલ્યા - "મોટાભાઈ ! વાતમાં કંઈ માલ નથી. ઉલટાનું પિતાશ્રી ક્રોધે ભરાશે તે જૂદું. તેમ છતાં કાર્તિકેયે આગ્રહ જારી રાખ્યો. છેવટે ગણપતિને થયું કે મોટાભાઈ કહે છે તે પ્રમાણે જો ભાગ મળી જતો હોય તો ખોટું નથી. બન્ને ભાઈઓ સદાશિવની આવવાની રાહ જોવા લાગ્યા.

શિવજી કૈલાસમાં પધાર્યા. બન્ને ભાઈઓ પ્રભુ પાસે ગયા. ત્યાં માતા પાર્વતી પણ બિરાજ્યાં હતાં. ધીમેથી કાર્તિકેયે ભાગ વહેંચવાની વાત કરી. તે સાંભળીને શિવજી ચોંકી ગયા. માતા પાર્વતી પણ દુઃખદ આશ્ચર્યથી જોવા લાગ્યાં. પરંતુ ગણેશજીએ પણ તે જ વાત દોહરાવી. મહેશ્વરે ધ્યાનમાં બધી વાત જાણી લીધી. તે મર્માળુ હસ્યા. તેમને નારદજીનો ખેલ સમજાઈ ગયો.

તેમણે સહજ ચેતવણી આપતાં કહ્યું : જે કાંઈ કરો તે વિચારીને કરો. તમને અત્યારે શેની જરૂરીયાત છે ? જે જોઈએ તે બાપ પાસે માગી લો. પરંતુ આ ભાગ વહેંચવાની વાત કંઈ યોગ્ય નથી લાગતી. તેમ છતાં બન્ને ભાઈઓએ માગણી ચાલુ રાખી.

પ્રભુએ પણ પોતાની નટખટ લીલા શરૂ કરી. તેમણે ગળામાંથી સાપ કાઢ્યા થોડાક કાર્તિકેયને આપ્યા અને થોડા ગણેશને આપ્યા. તેજ રીતે તેમણે વીંછી વહેંચી આપ્યા. તે પછી તેમણે મૃગચર્મ અને ગજ ચર્મ વહેંચી આપ્યાં. કોઈને ત્રિશૂળ તો કોઈને ધનુષ્ય, એકને શંખ તો બીજાને ડમરુ વહેંચી આપ્યાં. છેવટે સ્મશાનમાં લઈ જઈને સરખે ભાગે સ્મશાન ભૂમિ આપી. ત્યાં પડેલી ભસ્મ અને ખોપરીઓ પ્રભુએ બન્નેને સરખે ભાગે આપી. આ જોઈને કાર્તિકેય અને ગણેશ ગુંચવાઈ ગયા અને દિગ્મૂઢ થઈ ગયા. બન્નેને સંબોધીને પ્રભુએ કહ્યું કે, મારી જે સંપત્તિ હતી તે વહેંચી આપી છે. તમે તે લઈને સુખી થાવ. બન્ને ભાઈ શરમાઈ ગયા. તેમને નારદજી ઉપર ગુસ્સો આવ્યો. તેમને થયું કે પિતાજી માગ્યા વગર બધું જ આપે છે તો આપણે માગીને શા માટે વામણા થયા ? બન્ને ભાઈઓએ ગદ્‌ગદ્‌ થઈને પોતાના કૃત્ય બદલ ભગવાન શિવજીની માફી માગી. ભગવાને બન્નેને મંદમંદ હસતાં પોતાની આજુબાજુ બેસાડ્યા.

પુરાણની આ વાત સામાન્ય સંસારના ઝઘડા જેવી લાગે છે પરંતુ અહીં તે સમજવું જરૂરી છે કે જે પિતા વાત્સલ્ય ભાવે પુત્રોને ઉછેરતા હોય તેની પાસે ભાગ માંગીને તેમનું હૈયુ ભાંગી નાખવું તે શું યોગ્ય છે ખરું ? વળી પિતાની ભૌતિક સંપત્તિ કરતાં આધ્યાત્મિક, આત્મિક, પારમાર્થિક સંપત્તિ ઘણી હોય

તોય સ્થુળ સંપત્તિ જ શ્રેષ્ઠ છે શું ? અહીં એમ સમજાય છે કે, આધ્યાત્મિક અને આત્મિક તેમજ ભાવાત્મક સંપત્તિ પાસે સ્થુળ સંપત્તિ રાખ જેવી છે, અને પિતાનું દિલ દુભાવીને મેળવેલી સંપત્તિ સાપ અને વીંછીની જેમ ડંખ દઈને દુઃખી કરનારી છે. નિલકંઠ પ્રભુએ બીજાને બચાવવા માટે ઝેર પીધું જેથી બીજાને અમૃત મળે. તેથી તો જેમણે અમૃત પીધું તે દેવ કહેવાયા અને જેમણે ઝેરી પીધું તે શંભુ મહાદેવ કહેવાયા. શિવપુત્રોના ઝઘડાની કથા દ્વારા એમ કહી શકાય કે, હક્ક દ્વારા મેળવેલા ભાગ મોટેભાગે હૃદયના પણ ભાગ કરી નાખતા હોય છે. તે પછીથી ભાઈ જ એક બીજાને માટે ભય બની જતા હોય છે અને રાખ જેવી સંપત્તી માટે દુશ્મન બની જાય છે. હે પ્રભુ ! અમે તો વામણા માણસો છીએ. હે કરુણાકર મહેશ ! તમે અમારી લઘુતા મટાડીને હૃદયની ઉદારતા અને મનની વિશાળતા અર્પો.

- ૐ -

### વંદના સ્વીકારજો

*હે સદાશિવ હે મહેશ્વર, વંદના સ્વીકારજો*
*આદિદેવ જગત્પિતા હે, સ્મરણરસ પીવડાવજો...*
*ધવલ ગિરિ શૃંગે તમે, સ્થિર આસને બિરાજતા,*
*ચંદ્ર રેખા ભાલ પર, ને જ્હાનવી શીશ ધારતા,*
*ભસ્મ લેપનથી પ્રભુજી દેહને નીખાર જો ..... હે સદાશિવ...*
*ધીનૂ તડક થૈ ધીનૂ તડક થૈ, નૃત્ય મુદ્રા શોભતી,*
*તાંડવે સૃષ્ટિ સકળ થઈ, એક રૂપે ઓપતી,*
*હર અણુ બ્રહ્માંડનાં ત્યાં નૃત્યલીલા નચવજો ..... હે સદાશિવ...*
*રુદ્રવિણા બજવતા, મુજ હૃદય વિણા ઝણ ઝણે,*
*ડમૂ ડમક ડમરુ બજે ત્યાં, ઉર્મિ સાગર ઘૂઘવે,*
*દુઃખ હર કલ્યાણકર શિવ, ચરણ શરણું આપજો ..હે સદાશિવ..*
*નૃત્ય સંગીત ગીતના, આચાર્ય છો નટરાજ હે,*
*વિદ્યા કલા ગુરુવર્ય છો, જગમાં પ્રથમ ધીરાજ હે*
*જ્ઞાન ને કલ્યાણની રીમઝીમ વિભુ રેલાવજો ..... હે સદાશિવ...*

## પુષ્પ : ૧૭ શિવાલયમાં પ્રવેશ કરતાં

શિવાલયના મંડપમાં નંદી અને કાચબો તથા ખંડમાં શ્રીગણેશ અને હનુમાનજીનાં દર્શન પછી ગર્ભગૃહમાં પ્રવેશ કરાય છે. માતાના પેટમાં જેમ ગર્ભ વિકસિત થાય છે તેમ ગર્ભગૃહમાં ભક્તિનો વિકાસ થતાં ભક્તિના વાહક ભક્તને પ્રવેશ મળે છે. ગર્ભગૃહમાં દરેકને પ્રવેશ મળતો નથી. ત્યાં તેને જ પ્રવેશ મળી શકે જેણે પોતાની સઘળી શક્તિઓ નંદીની જેમ ઈશ્વર તરફ વાળી હોય અને કાચબાની માફક ઈંદ્રિય નિગ્રહ કર્યો હોય. તે પછીથી બુદ્ધિ ગણેશજીની જેમ શુદ્ધ, શુભ, રચનાત્મક અને શાંત કરી હોય. ત્યારબાદ મનને બહેકાવતી ભાવાત્મક લાગણીઓને શુભ, બુદ્ધિ દ્વારા હનુમાનજીની જેમ પ્રભુ સમર્પિત કરી હોય. આવો ભક્ત ગર્ભગૃહમાં પ્રવેશ કરી શકે છે.

ગર્ભગૃહમાં આદ્યશક્તિ માતા પાર્વતી તેમજ મહેશ્વર શિવજીના શિવલિંગની સ્થાપના કરાયેલી હોય છે. આદ્યશક્તિ માતા પાર્વતી જગન્માતા છે. સામાન્ય સ્ત્રી દ્વારા બાળકને દેહ મળે છે અને સામાન્ય કહેવાય તેવા પુરુષ દ્વારા બાળકમાં પ્રાણતત્ત્વ પ્રગટે છે. તેને કારણે જીવંત બાળકનો જન્મ થાય છે. તે જ રીતે આદ્યશક્તિ મા પાર્વતી પ્રકૃતિ સર્જે છે અને પરમપિતા શંકર દ્વારા સમસ્ત પ્રકૃતિમાં પ્રાણતત્ત્વ પ્રગટે છે. તેને કારણે જીવંત સૃષ્ટિનો જન્મ થાય છે. તે જ રીતે આદ્યશક્તિ મા પાર્વતી પ્રકૃતિ સર્જે છે અને પરમપિતા શંકર દ્વારા સમસ્ત પ્રકૃતિમાં પ્રાણતત્ત્વ પ્રગટે છે. સમગ્ર વિશ્વ તે પ્રાણતત્ત્વ દેનાર પુરુષ અને પ્રકૃતિનો જ વિલાસ છે.

માતા પાર્વતી પરમ શક્તિનું પ્રતીક છે. આધુનિક સમયમાં અણુશક્તિનો વિસ્ફોટ થતાં કેટલો વિનાશ થઈ શકે છે તેની સહુને ખબર છે. જો જડ અણુ શક્તિ આટલી બધી વિનાશકારી તેમજ શક્તિશાળી હોય તો ચૈતન્યમયી પરમશક્તિ જગદંબાની શક્તિનો અંદાજ લગાવવો કઠીન છે. માતા પાર્વતી જેવી પરમ શક્તિ સાથે હોવા છતાં હે મહેશ્વર શંભુ ! તમે શાંત, પ્રશાંત છો. તમે આદ્યશક્તિના તેજસ્વી પ્રવાહને જીરવી શકો છો. તેજ આપની મોટાઈ છે. જગન્માતા પાર્વતી સૌમ્ય સ્વરૂપે ઉમા કે પાર્વતી રૂપે વિલસે છે. તે જ મા પાર્વતી ક્રોધે ભરાય ત્યારે દુર્ગા, અંબા - ચામુંડાના સ્વરૂપે જણાય છે. જ્યારે તે ક્રોધની

પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે તે કાલ સ્વરૂપે કાલી બનીને પ્રગટે છે. હે પ્રભુ તમે મહાકાલીને સહજ ભાવે સ્વીકારનારા મહાકાલ છો.

મહાદેવ શંભુ સગુણ સાકાર રૂપે પૂજાય છે તે જ રીતે નિર્ગુણ સાકાર શિવ લિંગ રૂપે પણ પૂજાય છે. લિંગ આમ તો નિર્ગુણ નિરાકારનો સંકેત કરે છે. પરંતુ નિરાકારની સ્થૂળ પૂજા થઈ શકતી નથી માટે અંડાકાર શિવલિંગની પૂજા થાય છે. ઈંડા જેવો આકાર આવ્યો એટલે તે સાકાર તો ગણાય જ પરંતુ તેનું કોઈ ચોક્કસ સ્વરૂપ ન હોવાને કારણે તે નિરાકારનો નિર્દેશ કરે છે.

શિવલિંગનો ઈંડા જેવો આકાર એટલે આવ્યો કે જે બ્રહ્મ પરમ શક્તિનું પ્રાગટ્ય થયું તેનો વ્યાપ ઈંડાના આકાર પ્રમાણે થયો. તે શિવલિંગને જળાધારી ઉપર મૂકાયું. શિવલિંગનો અર્ધો અંડાકાર ભાગ શંકર ભગવાનનું સાકાર સ્વરૂપ બતાવે છે અને જળાધારી કે જે પ્રકૃતિનું યોની સ્વરૂપ છે તેમાં અદ્રશ્ય સ્વરૂપે સમસ્ત પ્રકૃતિના સર્જનનું કારણ ગણાય છે. લિંગ અને યોની સ્વરૂપ પ્રકૃતિની સાંકેતીક વાતને કેટલાક લોકો અભ‹ સ્વરૂપે રજુ કરે છે. તે શ્રદ્ધાળુ ઓને ગેરમાર્ગે દોરી જાય છે. સંસ્કારી સમાજે પોતે અંધશ્રદ્ધામાંથી બહાર નીકળીને અન્યને પણ આવી માન્યતાઓથી બહાર કાઢવાની જરૂર છે. હે દેવેશ! આપના શિવાલય પ્રવેશ માટે અમને યોગ્ય બનાવો. અમને ભ્રાંત અને જડ માન્યતાઓના અંધારામાંથી સત્યના પ્રકાશ તરફ લઈ જાવ.

- ॐ -



## પુષ્પ : ૧૮ આદર્શ ગૃહસ્થાશ્રમ

ઘણીવાર એવું જોવા મળે છે કે, આધુનિક જરૂરિયાતો અને સાગર જેવા વૈભવની જ્યાં રેલમછેલ થતી હોય તેવા વિશાળ ભવનમાં રહેનારા ભદ્ર સમાજનાં સ્ત્રી પુરુષોનાં જીવનમાં હૈયાહોળી સદાય ભડભડ સળગતી રહે છે. આધુનિક ઉપકરણો કે સંપત્તિ જીવનની ગરીબીને મટાડી શકતા નથી. તે કેવળ આજિવિકાની ચિંતાને ટાળી શકે છે. અનેક પકવાન ખાવાનાં મળે તેમ છતાં જમવાનો રસ રહેતો નથી. કંકાસ અને કજીયાનાં આવાં સ્થાનો કાયમનાં ઘર બની રહે છે; જ્યારે વસ્તુઓની ઉણપ હોય, જગાની અછત હોય અને વિપરીત પરિસ્થિતિ હોય તેવા પરિવારોમાં સ્નેહ, સ્વાર્પણ હોય અને આત્મિયતા છલોછલ ભરેલાં દેખાય છે.

પરમત્યાગી મહાદેવ શંભુ અને એમના પરિવાર વિષે વિચાર કરવા જેવો છે. શિવજી હંમેશાં બ્રહ્માનંદની મસ્તીમાં રહે છે. મા પાર્વતી કુટુંબ સંભાળે છે. ગણેશજીનો સ્વભાવ ઓછાબોલો અને શાંત છે. કાર્તિકેયમાં ઉગ્રતા અને ઉતાવળ જણાય છે. તેમ છતાં બધાં સાથે રહે છે. તેમનાં વાહનો ઉપરથી જ જાણી શકાય કે શિવજીનો પરિવાર આદર્શ ગૃહસ્થાશ્રમનું પ્રતીક છે. ભગવાન શિવજીનું વાહન પોઠિયો છે. મા પાર્વતીનું વાહન સિંહ છે. ગણેશનું વાહન ઊંદર છે તો શિવજીને ગળે નાગ છે. તો વળી કાર્તિકેયનું વાહન મોર છે. આમ દરેકનાં વાહનો જુદાં જુદાં છે.

ઉપર દર્શાવેલાં શિવ પરિવારનાં વાહનો વિષે વિચાર કરવો રહ્યો. આખલાને સિંહ મારી નાખે. શિવજીનો નાગ ગણેશના ઉંદરનું ભક્ષણ કરી જાય. નાગને કાર્તિકેયનો મોર મારી નાખે. પરંતુ શિવ પરિવારમાં આવું ક્યાંય બનતું નથી. ઉપરોક્ત પ્રાણીઓને જન્મજાત વેર હોવા છતાં તે બધાં એકબીજા સાથે સંપીને રહે છે. જો પશુઓ પોતાનાં જન્મજાત વેર ભૂલી જઈને એકમેક સાથે પ્રેમથી રહી શકતાં હોય તો તે ઘણું જ સ્વાભાવિક છે કે શિવ પરિવારનાં બધાં જ સદસ્યો વિવિધ મતભેદો છતાં પ્રેમ અને સમર્પણના તંતુથી બંધાઈને રહે.

શિવજી પાસે મહેલો નથી. જે છે તે બિહામણી સ્મશાન ભૂમિ છે. ત્યાં ભોજનની મહેફિલો જામતી નથી, ભલેને કંદમૂળ, ફળ કે સાદાં ભોજન હોય પરંતુ બધાં એકબીજાને વહેંચીને આરોગે છે. અહીં નાના ઉંદરડાનો જીવવાનો

અધિકાર વનકેસરી સિંહ છીનવી લેતો નથી કે છીનવી શકતો નથી. આ ઘરમાં સાપ ઈર્ષા અને વેરનાં વિષ ફેલાવતા નથી. પોઠિયાની મૂઢતા ઉપર કોઈ મજાક કરતું નથી. આ સ્થાનમાં મોરને સૌંદર્ય સ્પર્ધામાં પ્રથમ આવીને બીજાની હાંસી ઉડાવવામાં રસ નથી.

હે પ્રભુ ! તમારા દિવ્ય પરિવારમાંથી એ પ્રેરણા મળે છે કે વ્યક્તિમાં શક્તિ, બુદ્ધિ, સંપત્તિ, સત્તા, સૌંદર્ય કે જ્ઞાન ઓછાંવત્તાં હોઈ શકે છે. પરંતુ પરિવારમાં કોઈપણ પોતાની મહત્તા ગાઈને બીજાની ઉણપની મશ્કરી કરતું નથી. અહીં મતભેદને અવકાશ હોઈ શકે પરંતુ મનભેદ નથી. અહીં પરસ્પર પ્રેમ અને વિશ્વાસનું વાતાવરણ જોવા મળે છે. હે પ્રભુ - સદાશિવ ! આપે પરિવારની એક અનોખી વ્યાખ્યા આપી છે તે એ કે અનેકતામાં પણ એકતા. આપના નિવાસસ્થાને પ્રેમ છે પરપીડન નહીં. આપને ત્યાં આવકાર છે પરંતુ તિરસ્કાર નથી. બધા જ પરિવારો આ રીતે થવા જોઈએ. હે મહેશ્વર ! આપ અમારા પરિવારને દિવ્યતા અર્પો, સુખ અને શાંતિ તથા એકતા અર્પો એ જ પ્રાર્થના.

- ૐ -

**આવું હું તારે બારણે**

*આવું ભગવાન તારે બારણે,*
*ષડ્‌રિપુ સોંપવાને કારણે..... આવું...*
*પ્રેમને કરુણા તો તારાં ગુલાબ છે,*
*કામ ક્રોધ ઈર્ષાના કંટક પણ સાથ છે*
*ડંખને ઝૂલાવ સ્નેહ પારણે .. આવું...(૧)*
*કામનાં કુસુમોની માળા બનાવું,*
*ક્રોધની અગનના હું દીવા જલાવું,*
*મોહની મોહિની દેવા કારણે.... આવું...(૨)*
*ચરણે ધરવો મારે લોભનો ખજાનો,*
*ફરકાવું ધ્વજ મારા મદનો મજાનો,*
*ઈર્ષાનો ધૂપ લાવું નાથ રે.. આવું...(૩)*
*દુર્ગુણો જોઈ મારા જગ મુજને ડારે,*
*શંભુ સમજાવ મને જાઉં ક્યાં મારે,*
*સ્નેહે સ્વીકાર તારા પ્રાંગણે .... આવું...(૪)*

## પુષ્પ : ૧૯ અર્ધનારીશ્વર

બ્રહ્માજી ખૂબ જ મુંઝાઈ ગયા હતા. એમણે માનસ પ્રજા સર્જી પરંતુ તે પ્રયોગ નિષ્ફળ નીવડયો હતો. તે પ્રજાનો પ્રજાતંતુ ટૂંકો હતો. માનસ પ્રજા લાંબુ ટકી શકી નહીં તે કારણે બ્રહ્માજી ખૂબ જ દુ:ખી થઈ ગયા હતા. તેમણે વિચાર્યુ કે મારે કયા પ્રકારની અને કઈ પદ્ધતિથી પ્રજા સર્જવી જોઈએ તે અંગે કેવળ મહેશ્વર શિવજી જ માર્ગદર્શન આપી શકે. તેમણે શિવજીને પ્રસન્ન કરવાનું વિચાર્યુ. બ્રહ્માજીએ પૂર્ણ સમર્પિત ભાવે શિવજીની તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. તે સાથે તેમણે મા આદ્યશક્તિની પ્રાર્થના પણ કરી કેટલાક સમય પછીથી શિવજી અને આદ્યશક્તિ એક સાથે જ પ્રગટ થયાં. ભોળાનાથે બ્રહ્માજીને જાગૃત કર્યા. બ્રહ્માજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ અગાઉ શંકર ભગવાનને મળવાના ઘણા અવસર મળ્યા હતા. પરંતુ આ દર્શન અદ્‌ભૂત હતું. ભગવાન શિવજી અને મા આદ્યશક્તિનાં અડધાં અડધાં અંગ એકબીજા સાથે જોડાયેલાં હતાં. અડધુ અંગ શિવનું અને અડધું અંગ આદ્યશક્તિનું એમ બન્ને અર્ધાં અંગો જોડાઈને પ્રભુ અર્ધનારીશ્વર બન્યા હતા.

બ્રહ્માજીએ અર્ધનારી નટેશ્વરનું અલૌકિક દર્શન કરીને તેમને માનસ પ્રજાના સર્જનની નિષ્ફળતાની વાત કરી. તે સાથે તેમણે પૂછયું કે હવે મારે નવી સૃષ્ટિ કેવી રીતે રચવી જોઈએ ? તે સાંભળીને ભોળાનાથે કહ્યું કે, બ્રહ્માજી તમારે મૈથુની સૃષ્ટિનું સર્જન કરવું જોઈએ. મૈથુની સૃષ્ટિ માટે સ્ત્રી અને પુરુષ બન્નેની જરૂર પડે છે. આટલું કહીને શંકર ભગવાન અદ્રશ્ય થઈ ગયા. ત્યાર બાદ બ્રહ્માજીએ આદ્યશક્તિને કહ્યું કે હે જગન્માતા ! મૈથુની સૃષ્ટિ માટે સ્ત્રીની જરૂર પડશે. માટે હું વિનંતી કરું છું કે તમે મારા માનસપુત્ર દક્ષને ત્યાં જન્મ લેજો. ત્યાર બાદ તમે શિવજી સાથે લગ્ન કરજો જેથી વિશ્વમાં ભગવાન શંકરે કહેલી મૈથુની સૃષ્ટિનો સફળ પ્રયોગ કરી શકાય. આદ્યશક્તિએ બ્રહ્માજીની વાત માની લીધી અને સસ્મિત વદને અદ્રશ્ય થયાં.

અર્ધનારીશ્વરની અદ્‌ભુત વાત કેટલી બધી વૈજ્ઞાનિક છે ! પુરુષ અને સ્ત્રીના સમાગમ પછીથી જે બાળક જન્મે છે તેને માટે ત્રણ શક્યતાઓ છે. પહેલી

શક્યતા એ કે તે પુત્ર (પુરુષ) હોય. બીજી શક્યતા એ કે તે પુત્રી (સ્ત્રી) હોય અને ત્રીજી શક્યતા તે એ કે તે બાળક નપુંસક હોય. જ્યારે ગર્ભમાં પુરુષનાં વીર્યકણો સ્ત્રીના રજ કરતાં વધારે હોય ત્યારે પુત્ર (પુરુષ) જન્મે. જો સ્ત્રીરજના કણો પુરુષના વીર્યકણ કરતાં વધારે હોય ત્યારે પુત્રી (સ્ત્રી) નો જન્મ થાય. પરંતુ રજ અને વીર્યકણો સરખાં હોય ત્યારે નપુંસક સંતાન જન્મે.

આ બાબતને જરા બીજી રીતે પણ જોઈ શકાય. હરેક પુરુષમાં અર્ધી સ્ત્રી છૂપાયેલી છે. તે જ રીતે હરેક સ્ત્રીમાં અર્ધો પુરુષ છૂપાયેલો છે. આ બાબત તો આધુનિક વિજ્ઞાને સિદ્ધ કરેલી છે. તે રીતે વિશ્વનાં બધાં નર અને નારી અર્ધનારીશ્વર પ્રભુનાં લઘુસ્વરૂપો ગણી શકાય. જો વધારે અર્થસભર દ્રષ્ટિથી જોવાય તો ખબર પડશે કે આ કારણે જ પુરુષને સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ રહેલું છે અને સ્ત્રીને પુરુષ પ્રત્યેનું આકર્ષણ રહેલું છે. પુરુષનું સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ મા, બહેન, પત્ની - પ્રિયતમા તરીકેનું હોઈ શકે. તે જ રીતે સ્ત્રીને પુરુષ પ્રત્યેનું આકર્ષણ પિતા, પતિ, પુત્ર કે ભાઈ તરીકેનું હોઈ શકે.

સમસ્ત સંસારનું સંચાલન કરવા માટે પરમેશ્વરને આયોજન કરવું પડયું છે. તે પ્રમાણે પુરુષને ખાસ કરીને લોકો તેમજ સમાજની વચ્ચે કામ કરવાનું હોવાથી તેનામાં પૌરુષ, પરાક્રમ, દક્ષતા (હોંશિયારી), તર્ક, વિચારશીલતા આવા ઘણા ગુણો જરૂરી બન્યા છે. સ્ત્રીમાં પ્રેમ, સમર્પણ, દયા, ક્ષમા, કરુણા જેવા ગુણો જરૂરી હોવાથી તે ગુણો ખીલ્યા છે. જ્યારે સ્ત્રી અને પુરુષના ગુણો એકમેકમાં સંક્રમિત થાય ત્યારે અર્ધનારીશ્વરના રૂપની પૂર્ણતા જણાય. માટે જ સંતો સ્ત્રી જેવા કરુણાવાન અને દયાળુ હોય છે અને પુરુષની જેમ દ્રઢ સંકલ્પવાળા, મજબૂત મનોબળવાળા અને જરૂર પડયે કડક થઈ શકે તેવા હોય છે. પુરાણોમાં વિજ્ઞાનની વાતોને ઈશ્વરની લીલા જોડે સાંકળીને કહેવામાં આવેલી છે જેથી તે સામાન્ય માણસને સહેલાઈથી સમજાય.

હે દયાધન કૃપાળુ મહેશ્વર ! તમારી વિરલ બ્રહ્માંડ રચના અમે સમજી શકીયે તેવી તેજસ્વી બુદ્ધિ, સમજણ અને દ્રઢ શ્રદ્ધા આપજો. એજ અમારી પ્રાર્થના છે.

- ૐ -

## પુષ્પ : ૨૦ જીવન માધુર્ય

કૈલાશની મનોરમ્ય ભૂમિ ઉપર મહાદેવ શંભુ અને માતા પાર્વતી રમત રમતાં હતાં. સામ સામે શિવ અને શિવા બેઠાં હતાં. વચ્ચે ચોપાટની બાજી ગોઠવેલી હતી. ધીરે ધીરે રમત જામવા માંડી. બન્ને એકબીજાને હરાવવા માટે હંફાવી રહ્યાં હતાં. ઘડીકમાં એમ લાગતું હતું કે, શિવજી જીતી જશે. વળી, પાછી બાજી પલટાતી અને લાગતું કે પાર્વતીમાતા જીતી જશે. બાજી તો ખાસી લંબાઈ ગઈ. છેવટે જગન્માતા પાર્વતીનો રમતમાં વિજય થયો. તેમના ચહેરા ઉપર વિજયનો આનંદ છવાઈ ગયો. આ જોઈને ભગવાન શંકરને ખૂબ જ ખોટું લાગ્યું. તે તરત જ ઉભા થઈને હાથમાં ત્રિશૂળ અને કમંડળ લઈને ચાલવા માંડ્યા. પાર્વતી માતા સમજ્યાં કે તે તેમને ડરાવવા માટે આ રીતે ચાલ્યા જવાનું નાટક કરે છે. તેથી તેમણે તે તરફ ધ્યાન આપ્યું નહીં.

ક્રોધે ભરાયેલા શિવજી એકાંતમાં ચાલ્યા ગયા. અને સમાધિમાં બેસી ગયા. ઘણો સમય પસાર થયો અને દિવસો પસાર થયા છતાં શિવજી નિવાસસ્થાને ગયા નહીં. તેથી પાર્વતી માતાને ઘણી જ ચિંતા થવા લાગી. માટે તે ભગવાન શંકરને ખોળવા માટે ફરવા લાગ્યાં. તેમણે તેમનાં મુખ્ય મુખ્ય સ્થાનો ખોળી જોયાં પરંતુ પ્રભુ જણાયા નહીં. તેમ છતાં દુઃખી હૃદયે મા પાર્વતીએ શિવજીની શોધ ચાલુ રાખી છેવટે એક ઊંચી ટેકરી પર સ્થિર આસનમાં બિરાજેલા પ્રભુ સમાધિ અવસ્થામાં બેઠેલા જણાયા. હવે પાર્વતી માતાને શાંતિ થઈ. તેમણે રિસાયેલા પ્રભુને રિઝવવા માટે ભીલડીનો વેશ ધારણ કર્યો અને નૃત્ય શરૂ કર્યું. ધીરે ધીરે રાત સરકવા લાગી હતી અને જામવા માંડી હતી. શંભુની સમાધિમાં ભીલડીના નૃત્યના થડકારે અને તાલે વિક્ષેપ પાડ્યો. તે સમાધિમાંથી જાગ્યા પહેલાં તો તે ક્રોધે ભરાયા. તેમને થયું કે મારો તપોભંગ કરનાર કોણ છે ? પરંતુ નૃત્ય બહુ પરિચિત લાગ્યું. તેમણે નૃત્ય કરતી ભીલડીને જોઈ. એમને લાગ્યું કે ભીલડી આ પ્રકારનું નૃત્ય ન કરે. (ભીલ સમાજમાં થતું નૃત્ય તે લોકનૃત્ય હોય છે, તે શાસ્ત્રીય ઢબે થતું શાસ્ત્રીય નૃત્ય નથી હોતું) તેમણે ધ્યાન દ્વારા આખી ઘટના જાણી લીધી. પછીથી શિવજી પણ જાણે કે ભીલડીને ઓળખી શક્યા નથી તેમ અજાણ્યા બનીને નૃત્ય કરવા લાગ્યા. તે વખતે ભીલડીનું રૂપ છોડીને પાર્વતી

માતા પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થયાં. બન્નેએ એક સાથે આખી રાત નૃત્ય કર્યું. તે રાત્રિએ બન્નેનાં હૃદયમાંથી જીત અને હારની કડવાશ મટી ગઈ અને તેમણે પૂર્ણ આનંદથી આખી રાત નૃત્ય કર્યું. તે રાત્રિ શિવરાત્રિ તરીકે ઓળખાઈ.

વાર્તાનું મહત્ત્વ પુરાણા સમયમાં જેટલું હતું તેટલું જ આજે પણ છે. માતા તરફથી બાળકને ભૌતિક શરીર મળે છે અને પિતા તરફથી પ્રાણતત્ત્વ મળે છે. તે કારણે માતા ભૌતિક જગતનું પ્રતીક બની છે અને પિતા પ્રાણતત્ત્વ આપતા હોવાથી આધ્યાત્મિક જગતનું પ્રતીક બન્યા છે. તે દ્રષ્ટિએ જોઈએ તો શરીર અને પ્રાણની રમતને લઈને જીવન પસાર થાય છે.

આ રમતમાં પાર્વતીમાતા એટલે કે ભૌતિક જગત જીતી જાય છે તેનો અર્થ એ કે વ્યક્તિ અથવા સમાજ ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે લાંબી દોડ લગાવે છે. આવા માણસોને સ્ત્રી, સંપત્તિ, સત્તા, કીર્તિ, માન, મોભો ખૂબ જ મહત્ત્વનાં લાગે છે. તે મેળવવા માટેની માણસની વણથંભી અને અવિચારી દોડ તેના અંગત જીવન, કૌટુંબિક જીવન તેમજ સામાજિક જીવનને તોડી-ફોડી નાખે છે. આવી વ્યક્તિઓનું સ્વાસ્થ્ય પણ ભયંકર રીતે ખરાબ થઈ જાય છે. આવા સંજોગોમાં શિવજી એટલે કે પ્રાણતત્ત્વ અર્થાત આત્માની ભૂખ જેવી કે સંતોષ, શાંતિ, આનંદ વિગેરે હારી જતાં તે જીવનમાંથી અદ્રશ્ય થઈ જાય છે. જ્યારે મનુષ્ય ભૌતિક દોડથી થાકી જાય છે ત્યારે તેને ફરી પાછું શિવજી પાસે એટલે કે ધ્યાન, સાધના, શાંતિ તેમજ આત્મિક આનંદ તરફ પાછા ફરવું પડે છે. જ્યારે ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સુભગ સંગમ થાય છે ત્યારે અધુરું જીવન મધુરું બની જાય છે.

હે કૃપાનાથ ! તમે અમારી જીવલેણ મૃત્યુદોડમાંથી બચાવીને અમારું જીવન સૌંદર્ય ખીલવીને જીવન સૌરભ ફેલાવો.

- ૐ -



## પુષ્પ : ૨૧ સગુણ નિર્ગુણનું ઐક્ય

ભગવાન વિષ્ણુની નાભીમાંથી એક કમળ પ્રગટ્યું. તેની દાંડી અનેક યોજનો જેટલી લાંબી હતી. તેની ઉપર સુવર્ણની જેમ ઝગારા મારતું, અનેક પાંખડીઓવાળું અને પૂર્ણપણે ખીલેલું જે કમળ હતું તેમાં બ્રહ્માજી બેઠેલા હતા. બ્રહ્માજીને વિચાર આવ્યો કે આ કમળ પ્રગટ્યુ ક્યાંથી ? તેની શોધ કરવા માટે તેમણે કમળની દાંડી પકડીને નીચે ઉતરવા માંડ્યું. તે ઘણું નીચે ઉતર્યા પરંતુ કમળદંડનું મૂળ શોધી શકયા નહીં. કંટાળીને બ્રહ્મદેવે ફરી પાછા કમળ ઉપર જવાનું શરૂ કર્યું. પણ આશ્ચર્ય ! કમળનું ફૂલ અદ્રશ્ય થઈ ગયું. પરિણામે તેમણે તેનું કારણ જાણવા માટે પ્રભુને પ્રાર્થના કરી. છેવટે વિષ્ણુ ભગવાન પ્રકટ થયા. બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાને ઘણી વાતો કરી. પરંતુ કોઈ કારણ વશ કોઈ કારણવશ બન્ને વચ્ચે વિવાદ થયો. તે સમયે એક આશ્ચર્ય સર્જાયું. બન્ને ઉભા હતા. તેમની વચ્ચે એક અગ્નિલિંગ પ્રકટ થયું.

સ્વયંભુ પ્રગટેલું અગ્નિલિંગ એટલું બધું મોટું હતું કે તેનો કોઈ તાગ મેળવી શકાતો ન હતો. તે સમયે બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાને તેનો આરંભ અને અંત ક્યાં છે તે શોધી કાઢવાનું નક્કી કર્યું. બ્રહ્મદેવે લિંગની ટોચ ખોળવા જવાનું નક્કી કર્યું અને વિષ્ણુ ભગવાને તેનું મૂળ શોધવાનો નિશ્ચય કર્યો. બન્ને મૂળ અને ટોચ ખોળવા માટે ગયા પરંતુ તેમને સફળતા મળી નહીં. છેવટે બન્ને મુંઝાઈ ગયા. વિષ્ણુ ભગવાન તે લિંગની આજુબાજુ ફરવા લાગ્યા. એક દિશામાં તેમને "અ" નું દર્શન થયું. બીજી દિશામાં તેમને "ઉ" નું તેમજ ત્રીજી દિશામાં "મ" નું દર્શન થયું. એ રીતે તેમને પ્રણવ મંત્ર ૐ નું દર્શન થયું.

બ્રહ્માજીએ અગ્નિલિંગની પ્રાર્થના કરીને કહ્યું કે હે પ્રભુ ! આપ કોણ છો? આપ અનંત, વ્યાપક, તેજોમય અને અગ્નિસ્વરૂપે જણાઓ છો. આપ પ્રગટ થાવ. તે સમયે ત્યાં એક ઋષિ પ્રગટ થયા. વિષ્ણુ ભગવાને પણ ઋષિને જોયા અને કહ્યું કે ઋષિવર ! તમે જ આ રહસ્યને જાણો છો માટે તમે આ અગ્નિલિંગનું રહસ્ય જણાવો. વિષ્ણુ પ્રભુના વચન સાંભળીને ઋષિએ પ્રાર્થના કરી. તેથી આદિદેવ બ્રહ્મેશ્વર શંકર પ્રભુ પ્રગટ થયા. બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાને તેમની ભાવસભર સ્તુતિ કરી. જે સમયે અગ્નિલિંગ પ્રગટ્યું અને બ્રહ્માજી તેમજ વિષ્ણુ

ભગવાનને અગ્નિલિંગના રહસ્યરૂપે શિવજીનું પ્રાકટ્ય થયું તે રાત્રિ પણ શિવરાત્રિ તરીકે ઓળખાય છે.

બ્રહ્માજી તથા વિષ્ણુ ભગવાને જોયેલું જ્યોતિર્મય અગ્નિલિંગ ભગવાન શંકરના નિર્ગુણ નિરાકાર અને વ્યાપક બ્રહ્મનો નિર્દેશ કરે છે. ભગવાન શિવજી દેહધારી થઈને પ્રગટ થાય ત્યારે તે સગુણ સાકાર સ્વરૂપે પ્રગટે છે. સગુણ સાકાર સ્વરૂપ અને નિર્ગુણ નિરાકાર બ્રહ્મ બન્ને શિવજીનાં જ સ્વરૂપો છે. પાણી શૂન્ય અંશથી નીચે ઠંડુ થાય તો બરફ બની જાય છે. તે સમયે બરફ હાથમાં પકડી શકાય તેવો, ઠંડક આપે તેવો અને સફેદ રંગનો જણાય છે. તે પાણીનું સગુણ સાકાર સ્વરૂપ કહી શકાય. પાણીને જ્યારે સો અંશ ઉપર ઉકાળવામાં આવે ત્યારે તેની વરાળ થઈ જાય છે. તે દેખાતી નથી કે તેને રંગ રૂપ નથી તે વ્યાપક બની જાય છે. જો ઈશ્વરે સર્જેલું પાણી સાકાર અને નિરાકાર (આકારવાળુ અને આકાર વિનાનું) બની શકતું હોય તો ઈશ્વર - બ્રહ્મ પોતે સગુણ સાકાર ન બની શકે ? બ્રહ્મની સાકાર અને નિરાકાર બંને સ્થિતિ હોય છે. મનુષ્ય જો પોતાનો વિચાર કરે તો તે પણ દિવસે સાકાર હોય છે. કારણ કે તે પોતાના સ્વરૂપ વિષે સભાન હોય છે. તેજ માણસ રાત્રે ગાઢ નિંદ્રામાં નિરાકાર બની જાય છે. કારણ કે ગાઢ નિંદ્રામાં તે પોતાના અસ્તિત્વ વિષે અભાન હોય છે. તે સમયે તે વ્યક્તિ જો પોતાના દેહ પ્રત્યે સભાન હોય તો તે નિંદ્રામાં નથી હોતો. તે નિંદ્રામાં હોય તો પોતાની જાતને ભૂલવી જ પડે છે. પાણીમાં બરફની જેમ આકાર ધરવાની ક્ષમતા છે. તે કોઈપણ વાસણમાં તેના જેવો આકાર લઈ શકે છે. તે જ રીતે વરાળની જેમ વ્યાપક થવાની પણ ક્ષમતા છે. તે કારણે પાણી બરફ અને વરાળ તે બન્નેનું પ્રતિનિધિત્વ કરે છે. એ જ રીતે શિવલિંગ મૂર્તિની જેમ આકારવાળું છે, તે કોઈપણ નિશ્ચિત સ્વરૂપ દર્શાવતું નથી માટે તે નિરાકારનું પ્રતીક છે. વ્યાપક પ્રભુના દર્શન માટે બ્રહ્મદેવ તથા વિષ્ણુપ્રભુને જે જ્યોતિર્મય અગ્નિલિંગ જણાયું તે પ્રભુની વ્યાપકતા અને અનંતતાનું દર્શન કરાવે છે. હે દયાઘન ! હે કરુણાકર શંભુ ! તમે અમને તમારા સગુણ સ્વરૂપના માધુર્યનું રસપાન કરાવો. તેમજ હે પરમેશ્વર નિર્ગુણ સ્વરૂપ દ્વારા તમારી અનંતતાનો અનુભવ કરાવો એ હાર્દિક પ્રાર્થના.

- ૐ -

## પુષ્પ : ૨૨ કામ દહન

તારકાસુરે સ્વર્ગ જીતી લીધું. તેણે દેવોને સ્વર્ગમાંથી કાઢી મૂક્યા. ઈન્દ્રને પણ દેવો સાથે જવુ પડયું. હારેલા ઈન્દ્ર અને દેવો બ્રહ્માજી પાસે ગયા. તેમણે તારકાસુરને મારી નાખવા માટે બ્રહ્માજીને પ્રાર્થના કરી. તે સાંભળીને બ્રહ્માજીએ ઈન્દ્રને જણાવ્યું કે, તારકાસુરને મેં જ વરદાન આપ્યું છે માટે હું મારી શકું નહીં. તે જ રીતે વિષ્ણુ કે શિવજી પણ મારી શકશે નહીં. તારકાસુરનું મૃત્યુ ભગવાન શિવજીના પુત્ર કાર્તિકેયને હાથે થશે. શિવજી તો ઉંડી પ્રગાઢ સમાધિમાં લીન છે. તે સમાધિમાથી જાગે, લગ્ન કરે અને સંતાન થાય ત્યારે જ તેનું મૃત્યુ શક્ય બને બ્રહ્માજીએ કહ્યું તે સાંભળીને ઈન્દ્રના મસ્તિષ્કનાં ચક્રો ગતિમાન થયાં. તેમને જાણ હતી કે પર્વતરાજ હિમાલયનાં પુત્રી પાર્વતી ભગવાન શિવજીને પામવા માટે આકરી તપશ્ચર્યા કરતાં હતાં. તેમણે વિચાર્યું કે શિવજીને સમાધિમાંથી જગાડવાનું કામ હું કામદેવને સોંપીશ. જ્યારે પાર્વતી મહાદેવની સેવા કરવા આવશે તે વખતે કામદેવ શંભુનો સમાધિ ભંગ કરીને તેમના દેહમાં પ્રવેશશે. તેમ થવાથી શિવ-પાર્વતી દ્વારા સંતાન જન્મશે અને તે તારકાસુરનો વધ કરશે. તે યોજના અમલમાં મૂકવા માટે ઈન્દ્રે કામદેવને જણાવ્યું. કામદેવે આ ઘણું જ કઠીન અને જીવના જોખમે કરવાનું કાર્ય કરવાને માટે સંમતિ આપી.

જ્યાં યોગીશ્વર શિવજી સમાધિમાં લિન હતા ત્યાં કામદેવે વસંતઋતુ સર્જી દીધી. ભમરાઓનું ગુંજન પતંગિયાનું નર્તન, કોયલનુ મધુરું ગાન અને ચારે બાજુ પુષ્પોની સુગંધથી માદક સામ્રાજ્ય છવાઈ ગયું. પાર્વતી માતા ભગવાન શંકરની તપશ્ચર્યામાં ભંગ ન પડે તે રીતે તેમની સેવા, પૂજા માટે આવ્યાં. તે સમયે લાગ સાધીને કામદેવે કામબાણ છોડવા માંડયાં. કેટલાંક બાણ સુધી શિવજીને કશી અસર થઈ નહીં. પરંતુ છેવટે શિવજીનું શરીર કંપવા લાગ્યું. તેઓ જાગૃત થયા. “આમ શાથી થયું ? મને આટલો બધો કામનો આવેગ કયા કારણસર આવ્યો ?” એમ વિચારતા શિવજી આજુબાજુ જોવા લાગ્યા. તેમણે કામદેવને તેમની તરફ બાણ મારતા જોયા, તે જ વખતે ક્રોધને લઈને તેમણે ત્રીજી આંખ ખોલી, તેમાંથી અગ્નિની જ્વાળાઓ પ્રગટી અને કામદેવને બાળીને ભસ્મ કર્યા.

તે જોઈને કામદેવની પત્ની રતિએ આક્રંદ કર્યું. ભોળાનાથ શિવજી શાંત પડ્યા. રતિએ કામદેવને જીવિત કરવા માટે પ્રાર્થના કરી, પરંતુ શિવજીએ કહ્યું કે, તારો પતિ કામ હવે દેહ વિના જીવીત રહેશે. તે ભગવાન કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન બનીને તને પાછો સદેહે મળશે. ત્યાં સુધી તે અંગ વિનાનો "અનંગ" રહેશે.

હે દેવાધિ દેવ ! તમે જે કામ દહન કર્યુ તે ભક્તોને માર્ગદર્શન માટે કર્યુ. આપના શરણમાં તે જ આવી શકે જેણે કામનું દહન કર્યું હોય. અહીં એમ પણ સમજાય છે કે, સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપર યુગમાં કામ અનંગ અદ્રશ્ય રીતે મર્યાદામાં રહીને પ્રજાતંતુ ચાલતો રહે તે માટે સમાજમાં રમતો હતો. પરંતુ ભગવાન કૃષ્ણની વિદાય પછીથી કળીયુગમાં તે સદેહે થયો છે. મર્યાદિત કામ જીવન વિકાસ માટે ઉપયોગી છે. અમર્યાદ, (દેહધારી કામ) જીવન વિનાશ નોતરે છે. આજે દેહધારી કામે શરીરને ખુલ્લાં કરવા માંડ્યાં છે. યૌવન નીર્વિર્ય બનતું જાય છે. સ્ત્રી અને પુરુષના સ્વેચ્છાચારને કારણે કૌટુંબિક શાંતિ જોખમાઈ છે અને કુટુંબો તૂટવા લાગ્યાં છે. સમાજ અનૈતીક અને ભ્રષ્ટ થવા માંડયો છે. કામના આક્રમણથી કેટલાક ધર્મઉપદેશકો પણ ધર્મભ્રષ્ટ થઈને પાપાચારી બન્યા છે. કામતૃપ્તિ ન સંતોષાય તો કિશોર - કિશોરીઓ એક બીજાની હત્યા કરતાં અચકાતાં નથી. રાજકારણીઓ પણ કામવાસનાના વ્યસની થવા લાગ્યા છે. આ દ્રશ્યો અને સમાચારો સહજ સ્વાભાવિક બની ગયાં છે. હવે તો ભ્રષ્ટાચાર શિષ્ટાચાર થઈ ગયો છે. અમર્યાદિત કામે એઈડ્ઝ જેવા રોગો સર્જ્યા છે. નૈતિક મૂલ્યોનો હ્રાસ થવા માંડ્યો છે. અતિકામી પ્રજા પોતાનો વિનાશ પોતે જ નોતરે છે. કામ દેવ ત્યારે જ બને છે જ્યાં સુધી તે અનંગ અદ્રશ્ય એટલે કે મર્યાદામાં રહે છે. જ્યારે તે અમર્યાદ બને છે ત્યારેતે સમાજનો (વ્યક્તિનો તો ખરો જ) નાશ કરે છે. નિર્વીર્ય અને નબળી પ્રજા ઉપર તારકાસુરો શાસન કરે છે. તેજસ્વી પ્રજા ઉપર સદાશિવ શાસન કરે છે. હે દયાનિધિ ! અમે સંયમી અને સદાચારી બનીએ તેવી આશિષ આપો.

- ૐ -

## પુષ્પ : ૨૩ શિવ નિવાસ

માણસો કાયમી વસવાટ માટે પોતાનું ઘર બનાવવા માટેના અથાગ પ્રયાસ કરે. તે માટે તે સ્થળની પસંદગી આસપાસના લોકોની સંસ્કારિતા, તેમનો આર્થિક તથા સામાજિક મોભો (સ્ટેટસ), જરૂરી સુવિધાઓ, મોજ મજાના સ્થાનો વિગેરેનો વિચાર કર્યા પછીથી જ નક્કી કરે. સૌને પોતાના ઘરનું સ્વપ્ન હોય અને તે સાથે તે કેવું સુંદર અને આધુનિક સુવિધાઓવાળુ હોય તેની કલ્પના હોય. પરંતુ હે શામ્બ ! આપની તો લીલાજ ન્યારી છે. આપે આપના નિવાસ સ્થાન માટે વસ્તીની બહાર આવેલુ, મૃત્યુનું સતત દર્શન કરાવનારુ, જ્યાં સતત ચિતાઓ ભડભડ બળ્યા કરે છે તેવું સ્મશાન પસંદ કર્યુ.

સ્મશાન તે કાંઈ રહેવાની જગા છે ? જ્યાં સતત માનવ શબ સળગતાં હોય, ચારે બાજુ રાખોડી ઉડતી હોય અને બિહામણું વાતાવરણ હોય. પણ હે નીલકંઠ ! તમે ત્યાં જ રહેવાનું રાખ્યું. વળી તમારી આજુબાજુની વસ્તી પણ ખૂબ જ વિચિત્ર ! તે બધાં ચિત્રવિચિત્ર પ્રકારનાં, કદરૂપાં, વાસનાભૂખ્યાં ભૂતો. પ્રભુ! તમે ભૂતોની વચ્ચે ભૂતનાથ થઈને વસ્યા છો. શું આપને સારા પાડોશીઓ ન મળ્યા ? અમને માનવોને તો આપનું આ ભયાનક નિવાસસ્થાન જોતાં જ કંપારી છૂટી જાય છે.

હે દયાઘન ! ચિત્ત જ્યારે સ્મશાન બની જાય અને તેમાં વાસનાનાં મડદાં સળગવા માંડે તેવી ચિત્તની ભૂમિ ઉપર તમે વાસ કરો છો. વાસનાની વિષવેલ સતત ફેલાયાજ કરે છે. જ્યાં દસ વાસના પૂરી થઈ ત્યાં તો સો વાસનાઓ નવી જન્મે છે. તે બધી વાસનાને પૂરી કરવાની દોડાદોડીમાં માણસને જરાય શાંતિ મળતી નથી. તે વાસનાઓ આ જન્મમાં જો પૂરી ન થાય તો વળી પાછો જન્મ લેવો પડે છે. નવા જન્મમાં અગાઉની વાસનાઓ અને નવા જન્મમાં વળી પાછી નવી વાસનાઓનો સરવાળો થયા જ કરે છે. તે માટે નવા નવા જન્મો લઈને મૃગજળ જેવી વાસનાઓ પૂરી કરવા માટે માણસો હવાને મૂઠીમાં પકડવાના પ્રયાસો કરે તેમ વાસના પૂરી કરવા માટે ભમે છે.

ક્ષુદ્ર વાસનાઓ પૂરી નથી થતી ત્યારે તેવી વ્યક્તિઓ ભૂત-પિશાચ બને છે. તેમના જીવની ઉર્ધ્વગતિ થતી નથી. હે દયામય શંભુ ! તમે વાસના ભૂખ્યાં

પ્રેતો વચ્ચે રહો છો. ભૂતો વાસના પૂર્ણ છે અને આપ વાસના શૂન્ય છો. છતાં તમે કરુણાવશ થઈને ભૂતોની પણ વાસનાઓ પૂરી કરીને તેમની ઉર્ધ્વગતિ કરો છો. વળી બીજી રીતે એમ કહી શકાય કે વાસનાભૂખી માનવજાતને જ્ઞાન અને પ્રેમથી વાસનાની વાસ્તવિકતા બતાવીને તેની નિરર્થકતા સમજાવો છો. તેથી સદ્‌ભાગી મનુષ્યો વાસનાના સકંજામાંથી મુક્ત થઈને આપનાં દર્શન કરે છે.

ભૂત એટલે ભૂતકાળ - વિતી ગયેલો સમય. માનવને ભૂતકાળ સદાય હેરાન કરે છે. માણસ ભૂતકાળની ભવ્યતા વાગોળીને વર્તમાનની ક્ષુદ્રતાનું ગાણું ગાતો ગાતો રડયા કરે છે. કેટલાક ભૂતકાળની ભીષણતા યાદ કરીને વર્તમાનમાં સતત ડરતા ડરતા જીવ્યા કરે છે. તેવા માણસો વર્તમાનમાં કશુંય કરતા નથી અને સુખનાં સ્વપ્નોમાં રાચ્યા કરે છે. છેવટે તે મિથ્યા પ્રારબ્ધવાદી બને છે. એ ખ્યાલ રહે કે ભૂતના પગ પાછળ છે તે મનુષ્યને આગળ વધારી શકતા નથી. માટે મનુષ્યે વર્તમાન સાધવો જોઈએ. હે કૃપા સિંધુ મહાદેવ ! તમે વાસનાનાં મડદાં બાળી નાખો છો. તેથી ચિત્તભૂમિ સ્મશાન જેવી શાંત થઈ જાય છે. ભૂતોની વાસનાને પૂરી કરીને તમે ઉર્ધ્વગતી કરાવો છો એવા હર ! અમને તમારું શરણુ આપો.

ભગવાન શંકરને પશુપતિ નાથ કહ્યા છે. અહીં પશુનો અર્થ ચાર પગ વાળાં પ્રાણી એવો સિમિત નથી. स पश्यति ईति पशुः । જે જોઈ શકે છે તે પશુ. તે દ્રષ્ટિએ જોતાં જેમને આંખો છે અને જોઈ શકે છે તે બધાંજ પ્રાણીઓનો સમાવેશ થઈ શકે. ભગવાન શિવજી પ્રાણીમાત્રના નાથ હોવાથી તે સર્વ સૃષ્ટીના “ઈશ્વર” છે. સાપ અને વીંછી જેવાં કીટકો, આખલા જેવાં પ્રાણીઓ તેમજ અતૃપ્ત ભૂત પિશાચો, રાક્ષસો, માનવો અને દેવોના તે પરમ આત્મીય પ્રભુ છે. ભોળાનાથ ભેદભાવ રહીત છે. તેથી તે સર્વમાન્ય ભગવાન છે.

- ॐ -



## પુષ્પ : ૨૪ ગોકર્ણેશ્વર

રાવણની માતા ભગવાન શિવજીનાં પરમ ભક્ત હતાં. તે સવારે બ્રાહ્મ મુહૂર્તમાં માટીમાંથી શિવજીનું પાર્થિવ લિંગ બનાવતાં. તે પછીથી પ્રેમપૂર્વક અનેક દ્રવ્યોથી અને ભાવભીના અંતઃકરણથી શિવપૂજન કરતાં. પૂજન પછીથી વિવિધ વાનગીઓ લાવીને નૈવેદ્ય કરતાં. રાત્રે આરતી અને કિર્તન પણ સુંદર રીતે ગવાતાં. આમ લંકાપતિ રાવણની માતા તેમના મોભાને છાજે તે રીતે અને શુદ્ધ અંતઃકરણથી શિવ અર્ચન કરતાં. રાવણને પણ પોતાની માતા તરફથી શિવપૂજાનો વારસો મળેલો. બીજે દિવસે વહેલી સવારે તે મૃતિકા લિંગને જળમાં પધરાવી દેતાં. અને નવી માટી લાવીને ફરી શિવલિંગ બનાવીને તેનું પૂજન કરતાં. તે તેમનો નિત્યક્રમ હતો.

લંકેશ રાવણે એક દિવસ પોતાની માતાને માટીના બનાવેલા શિવલિંગને જળમાં પધરાવવા માટે લઈ જતાં જોયાં. તેણે પોતાની માતાને કહ્યું કે મા ! તું લંકાપતિ રાવણની માતા છે. કોઈ સામાન્ય અને નિર્બળ મનુષ્યની માતા નથી. શા માટે તું માટીનું શિવલિંગ બનાવે છે ? તું મને આજ્ઞા આપ જેથી હું ખુદ ભગવાન શિવજીના હાથથી જ મળેલું શિવલિંગ લઈ આવું. અહંકારી રાજાનો અહંકાર ગર્જી ઉઠ્યો. માતાએ પુત્રને શિવલિંગ લાવવા માટે આજ્ઞા આપી. રાવણ ખુશ થતો થતો કૈલાસ પહોંચ્યો. દાનવરાજે શિવજીની સ્તુતિ કરવાને બદલે તેમજ શિવલિંગની માગણી કરવાને બદલે કૈલાશ પર્વત નીચે હાથ નાખીને જોરજોરથી હલાવવા માંડ્યો. કૈલાશમાં બિરાજેલા ભગવાન શિવ અને માતા પાર્વતીએ પર્વત હાલવાનો અનુભવ કર્યો. ભોળાનાથ મર્માળુ હસતા હતા. પરંતુ માતા પાર્વતી ગભરાઈ ગયાં. તે જોઈને ભગવાને કહ્યું પાર્વતી ! તમે ગભરાશો નહીં આ તો આપણા બાળક રાવણની બાળચેષ્ટા છે. પરંતુ જ્યારે રાવણ પર્વતને જોર જોરથી હલાવવા લાગ્યો ત્યારે માતા પાર્વતીએ રાવણને આવું ન કરે તે માટે શિવજીને જણાવ્યું. શંકર પ્રભુએ પોતાના પગનો અંગુઠો પર્વત પર સહેજ દબાવ્યો એટલે પર્વત હાલતો બંધ થયો. તે સમયે રાવણના વીસ હાથ પર્વત નીચે દબાઈ ગયા. દુઃખ અને દર્દનો માર્યો રાવણ મહાદેવની સ્તુતિ કરવા લાગ્યો. તેણે પોતાના હાથ પર્વત નીચેથી બહાર કાઢવાની વિનંતી કરી. કરુણાકર શિવજીએ પોતાનો

પગનો અંગુઠો ઉંચો કર્યો એટલે રાવણે પોતાના દબાયેલા હાથ બહાર કાઢ્યા. તેણે દયામય શંભુની આર્તસ્વરે પ્રાર્થના કરી. પ્રભુ તેની ઉપર પ્રસન્ન થયા. રાવણે પ્રસન્ન થયેલા શિવજી પાસે પોતાની માતા માટે શિવજીના આત્મલિંગની માગણી કરી. ભગવાને કહ્યું કે, હું તે આપું તો ખરો, પરંતુ તારે આ લિંગને જમીન ઉપર મૂકવું નહીં. જો તેમ થશે તો લિંગ ત્યાં જ સ્થિર થઈ જશે. ત્યાંથી તેને હટાવીને અન્ય સ્થળે લઈ જઈ શકાશે નહીં. રાવણ તે બાબતે સંમત થયો. તે પછી શંકર ભગવાને પોતાનું આત્મલિંગ રાવણને આપ્યું. આત્મલિંગ લઈને લંકેશ લંકાના માર્ગે જવા લાગ્યો. દેવોએ જ્યારે એ વાત જાણી કે શંભુએ રાવણને આત્મલિંગ આપ્યું તેથી તેમને ચિંતા પેઠી કે જો રાવણ શિવજીએ આપેલા આત્મલિંગની સ્થાપના લંકામાં કરશે તો રાવણને કોઈ મારી શકશે નહીં કે હટાવી શકશે નહીં. તેથી તેમની મુંઝવણ શિવપુત્ર ગણેશજીને કરી. ગણપતિ, ગોપબાળનું રૂપ લઈને રાવણના માર્ગમાં પશુઓ ચરાવવા લાગ્યા.

સંધ્યાનો સમય થવા આવ્યો હતો. રાવણ આજુબાજુ દ્રષ્ટિ નાખીને કોઈ મનુષ્યની શોધમાં હતો. તેને શૌચ માટે જવું હતું. વળી સાયં સંધ્યા કરવાનો સમય પણ થવા આવ્યો હતો. તેની નજર પશુઓને ચારતા ગોપબાળક ઉપર પડી. રાવણે તેને બોલાવ્યો અને થોડો સમય શિવલિંગ હાથમાં રાખવા માટે જણાવ્યું. શરૂમાં બાળકે (ગણેશજીએ) ના કહી. પરંતુ તેની આજીજી માનીને રાવણને જલદી આવવા જણાવ્યું. જો તે જલદી નહીં આવે તો પોતે શિવલિંગને જમીન ઉપર મૂકી દેશે એવી ધમકી પણ ગોપબાળે આપી. રાવણે આત્મલિંગ તે છોકરાને આપ્યું અને પોતે શૌચ-સ્નાન અને સંધ્યા માટે ગયો, થોડી જ વારમાં ગોપબાળકે બુમાબુમ શરૂ કરી. રાવણ જેમ તેમ બધી વિધિ પતાવીને દોડતો દોડતો ગોપ બાળક પાસે પહોંચ્યો. તે દરમિયાન તેણે આત્મલિંગ-શિવલિંગને પૃથ્વી ઉપર મૂકી દીધું. રાવણ અતિશય ક્રોધે ભરાયો. પરંતુ નાનકડા બાળકને કશું થઈ શકે તેમ ન હતું. રાવણે પૃથ્વી ઉપર મૂકેલા શિવલિંગને ઉંચકવાનો પ્રયાસ કર્યો પણ તે ઉચકાયું નહીં. છેવટે તેણે શિવલિંગને ખેંચવાના પ્રયત્નો કર્યા. તેથી તે શિવલિંગનો આકાર ગાયના કાન જેવો થઈ ગયો. તેને કારણે તે શિવલિંગ ગોકર્ણ અથવા ગોકર્ણેશ્વરના નામે પ્રસિદ્ધ થયું. ગોકર્ણેશ્વર મહારાષ્ટ્રમાં મહાબળેશ્વર પાસે આવેલું છે. ઉપરોક્ત વાતનો સાર એવો છે કે પ્રભુ

બળજબરીથી હક્ક બતાડીને કે અનેકવિધ ઉપદ્રવો કરવાથી નથી મળતા. તે તો પ્રાર્થનાથી અને સમર્પિત ભાવથી જ મળે છે. કર્મ અને કર્મફળના અટલ નિયમને કારણે જેવું કર્મ કરવામાં આવે તેવું ફળ મળે. તે પ્રમાણે રાવણને આત્મલિંગ તો શિવજી આપે પરંતુ વ્યક્તિના અહંકાર અને રાક્ષસી સુખો પોષવાને બદલે સમષ્ટિમાં સૌના હિત માટે દૈવી શક્તિને કાર્ય કરવું પડે. તે માટે ગણેશ જેવા બુદ્ધિમાન નાયકો કાર્ય પૂરું કરી શકે. ગણેશે રાવણનો અહંકાર પારખીને યુક્તિપૂર્વક શિવલિંગ પૃથ્વી ઉપર મૂકી દીધું. રાવણની આસુરી શક્તિથી પ્રભુ તેને ત્યાં જાય જ નહીં અને પોતાની પાસે આવી વ્યક્તિઓને રાખે પણ નહીં. પરંતુ જે વ્યક્તિ પોતાના કાન ગાયના કાન જેવા એટલે કે ગાયની જેમ પવિત્ર કરેલા રાખે તેને પ્રભુની સ્નેહાળ વાણી સંભળાય. પ્રભુ પણ ગાયના કાન જેવા પવિત્ર છે. તેમને પણ પવિત્ર વ્યક્તિઓની પવિત્ર વાણી ગમે. હે શંભુ ! તમે અમને પવિત્રતા અર્પો ?

- ॐ -

### મૃત્યુંજય વર દે

*એક મને વર દે, સદાશિવ એક મને વર દે*
*મૃત્યુંજય વર દે, સદાશિવ એક મને વર દે....*
*પલ પલ મૃત્યુનાં ગીધ રમતાં, ડરના દંતુશળ પણ ડસતા,*
*અમરનાથ કર દે..... સદાશિવ...*
*ક્ષણ ક્ષણ ક્ષીણ થાયે તન મારું, દુઃખની ઝાળે મન બળનારું,*
*અમર કૃતીપથ દે.... સદાશિવ...*
*તું કલ્યાણ સ્વરૂપ શિવજી છે, જ્ઞાન પ્રકાશ સૂરજ પણ તું છે,*
*અભય જીવન ફળ દે.... સદાશિવ...*
*હરિયાળી શય્યા મૃત્યુની, ઓઢી ચાદર બર્ફ કફનની*
*મરણ ચરણ તવ દે.... સદાશિવ ....*
*એકલ જાવું તારે મારગ, ભસ્મ કરી ઈચ્છા ભરવાં ડગ,*
*જન્મ મરણ નવ દે.... સદાશિવ....*
*(અમરનાથ યાત્રાની સ્મૃતિમાં રચેલું ગીત)*

## પુષ્પ : ૨૫ શિવજીની નૃત્યલીલા

ભગવાન શિવજી સર્વ વિદ્યાઓના જન્મદાતા છે. તે કારણે તે વિશ્વના આદિગુરુ કહેવાયા છે પરંતુ સામાન્ય જનસમૂદાયમાં તે સંહારકર્તા, મહા પ્રલયકારી, મહાક્રોધી અને અમંગળ સ્વરૂપવાળા ગણાયા છે. સર્જન (ડોક્ટર) કે જે મુખ્યત્વે વાઢકાપ - ઓપરેશન કરે છે તેને શું ભયંકર, ક્રૂર અને ઘાતકી ગણવા જોઈએ ? તે છરી વડે શરીરના સડી ગયેલા હિસ્સાને કાપીને દર્દીને ફરી સાજો કરે છે તેવું કરવામાં તેની ક્રૂરતા પણ ઉપયોગી બની જાય છે. આમ કરવાથી રોગ જાય છે અને મહામૂલુ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. શિવજી જે સંહાર કરે છે તે બિનઉપયોગી એવા અજ્ઞાન, દુઃખો, અવરોધો, વિકારો, વિકૃતિઓ વિગેરેનો નાશ કરે છે. ઉપરોક્ત દુર્ગુણોનો નાશ કરવા માટે અગ્નિતત્ત્વ જરૂરી હોવાથી તે ક્રોધી અને પ્રલયકારી છે. પરંતુ તેમનામાં સરળતા નિખાલસતા અને સમદ્રષ્ટિ હોવાથી તે જ્ઞાનના સર્જક અને પોષક બન્યા છે. જ્ઞાનનું અવતરણ વિકાર રહીતતા - નિર્મળતા, કઠીન સાધના તથા સ. દ્રષ્ટિ અને વિવેકયુક્ત વૈચારિક પ્રક્રિયામાં થાય છે તેવું શિવજી સમજાવે છે.

બ્રહ્મ સાકારિત થઈને અનંત રૂપોમાં પ્રગટ થયું. તેનું પ્રથમ પ્રાકટ્ય શબ્દ દ્વારા થયું. શબ્દ દ્વારા વાણીનું સર્જન થયું અને વાણીએ ભાષાનું પ્રદાન કર્યું. ભાષા વ્યાકરણ દ્વારા સુગઠિત બને છે. ભગવાન શંકરે પોતાનું ડમરુ વગાડીને તેમાંથી વ્યાકરણના સૂત્રો સર્જ્યાં. મહેશ્વર તે દ્રષ્ટિએ પ્રથમ ભાષાશાસ્ત્રી કે વ્યાકરણ શાસ્ત્રી કહી શકાય.

વિશ્વમાં સૌ પ્રથમવાર શિવજીએ સંગીતમાં પ્રદાન કર્યુ છે. તે શ્રેષ્ઠ સંગીતાચાર્ય હતા. તેમણે વહેલી સવારે ગવાતો રાગ ગાયો તે ભૈરવ રાગ તરીકે જાણીતો છે. ભગવાન શંકરનું એક નામ ભૈરવ પણ છે. વહેલી સવારે સમુદ્રને કિનારે એક ખડક ઉપર કસાયેલા શરીરવાળા અને પડછંદ દેહવાળા શિવજી બેઠા હોય, સમુદ્રનાં મોજાં વારંવાર ઘૂઘવાટ કરતાં તે ખડક જોડે અથડાતાં હોય અને ઘેઘૂર અવાજે તે ગાતા હોય તેવી ભૈરવરાગની અસર સમજી શકાય. જો ભૈરવ રાગમાં શિવસ્તુતિ ગવાય તો ભોળાનાથ પ્રસન્ન થઈ જાય છે. તે દ્રષ્ટિએ શિવજી સંગીતાચાર્ય પણ છે.

શિવજીનો ગાયનની સાથે વાદન જોડે પણ ગાઢ સંબંધ છે. જગતમાં

તેમણે સૌ પ્રથમ વીણા વગાડી. વીણાઓના અનેક પ્રકારોમાં એક વીણા રુદ્રવીણા તરીકે ઓળખાય છે. તે સાથે સંગીતનાં વાદ્યોમાં ડમરુ, શંખ તેમજ ઘંટ પણ તેમની સાથે જોડાયેલાં છે. આમ મહાદેવ શ્રેષ્ટ વાદક પણ છે.

અખિલ બ્રહ્માંડ નાયક વિશ્વેશ્વર શંભુએ અસ્ત્ર અને શસ્ત્ર વિદ્યામાં પોતાનું પ્રદાન કરેલું છે. તેમણે અનેક શસ્ત્રાસ્ત્રો પણ સર્જ્યા છે. તેમની પાસેનું ત્રિશૂળ તેની શાખ પૂરે છે. શંકર ભગવાને પરશુરામને ધનુષ્ય, ભગવાન વિષ્ણુને સુદર્શન ચક્ર અને અર્જુનને પાશુપતાસ્ત્ર જેવા શસ્ત્રો આપ્યાંના ઉદાહરણો જાણવા મળે છે.

સંયોગ અને વિયોગમાં અટવાતા દુઃખી માનવને યોગ દ્વારા ઈશ સંયોગ કરાવનારી યોગવિદ્યા યોગીશ્વર શિવજીએ વિશ્વને આપી છે. તેમણે શિવસ્વરોદય, શિવસૂત્રો જેવા યોગ વિષયક ગ્રંથો જગતને આપ્યા છે તો તંત્ર વિદ્યામાં પણ તેમનું અનોખુ પ્રદાન રહ્યું છે. તેમણે માતા પાર્વતીને સંબોધીને "ગુરુ ગીતા" કહી છે, જે સ્કંદ પુરાણમાં છે. "ગુરુબ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર...." આ ગુરુપૂજાનો સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય શ્લોક ગુરુગીતામાં છે, જે શિવજીએ કહ્યો છે. તે સિવાય પણ યોગ વિદ્યા તેમજ તંત્ર વિદ્યા વિશે પ્રભુ શિવે ઘણું પ્રદાન કર્યું છે. યોગ વિદ્યા એ કઈ નાનો વિષય નથી. પરમાત્મા શંકરે કહેલા યોગ અને તંત્ર વિષયક જ્ઞાનના અનેક ગ્રંથો જોવા મળે છે. તે અતિશય ગહન અને ગૂઢ વિષય છે. યૌગિક પ્રક્રિયાઓ કુશળ ગુરુના માર્ગદર્શન વિના કરવી જોઈએ નહીં. નટરાજ શંકરે નૃત્યમાં પોતાનું વિશિષ્ટ પ્રદાન કર્યું છે. તેમનું તાંડવ નૃત્ય જગપ્રસિદ્ધ છે. ભગવાન શંકરને તાંડવ નૃત્ય ખૂબ જ પ્રિય હોવાથી રાવણે ભોળાનાથને પ્રસન્ન કરવા માટે પોતે શિવ તાંડવ સ્ત્રોત્ર રચેલું અને તે પ્રમાણે તાંડવ નૃત્ય કરીને પ્રભુને પ્રસન્ન કરેલા. તાંડવ નૃત્ય, ભગવાન શંકર દ્વારા કરેલું વિશ્વનું પ્રથમ નૃત્ય છે. નર્તક શિવજી વિષે પણ વિચાર કરવા જેવો છે. સામાન્ય રીતે કૃતિ અને કૃતિકાર બન્ને અલગ થઈ શકે છે. કુંભ બનાવ્યા પછી કુંભાર અલગ થઈ જાય છે. તે જ રીતે ચિત્ર અને ચિત્રકાર, શિલ્પ અને શિલ્પકાર અને હવે તો ગાયન અને ગાયક જુદા પાડી શકાય છે. તેવું જ લેખન અને લેખક વિષે છે. પરંતુ નૃત્ય અને નૃત્યકાર કદી અલગ કરી શકાતાં નથી. નૃત્ય અને નર્તક એકબીજાના અવિભાજ્ય અંગો છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો હવે જગતમાં જડ અને ચેતન જેવા બે વિભાગો નથી. સમસ્ત વિશ્વ અણુ અને પરમાણુઓનું બનેલું છે. કોઈમાં અણુઓ ઝડપથી ફરતાં હોવાથી તેનો વિકાસ

ઝડપી થતો લાગે છે, જેમકે વૃક્ષ, વનસ્પતિ, મનુષ્ય, પ્રાણીઓ વિગેરે. પથ્થરનાં અણુઓમાં અતિશય ઓછી ગતિ હોવાથી તે ગતિ નરી આંખે જોઈ શકાતી નથી. છતાં તેમાં પણ ગતિ તો છે જ. તે દ્રષ્ટિએ સમસ્ત વિશ્વમાં અણુઓનું નૃત્ય ચાલ્યા કરે છે. પરમ શક્તિસ્ત્રોત સમા નટેશ્વર શંભુની નૃત્યલીલા સમસ્ત સૃષ્ટિમાં અવિરતપણે ચાલી રહી છે.

પરમકૃપાળુ સદાશિવનું વિવિધ વિદ્યાઓ અને કલાઓનું સાવ આછું અને અતિઅલ્પ દર્શન કરવાનો અહીં પ્રયાસ કર્યો છે. વિરાટને અણુ માપે તે તેની ધૃષ્ટતા જ કહેવાય. પરંતુ "વિરાટ" મારા પિતા છે તે ભાવે તેમનાં યશોગાન અતિસિમિત બુદ્ધિ હોવા છતાં ગાવાથી દોષ ગણાય નહીં. હે કૃપાનિધાન નટેશ્વર પ્રભુ ! તમે અમારી અલ્પતા કાઢીને વિરાટ દર્શન કરાવો એવી હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

- ૐ -

**જીવન સાધના**

*બાંધુ પ્રકૃતિથી પ્રીત,*
*શિખું જીવન સંગીત,*
*નથી શિખવા હવે કોઈ પાઠ સ્વાર્થના,*
*કરું જીવન સંગીતની અનોખી સાધના...*
*સાગરે સ્મિત વેર્યું હૃદય છો જલે,*
*રેતીમાં વ્હાણ ઠેલું છો વિપદા મળે,*
*દર્દનો મર્દજીવન મહીં સ્પર્શના....કરું...*
*ગગન વ્યાપી રહ્યું એમ વ્યાપક બનું,*
*મરુત જેવો છૂપાઈ હું પોષક બનું,*
*કરું પૂજા હું સઘળે છૂપી ચેતના ....કરું...*
*પર્વતે સ્થિરતા ને અડગતા દીધાં,*
*ધરા પાસેથી ધીરજનાં અમૃત પીધાં,*
*સ્નેહે સીતારી છેડી કરું વંદના....કરું...*
*નીશા કહેતી નશો મૂઢતાનો ત્યજો,*
*જીવ માંથી થવા શિવ ઈશને ભજો,*
*સાર સમજાવે સંતો છૂપા મર્મના....કરું...*

## પુષ્પ : ૨૯ શિવ સ્વરૂપનો મર્મ

મહેશ્વર શિવજીનું સ્મરણ, રટણ અને ચિંતન માનવના દૂષિત મનને નિર્મળ કરીને પશુતામાંથી પ્રભુતા તરફ લઈ જાય છે. શંકર ભગવાનને કોઈપણ પ્રકારના જીવાત્મા પ્રત્યે અભાવ નથી. જગતના લોકોને પોતાની પસંદગી છે. તેમને પોતાની મનપસંદ વ્યક્તિઓની સાથે રહેવું ગમે છે પરંતુ અણગમતા માણસોથી માઈલો દૂર રહે છે. એટલું જ નહીં જો તેમનું ચાલે તો આવી વ્યક્તિઓનો તે નાશ કરી દે. તેજ રીતે જગમાનવોને મનગમતી સુખકારક વસ્તુઓનો સહવાસ ગમે છે. તેમને રસીલાં ખાનપાન અને નશીલાં દ્રવ્યોમાં ખાસ રુચિ રહે છે. પરંતુ હે ભોળાનાથ ! તમે તમારી પસંદગીથી લોકસમુદાય ભેગો કરતા નથી અને તમારી પાસે આવવા માટે તમે કોઈ શરત મૂકી નથી. તમારી પાસે જે કોઈ પ્રેમથી સારા માઠા, સાચા-ખોટા, જ્ઞાની-અજ્ઞાની-મૂઢ, વાસના શૂન્ય વાસનાપૂર્ણ કે દરિદ્ર-ધનિક આવ્યા તે સૌને તમે તેમની ખામીઓ જાણીને સ્વીકારી લીધા. તમારા દરબારમાં મૂઢ નંદી કે ભૂત-પિશાચ જેવાને પણ સ્થાન મળે છે. તો આપના શરણમાં વસવાનું દેવોને પણ ગૌરવ લાગે છે. પશુઓ પણ તેમના સ્નેહથી આકર્ષાયાં હોવાથી તે પ્રાણીમાત્રના દેવ તરીકે પશુપતિનાથ તરીકે પૂજાય છે.

ભગવાન શંકર તો વિવિધ સ્વરૂપે દર્શન દે છે. સામાન્ય માનવને તે એક મસ્તક અને બે હાથવાળા સ્વરૂપે જણાય છે. પ્રભુ ધ્યાનસ્થ મુદ્રામાં બેસીને ઈશ્વરની નિકટતા કેવી રીતે કેળવાય તેનું તે સામાન્ય માનવને નિર્દેશન કરે છે. સાથે સાથે જાણે કે માનવને આશ્વાસન દેતા હોય તેમ કહે છે, “માનવો તમો ધ્યાન દ્વારા મને પ્રાપ્ત કરવા માગો છો. તેજ રીતે હું પણ તમારું ધ્યાન કરીને (રાખીને) તમને મારી પાસે બોલાવવા ચાહું છું.” પ્રભુ માણસને કહે છે “તેં બાહ્ય સંપત્તિ ઘણી મેળવી છે અને તે વધારેમાં વધારે મેળવી શકાય તેના તું પ્રયત્નો કરે છે. કારણ કે તને તે કિંમતી લાગે છે. પરંતુ તેનાથી ઘણી વધારે કિંમતી આંતર સમૃદ્ધિ તારી અંદર પડેલી છે. માટે ઓ માનવ તું તેને પ્રાપ્ત કર. તને જે બ્રહ્માનંદ પ્રાપ્ત થશે તે અવર્ણનીય છે.” પ્રભુ શિવજી આ રીતે માનવને ‘જીવમાંથી શિવ’ થવાનો માર્ગ બતાવે છે.

નટેશ્વર શંભુ કોઈ સમયે ત્રણ મસ્તકવાળા ત્રિમુખી થઈને દર્શન દે છે. તે દ્વારા તે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણવાળી પ્રકૃતિને પ્રતિબિંબિત કરે છે.

દેવાધિદેવ મહાદેવ ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારા સમર્થ સ્વામિ છે. તે બાબત પણ તેમનાં ત્રણ મસ્તક સમજાવે છે. પોતે બ્રહ્મ થઈને પ્રગટયા તેની ત્રણ સ્થિતિઓ જણાય છે, તે છે સત્યમ, શિવં અને સુંદરમ. શિવજી પોતે બ્રહ્મ છે અને તેજ સત્ય છે. તે જ્ઞાન દ્વારા જાણી શકાય છે માટે શિવ છે. પ્રકૃતિ થઈને તે સુંદરમ રૂપે પ્રગટયા છે. ભગવાન શંકરનાં પાંચ મુખોવાળું સ્વરૂપ પણ પ્રસિદ્ધ છે. ભગવાન પાંચ શીશ અને દશ હાથ રૂપે પ્રગટે છે. તેમનાં પાંચ મુખો માનવ શરીરના પાંચકોશો અન્નમય કોષ, પ્રાણમય કોશ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનો નિર્દેશ કરે છે. તે માનવના ભૌતિક જીવનથી લઈને પરબ્રહ્મની પ્રાપ્તિ સુધીનું નિર્દેશન કરે છે. પ્રભુપંથ પર આગળ વધનારા ભક્તની ભગવાન અગવડો, પ્રલોભનો તથા આળસ, નિષ્ક્રિયતા અને પ્રભુ વિમુખતા દ્વારા આકરી કસોટી કરે છે. જો તે આ બધા અવરોધો પાર કરી જાય તો આશુતોષ સંકટહર શિવજી તેને પોતાનાં પાંચ મુખ દ્વારા પાંચ ભેટો આપે છે. તે ભેટો ઉદ્યોગ, ઉત્સાહ, ઉમંગ, ઉત્કર્ષ અને ઉત્કૃષ્ટ બ્રાહ્મી સ્થિતિ છે.

પ્રભુના દશ હાથ દસે દિશાઓમાં પ્રસરેલા છે. તે દર્શાવે છે કે તેમનો ભક્ત તેમના સર્જેલા વિશ્વમાં કોઈપણ સ્થળે હશે ત્યાં પ્રભુ તેનું રક્ષણ અને પોષણ કરશે. ભક્ત વત્સલ ભગવાન પોતાના ભક્તો ઉપર સતત પોતાનું વાત્સલ્ય વરસાવ્યા કરે છે.

શંકર ભગવાનના ત્રણ વર્ણ (રંગ) કહેવાયા છે. તેમનો મેઘ શ્યામ વર્ણ તમસ પ્રકૃત્તિનો છે. તો સાથે સાથે ભૂરાશ પડતું આકાશ જેમ વ્યાપક છે તેવી વ્યાપકતાનો નિર્દેશ પણ તે કરે છે. ગૌર વર્ણ રાજસિક વૃત્તિનું પ્રતિબિંબ પાડે છે. તો શુભ-શ્વેત વર્ણ ભગવાન શિવના સત્વ સ્વરૂપને પ્રકટ કરે છે.

ભગવાનની વ્યાપકતાને ધ્યાનમાં લેતાં સહજ પ્રશ્ન થાય કે જો પ્રભુ સર્વવ્યાપી હોય તો તેમને માટે વસ્ત્રો કેટલાં મોટાં જોઈએ ? વ્યાપક શંભુ દિશાઓનાં વસ્ત્રો ધારણ કરતાં હોવાથી તે દિગંબર (દિક્-દિશા અને અંબર-વસ્ત્ર ) પહેરે છે. દસે દિશાઓ અમાપ છે. તેમનું વસ્ત્ર પ્રભુ પહેરે છે. વસ્ત્ર પહેરનાર વસ્ત્રથી મોટો હોય છે. માટે અમાપ દિશાઓથી પણ પ્રભુ શિવજી મહાન છે તે બાબત અહીં કહેવાઈ છે. સામાન્ય રીતે દિગંબર શબ્દનો અર્થ નગ્ન કરાયો છે. પરંતુ જો તે અર્થ ભગવાન શિવજી માટે લેવાય તો કદાચ તેમને અન્યાય થઈ જાય.

હે પરમાત્મા શંભુ ! હે કરુણાસાગર મહેશ ! તમારાં ગુણગાન ગાતાં પાર આવે તેમ નથી. દિવસો કે મહિનાઓ તો શું, જન્મો પણ ઓછા પડે. પુષ્પદંતે

કહ્યું છે તેમ પૃથ્વી જેટલા મોટા કાગળ પર, પૃથ્વી પરની બધી જ વનસ્પતિની કલમો બનાવીને, પૃથ્વી પરના બધા સાગરોની શાહી કરીને ખૂદ માતા શારદા આપનાં ગુણગાન લખે તો પણ તમારા ગુણોનો પાર આવી શકે તેમ નથી. હે દિનાનાથ શંકર ! હું એક ક્ષુદ્ર જીવ છું. હું જે લખું તેનાથી હું તમને શું ન્યાય આપું? એક તમારા અબુધ બાળકની આ કાલૂદી અને ભક્તિસભર પ્રસંશાનો આપ સ્વીકાર કરશો.

- ૐ -

## શંભુ મને સ્વિકારતા

*વિશ્વ તરછોડે તોયે સ્વિકારતા,*
*હાં રે તેથી શંભુ મને લલચાવતા (૨)*

- *રંગ કે સુગંધ હીન, પુષ્પને સ્વીકારિયાં*
*આકડો ને ધંતુરો, મસ્તક પર ધારીયાં*
*મહીં ફોરમ સદાશિવ રેલાવતા .... હાંરે....*
- *શક્તિનો પુંજ છતાં, અજ્ઞાની પોઠિયો,*
*પોતાનો સ્થાપીને, વાહન બનાવીયો,*
*જુઓ જ્ઞાન અને અજ્ઞાન ભેટતાં .... હાંરે....*
- *રાખ છતાં અંગ ધરી, શાખ તેં વધારી,*
*સ્ખલન શીલ ચંદ્ર શીશ ધરી આગ ઠારી,*
*તમે હૈયાને ઝૂલે ઝૂલાવતા.... હાંરે....*
- *વરવાં લાગે છે રૂપ મારુતી ગણેશનાં*
*શોભાવે દ્વાર એતો આપના રવેશનાં*
*આપ ગુણનું સૌંદર્ય ખૂબ ચાહતા.... હાંરે...*
- *વાસનાનાં ભૂત સદા સૌને રંજાડતાં*
*એમની ભયાનકતા આપ છો નિવારતા*
*બાળી વાસનાને શાંતિ રેલાવતા.... હાંરે...*
- *વિશ્વ તણાં વિષ પી ને અમૃત પીવડાવતા*
*પશુપતિ નાથ તમે સૌને અપનાવતા.*
*દેવ દાનવ ને માનવ સૌ પ્રાર્થતા.... હાં રે...*

# પુષ્પ : ૨૭ બાલકૃષ્ણના દર્શને શિવજી

દેવકીએ આઠમા પુત્રને જન્મ આપ્યો. કંસનો એ કાળ હતો. ભગવાન વિષ્ણુ સ્વયં દેવકીનંદન કૃષ્ણ તરીકે અવતર્યા હતા. વસુદેવજીએ બાળકૃષ્ણને ગોકુળમાં નંદ રાજાને ઘેર પહોંચાડયા. યશોદાની ગોદમાં બાળકૃષ્ણ પોઢયા હતા. પ્રભુનું બાળસ્વરૂપ ખૂબ જ સોહામણું લાગતું હતું. તે સ્વરૂપનાં દર્શન કરવા માટે દેવી-દેવતાઓ સ્વરુપ બદલીને નંદને દરવાજે ઉભાં હતાં. સાકાર બ્રહ્મસ્વરૂપ ભોળાનાથ શંભુએ ધ્યાનમાં કૃષ્ણ પ્રાકટ્યની વાત જાણી. સમાધિ અવસ્થામાં પણ તેમના હોઠ મલકી રહ્યા. તેમણે હળવે હળવે આંખો ખોલી. બ્રહ્મનું સગુણ મનોહારી સ્વરૂપ તે કૃષ્ણનું સ્વરૂપ હતું. શિવજી પણ તે સ્વરૂપને નિહાળવા સાધુવેશે ગોકુળમાં પહોંચ્યા. અને નંદને આંગણે આવીને ઉભા રહ્યા.

એક પછી એક ઉત્સુક દેવી  દેવતાઓ દર્શન કરીને ખુશ થઈને જવા લાગ્યાં. છેવટે બ્રહ્મસ્વરુપ શિવજી, બાળકનૈયો સૂતેલો ત્યાં આવ્યા. બાળકનૈયાએ જોયું કે શિવજી પોતે પધાર્યા છે. એટલે  તે અત્યાર સુધી છતા સૂતા હોવા છતાં તેમણે પડખું ફેરવી લીધું. સાધુવેષે આવેલા શંકર ભગવાન, બાળકનૈયાને પોતાની તરફ આકર્ષવા માટે જાતજાતની ચેષ્ટાઓ કરવા લાગ્યા, પરંતુ કનૈયો તેમની તરફ જોતો જ નહીં. તેથી પ્રભુએ પોતાનું મસ્તક કનૈયાના કાન સુધી લંબાવ્યું અને ધીમા સ્વરે કહ્યું કે કનૈયા જો તું મારાથી મોં છૂપાવીશ અને મને તું તારું મુખ નહીં બતાવે તો તું જેમ બાળહઠ લઈને બેઠો છે તેમ હું જોગી હઠ લઈને બેસીશ. હું અહીંથી હટીશ નહીં. બીજી તરફ માતા જશોદા થોડાં ઉત્સુકતાથી અને થોડાક ડરથી સાધુ (શિવજી) અને કનૈયાનું દ્રશ્ય જોઈ રહ્યાં હતાં. તેમને થતું કે પહેલાં તો કનૈયો કેવો ખીલખીલાટ હસતો રમતો હતો. આ સાધુ મહારાજ આવ્યા તે પછીથી કોણ જાણે શું થઈ ગયું કે તે મુખ છૂપાવીને ચૂપ થઈને સૂતો છે !

યશોદા માતાએ કહ્યું કે મહાત્માજી ! મારા કનૈયાને શું થઈ ગયું છે ? તમે શું કરો છો ? હસતાં હસતાં સાધુ (શિવજી) એ કહ્યું : માઈ ! આ તારો બાળક ઘણો જ સુંદર અને નટખટ છે. તેને જોવા માટે ઘણાં નર-નારી આવે છે. એને કોઈની નજર લાગી ગઈ હોય તેમ મને લાગ્યું તેથી હું એની નજર ઉતારતો હતો. માઈ ! તારા આ બાળકને હું જરા ઉચકીશ કે તેને કોઈની નજર લાગી હશે તો ઉતરી જશે. ભોળાં યશોદાએ કહ્યું, “મહાત્માજી તમારી વાત સાચી લાગે છે. કદાચ તેને કોઈની નજર લાગી હોય તો તમે ઉતારી નાંખો.” ભોળી માતા બ્રહ્મની લીલા સમજી શકી નહીં. બ્રહ્મનાં આ બન્ને સ્વરૂપો પણ તેમજ ઇચ્છતાં હતાં કે તે

ન જાણે તે જ સારું છે. નહીં તો જન્મ લીધા પછીના જીવન કાવ્યનો રસ ઉડી જશે. હવે કૃષ્ણ ભગવાન વિચાર કરવા લાગ્યા, "દેવાધિદેવ મહાદેવ મને મળવા આવ્યા છે. એ પરમ વિભૂતિ છે. હું ભલે બ્રહ્મ હોઉં પરંતુ લૌકિક જગતમાં મેં જન્મ લીધો હોવાથી લોકમર્યાદા જાળવવી જોઈએ. તે કારણે હું એમની નજર જોડે નજર મિલાવવા માગતો નહોતો. પરંતુ સરળ હૃદયી પ્રભુ આ બધી વાતોનો વિચાર નથી કરતા. એ તો નિખાલસતાથી મને ભેટવા ચાહે છે." આમ વિચારતાં વિચારતાં કૃષ્ણ પ્રભુએ શિવજી સાથે નજર મિલાવી અને નેત્રગોષ્ઠિ કરી. ભોળાનાથની આંખોમાંથી સ્નેહાશ્રુ છલકાઈ રહ્યાં. અને માતા યશોદાને શાંતિ થઈ કે મારો કનૈયો ચૂપ થઈને અને આંખો બંધ કરીને પડયો હતો તેને આ સાધુ મહારાજે સારો કર્યો. યશોદા માતાએ સાધુ મહારાજ (શિવજી) નું પૂજન કર્યું. તે પછીથી ભોળાનાથ શિવજી બ્રહ્મના રસ સ્વરુપનું સ્મરણ વાગોળતા વાગોળતા વિદાય થયા.

નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સાકાર થયું તે સાથે સમગ્ર સૂર્ય મંડળો અને તારા મંડળોનું સર્જન થયું. આ પૃથ્વી પણ સૂર્યની પુત્રી બની. અહીં હરિયાળી છવાઈ ગઈ. માછલીથી લઈને હાથી જેવાં પ્રાણીઓ અને અંતે બ્રહ્મને જાણવાની ક્ષમતાવાળા મનુષ્યનું સર્જન થયું. તે મનુષ્યનો ફરીથી બ્રહ્મ સંબંધ થાય માટે બ્રહ્મ પોતે જ સમયે સમયે અનેકવિધ સ્વરુપો લઈને પ્રગટ થતું રહ્યું. તેજ બ્રહ્મ શિવ બન્યું અને તેજ બ્રહ્મ કૃષ્ણ બન્યું. મનુષ્યના સંકુચિત સ્વભાવને કારણે બ્રહ્મના અનેકવિધ સ્વરુપો ન સમજાતાં માણસોનાં જૂથો લડતાં રહ્યાં અને આજે પણ લડયા કરે છે. શિવ-કૃષ્ણનું મિલન આવા વિતંડાવાદોનો નાશ કરે છે. ભગવાન કૃષ્ણે પણ કહ્યું છે કે રુદ્રોમાં શંકર હું છું. रुद्राणां शंकरश्चास्मि । (ગીતા શ્લોક ૨૩, અ - ૧૦ ।।) ભગવાન શંકર તો સરળ સ્વભાવના હોવાથી સર્વમાં પર બ્રહ્મની નૃત્યલીલા નીહાળે છે. સદાશિવ રામને બ્રહ્મ રૂપે પ્રણામ કરે છે તો શ્રીકૃષ્ણને પણ બ્રહ્મ સ્વરૂપે વંદન કરે છે. તેજ રીતે રામજીએ રામેશ્વરમાં શિવજીની સ્થાપના કરીને તેમની પૂજા કરી છે. તો કૃષ્ણ પ્રભુએ પોતાને શંકર રૂપે ગણાવ્યા છે. શિવજીની ગણના પ્રથમ વૈષ્ણવ તરીકે કરાઈ છે. આનાથી બ્રહ્મની એકતાનો મોટો પુરાવો બીજો કયો હોઈ શકે ? હે કૃપાનાથ શંભુ ! તમે અમારી જડતા, મનની સંકુચિતતા અને હૃદયની દુર્બળતા કાઢીને તમારું શરણું આપો.

- ૐ -

## પુષ્પ : ૨૮ શ્રાવણની શિવભક્તિ પછી શું ?

શ્રાવણ માસનો પ્રારંભ થાય અને તેની સમાપ્તિ થાય. તે સાથે એક માસ પૂરતાં લીધેલાં વ્રતો પણ પૂરાં કરાય અને ભગવાન શિવજીની પૂજાનું ઉદ્યાપન પણ થાય. એક માસ શિવભક્તિ કર્યાનો સંતોષ પણ લઈ શકાય. "હવે પછી શું ?" નો સવાલ બહુ જ ઓછા લોકોને થાય છે. એક માસ સુધી જે સત્કાર્ય કર્યું હોય તે સાચું અને સારું જ થતું હોય છે. તેમ છતાં થોડે ઘણે અંશે પણ એ દૈનિક ક્રમમાં મૂકાય તો તેની અસર જણાયા વગર નહીં રહે. નવી પેઢીને પરંપરાગત શિવપૂજન પ્રત્યે ઉદાસિનતા થાય તે સ્વાભાવિક પણ છે. જેમ હરેક સ્થળની પોતાની એક ભાષા હોય છે તેમ હરેક સમયની પણ પોતાની ભાષા હોય છે શાશ્વત સત્ય અને શાશ્વત મૂલ્યોને જે તે સ્થળે જે તે સમયની ભાષામાં કહેવાય તો તે સમયની પેઢી તેને સ્વીકારશે અને વ્યક્તિગત પરિસ્થિતિ પ્રમાણે તેનો અમલ કરવાનું વિચારશે. એક યુવકે મને પ્રશ્ન પૂછેલો કે હું ધર્મમાં નથી માનતો હું વિજ્ઞાનમાં માનું છું. શું તમે મને ધર્મને વિજ્ઞાનના અર્થમાં સમજાવી શકશો ? મેં એને કહ્યું કે હજારો વર્ષો પહેલાં વિજ્ઞાન સમજાવવા માટે ધર્મની ભાષા વાપરવી પડી હતી. આજે ધર્મને વિજ્ઞાનની ભાષામાં સમજાવવો પડશે. સત્ય તો સત્ય જ રહેવાનું છે. તેની રજૂઆત સમય સંજોગ પ્રમાણે બદલવાની જરૂર છે.

આધુનિક યુગમાં જે જે વૈજ્ઞાનિક શોધો થાય છે તે પ્રશંસાને પાત્ર છે તેનો કોઈ વિરોધ ન હોઈ શકે. તે સાથે એ પણ વિચારવાની જરૂર છે કે આખરે તે શોધો કોને માટે છે અને શા માટે છે ? ચોક્કસ જ તે બધી શોધો માણસ માટે છે અને તેને શાંતિ અને આનંદ મળે તે માટે છે. સુખ માટે વિજ્ઞાન મદદ કરશે અને શાંતિ માટે ધર્મ મદદ કરશે. યોગીશ્વર શિવ માનવ મનની વૃત્તિઓનું વિશ્લેષણ કેવી રીતે કરવું તે સમજાવે છે. માણસને જો શાંતિ મેળવવી હશે તો તેણે પોતાની જાતને આંતરમુખી કરવી પડશે. પોતાની અંદરના નકારાત્મક વિચારોને વાળી ઝૂડીને સાફ કરવા પડશે. પછી જે વિચારો હશે તે રચનાત્મક અને વિધાયક વિચારો હશે. તેમ કરવા માટે માણસે ધ્યાનનો સહારો લેવો પડશે. જેથી ભટકતું મન સ્થિર થાય. ભગવાન શંકર યોગવિદ્યા દ્વારા આ જ્ઞાન સમજાવે છે.

આજના ઝડપી યુગમાં માણસને બીજી વ્યક્તિને મળવાનો સમય નથી. તે ભલો અને તેનું કામ ભલું. તેને તેનાં મોભા (સ્ટેટસ)ને શોભે તેવી જ

વ્યક્તિઓને મળવાનું ગમશે. તેના બધા સંબંધો ધંધાકીય કે સ્વાર્થ પ્રેરિત રહેવાના. શિવજીનું જીવન તપાસતા જણાશે કે શિવજી મહાદેવ હોવા છતાં કોઈપણ પ્રકારની વ્યક્તિ દેવદાનવ કે માનવ ને અથવા હીન ભૂત, પિશાચ જેવી વ્યક્તિને મળતા ખચકાતા નથી. સામાજિક એકતા અને સંઘશક્તિ પ્રગટાવવા માટે સૌને અપનાવવાની શંકર ભગવાનની આ કળા આજે પણ ઉપયોગી સિદ્ધ થશે. હૃદયનું ઔદાર્ય હોય ત્યારે જ સૌનો સ્વીકાર શક્ય બને છે.

કેવળ પોતાના પેટને માટે જીવનારા માણસોમાં અને પશુજીવનમાં ભાગ્યેજ અંતર હોય છે. પોતાનું જીવન જ્યારે અન્ય માનવો માટે ખર્ચાય ત્યારે તે જીવન શ્રેષ્ઠ ગણાય છે. વૈજ્ઞાનિકો પ્રયોગ શાળામાં (લેબોરેટરીમાં) જીવન ખર્ચી નાખે છે. ત્યારે શ્રેષ્ઠ ઔષધો, શ્રેષ્ઠ જીવનોપયોગી ઉપકરણો (ટી.વી., ટેલિફોન, ફેક્સ વિગેરે) બને છે. શિવજી પણ એમ કહે છે. શ્રેષ્ઠ જીવનના અમૃતની ભેટ આપવા માટે કોઈકે ઝેર પીવું જરૂરી બને છે. તેથી જ કહી શકાય કે અમૃત પીયે તે દેવ અને જગત માટે ઝેર પીયે તે મહાદેવ. ઔષધો, ઉપકરણો, અને સગવડો ખોળવા માટે જે વૈજ્ઞાનિકોએ જીવનના ભોગ દઈ દીધા છે તે અને ઘણી વાર નિષ્ફળતાના ઝેરના ઘૂંટડા પીવા પડયા છે તે બધા શિવજીના ઉપાસકો ગણાય. તેમનાં જાત અને ધર્મ ગમે તે હોઈ શકે પણ શિવજીની માફક વિષ પીવાની તેમની તૈયારી છે તે મહાત્વની બાબત કહેવાય રાષ્ટ્ર અને વિશ્વને સુખી કરવા માટે આવા શિવભક્તો ઉભા થવા જરૂરી છે.

ગઈ સદીમાં (વીસમી સદીમાં) જે ડોક્ટરે પ્રથમ વાર હૃદય બદલવાનું (હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન કરવાનું) સફળ ઓપરેશન કર્યું તે ડૉક્ટર ક્રીશ્ચીયન બર્નાર્ડ મુંબઈ આવ્યા હતા. તેમને મળવા માટે પત્રકારો ભેગા થયા હતા. તેમને ઘણા પ્રશ્નો પૂછાયા અને ઘણી વાતો થઈ. એક પત્રકારે મૂળભૂત પ્રશ્ન પૂછયો કે બગડેલું માનવ હૃદય કાઢીને બીજુ હૃદય મૂકી શકાય છે એટલે કે હૃદય બદલીને જોડી શકાય છે. તે માટેની તમને પ્રેરણા ક્યાંથી મળી ? ડોક્ટરે જવાબ આપ્યો કે તમારાં પુરાણોમાંથી મળી. પત્રકારને આશ્ચર્ય થયું અને તેણે આશ્ચર્ય સહિત પૂછયું કે કયા પૂરાણમાંથી તમને પ્રેરણા મળી ? સહજ ભાવે ડોક્ટરે કહ્યું કે શિવ પુરાણમાંથી મને પ્રેરણા મળી. આ વાતથી તો આશ્ચર્ય ઔર વધી ગયું. તેણે પૂછયું કે કઈ ઘટના તમને પ્રેરણા દઈ ગઈ ? ડોક્ટરે કહ્યું કે શિવજી જો ગણેશનું મસ્તક કાપી નાખે અને બીજુ માથું જોડી દે એ શક્ય બનતું હોય તો મસ્તક કરતાં હૃદય બદલવું સહેલું છે માટે શિવજીએ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશનની શોધની તરફ

પ્રેરણા આપી. આપણા દેશના બુદ્ધિજીવીઓ પણ આ રીતે વિચારે તો સાચી શિવભક્તિ થઈ શકે. શું કેવળ પુરાણો સાચાં છે કે ખોટાં છે તેવી ભારેખમ ચર્ચાઓ કોઈ નક્કર પરિણામ લાવી શકશે ? મને લાગે છે કે ડોક્ટર ક્રીશ્ચીયન બનાર્ડ પણ સાચા શિવભક્ત ગણાય.

આજના યુગને શિવજીના જીવનમાંથી તેમજ તેમણે આપેલા સાહિત્માંથી શાંતિ સદ્‌ભાવના, પરાક્રમ, વિવિધ વિદ્યાઓ વિગેરે ઘણી બાબતો શીખવાની મળી શકે છે. હે મહાદેવ શંકર ! તમારા પૂજન પછીથી તમારા સૂચન પ્રમાણેનું શ્રેષ્ઠ જીવન થાય તેવી કૃપા કરજો.

**॥ ૐ નમઃ શિવાય ॥**

*પ્રભુ આવું તારી પાસે, કામના શિવાય,*
*મુખથી હું બોલું ૐ નમઃ શિવાય ।*

- *દેહના દરવાજે સોંપી વિભુ મેં તો ચોકીયું,*
*મનની ગુફામાં જઈને કીધું મેં તો ડોકીયું,*
*આનંદે છલકે કાયા શોકની વિદાય..... મુખથી....*
- *પાંચ મુખ તુજને પણ દે દશ દશાનન ને,*
*તારાથી બમણાં દીધાં લંકા રાજન ને,*
*તાર્યા તેં ભક્તો એણે માર્યા જગમાંય .... મુખથી....*
- *ઉત્સાહ ઉત્કર્ષ ને ઉદ્યોગ ઉમંગ,*
*ઉત્તેજન એ છે શિવનાં પાંચ મુખ અંગ,*
*તારે મારગ કો આવે કરે તું સહાય.... મુખથી ....*
- *વિકારો બાળી એની ભસ્મ જે લગાવે,*
*એની ભભૂતી શિવજી અંગે ચઢાવે,*
*મસ્તકની માળા શંકર કંઠે સોહાય.... મુખથી ....*
- *આધી વ્યાધી ઉપાધી ત્રણે શૂળ પીડતાં*
*તારા ત્રિશૂળે શંભૂ એતો છે ભાંગતાં*
*સર્જન વિસર્જન પોષણ તુંજથી સરજાય....મુખથી...*
- *તારી અમંગલતામાં મંગલ છૂપાયું*
*દુનિયાનું ઝેર તારે કંઠે લપાયું*
*અમૃત દઈ વિષ પીને તું મહાદેવ થાય... મુખથી ...*

## પુષ્પ : ૨૯ શ્રી શિવ ચરણે...

વૈદિક સંસ્કૃતિ કે જેને આપણે હિંદુ સંસ્કૃતિ તરીકે ઓળખીયે છીયે તે મુખ્યત્વે વિચાર પ્રધાન સંસ્કૃતિ છે. કોઈપણ વાતને બુદ્ધિ દ્વારા ચકાસીને હૃદય દ્વારા ભાવપૂર્વક સ્વીકારવી તે હિંદુ ધર્મ અને સંસ્કૃતિની ખાસીયત રહી છે. તેનું દર્શન હિંદુ ધર્મના બધાજ સંપ્રદાયોમાં બુદ્ધિના દેવ ગણપતિના પ્રથમ પૂજનમાં થાય છે. હિંદુ ધર્મમાં વૈચારિક સ્વાતંત્ર્ય પણ હોવાથી તેત્રીસ કરોડ દેવતાઓ, અનેક સંપ્રદાયો તથા અનેક વિચારધારાઓને સ્થાન મળ્યું છે. તેથી હિંદુધર્મ અને સંસ્કૃતિમાં ઉદારતાનો ગુણ વિકસ્યો છે. માટે જ કહેવાયું છે કે “एकं सद्विप्राः बहुधा वदन्ति । એકજ સત્યને જ્ઞાનીજનો વિવિધ રીતે સમજાવે છે. તેને કારણે હિંદુધર્મ શિવાય અન્ય ધર્મોમાં જે જે વાતો કહેવાઈ છે તે અપવાદ શિવાય લગભગ બધીજ વાતો હિંદુધર્મમાં કહેવાઈ છે. તેની ઉદારતાનું દર્શન ગંધર્વરાજ પુષ્પદંતે ગાયેલુ ભગવાન શંકરની સ્તુતિમાં જણાય છે -”

त्रयी सांख्यं योगः पशुपति मतं वैष्णवमिति ।
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनाना पथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव एव ।। ७ ।। शिवमहिम्नः ।

(હે પ્રભો ! ત્રણ વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપત દર્શન અને વૈષ્ણવ દર્શન એમ ભિન્ન ભિન્ન શાસ્ત્રો અને તેના (અલગ અલગ) માર્ગો હોવાથી “આ શ્રેષ્ઠ છે અને આ હિતકર છે” એમ (પોતાની) રુચિયોની વિચિત્રતાને લીધે સરળ અને કુટિલ એવા જુદા જુદા માર્ગોનો આશ્રય કરનારાઓને જેમ પાણી સમુદ્રને મળે છે તેમ તમે જ પ્રાપ્ત થાઓ છો. ||૭|| )

ઉપરોક્ત સંદર્ભમાં કહેવાયું છે કે सर्व देव नमस्तुभ्यं केशवं प्रतिगच्छति । (કોઈ પણ દેવને નમસ્કાર કરવામાં આવે તો તે ભગવાન કૃષ્ણને જ પહોંચે છે.) આમ કહેવાનું કારણ એ છે કે દરેક દેવી - દેવતા બ્રહ્મનાંજ સ્વરૂપો હોવાથી જેમની પૂજા થાય તે પરબ્રહ્મની જ પૂજા કરી એમ કહેવાય. હિંદુધર્મની એ જ ખાસીયત છે કે તે Unity in Diversity (અનેકતામાં એકતા) માં માને છે. એવું જ મનભાવન સ્વરૂપ ભગવાન શિવજીનું છે.

ભગવાન શિવજી આદિ દેવ કહેવાયા છે. તેમને મહેશ્વર કહ્યા છે તો મનુષ્યોની આશાઓ પરિપૂર્ણ કરતા હોવાથી "આશુતોષ" પણ કહેવાયા છે. દુઃખો, ત્રિવિધ તાપો, મનની અશાંતિ અને વ્યક્તિગત અડચણો દૂરને દૂર કરીને અનીષ્ટોનું શમન કરતા હોવાથી પ્રભુ 'શંકર' તરીકે ઓળખાયા છે. હરેકનાં કષ્ટો અને પાપોને હરનારા હોવાથી "હર" કહેવાયા છે. આમ ભગવાન શિવજી મનુષ્યની રોજ બરોજની તકલીફોને દૂર કરતા હોવાથી માનવની સાવ નજીકના દેવ છે. ભગવાન શંકરના જીવનની ફલશ્રુતિ માટે એમ કહી શકાય કે ઓછામાં ઓછી જરૂરીયાતો છતાં વધારામાં વધારે સુખ અને શ્રેષ્ઠ આનંદ ની પ્રાપ્તિ.

ભગવાન શંકર ભોળાનાથ તરીકે ખૂબજ જાણીતા છે. ભોળપણ એટલે અંતઃકરણની સરળતા. સામાન્ય રીતે ભોળપણનો અર્થ ભોટપણુ એવો કરાયો છે. જેમકે કોઈ માણસ મૂર્ખ હોય તો તેની પત્ની દાંત કચકચાવીને ક્રોધમાં કહેશે "એ...તો સાવ ભોળા શંભુ જેવા છે." અહીં ભોળપણનો અર્થ અણ આવડતવાળો અણઘડ અને અજ્ઞાની થાય છે. શિવનો અર્થ જ્ઞાન થતો હોય અને તે 'જ્ઞાનરાણા' તરીકે ઓળખાતા હોય તો શિવજી અણઘડ અને અજ્ઞાની કેવી રીતે હોઈ શકે ? આ બાબતને આ દ્રષ્ટાંતથી સમજવી સરળ રહેશે. મહાન વૈજ્ઞાનિક ન્યુટને એક બિલાડી પાળી હતી. તેણે બચ્ચાંને જન્મ આપ્યો. જ્યારે ન્યુટન પોતાની પ્રયોગશાળામાં કામ કરતો ત્યારે બિલાડી અને બચ્ચાં ન્યુટન પાસે જવા માટે પ્રયોગશાળાનું બારણું ખખડાવ્યા કરતાં. આ મુશ્કેલી નીવારવા ન્યુટને બારણામાં બે કાણાં પાડયાં. એક કાણું મોટું હતું અને બીજુ નાનુ હતું. જ્યારે કામવાળી બાઈએ તેનું કારણ પૂછયું ત્યારે ગુરુત્વાકર્ષણના સંશોધક બુદ્ધિમાન ન્યુટને જવાબ આપ્યો કે મોટું કાણું મોટી બિલાડી માટે અને નાનું કાણું તેનાં બચ્ચાં માટે બનાવ્યું છે. મોટા કાંણામાંથી મોટી બિલાડી સાથે નાનાં બચ્ચાં પણ જઈ શકે. છતાં સૃષ્ટિનાં રહસ્યો શોધવામાં મશગુલ ન્યુટનને ઉપર કરેલી સામાન્ય બાબતનું ધ્યાન ન રહ્યું. ભગવાન શિવજી પણ જગતના સામાન્ય સ્તરના લોક વ્યવહારોથી દૂર રહેતા હોવાથી તેમને જગતની આંટીઘૂંટીઓમાં જરાય રસ ન હોય તે સમજી શકાય તેવી બાબત છે. સરળ અંતઃકરણ વાળા અને જગતના પ્રપંચોથી મૂક્ત શિવજીને સરળ હૃદયના ભક્તો ગમે છે. માનવ મન જેટલું કુટિલ અને અહંકારી તેટલું વધારે કપટી અને સ્વાર્થ લોલૂપતાથી ભરેલું હોય છે. આ પ્રકારનું અશુદ્ધ મન પરમ શુદ્ધ ચૈતન્ય સૂધી લઈ જઈ શકતું નથી.

શિવજી પરમ ચૈતન્ય અને પરબ્રહ્મ છે. તેથી તે સરળ હોય તે સમજી શકાય તેવી વાત છે.

ભગવાન શિવજી પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ હોવાથી પરમાણુથી સકળ બ્રહ્માંડમાં બ્રહ્મની વ્યાપકતાને નિહાળે છે અને તેને માણે છે. તે સરળ અંતઃકરણ વાળા અને નિર્લેપ ભાવે જગતને નિરખતા હોવાથી બ્રહ્મનું દર્શન કરે છે. જ્યારે તેમણે ભગવાન રામને લક્ષ્મણજી સાથે સીતા માતાની શોધ માટે જંગલમાં ફરતા જોયા ત્યારે તેમણે નમસ્કાર કરીને તેમનું અભિવાદન કર્યું. સતી માતાએ જ્યારે પૂછ્યું કે તમે સ્વયં બ્રહ્મ છો તો સામાન્ય માણસને કેમ નમસ્કાર કરો છો ? તેના જવાબમાં શિવજી બોલ્યા કે શ્રીરામ પણ બ્રહ્મસ્વરૂપ છે. લંકા વિજય પછી ભગવાન રામે ભગવાન શિવજીની સ્થાપના કરેલી જે "રામેશ્વર" તરીકે પ્રસિદ્ધ છે. તેજ રીતે સરળ હૃદયી અને પોતાના આત્મામાં બ્રહ્માનંદની અનુભૂતિમાં મસ્ત શંભુ ભગવાન કૃષ્ણનો જન્મ થયો તે જાણીને તેમના દર્શને ગયા. કદાચ તેવા જ કોઈ અનુસંધાનમાં ભગવાનશ્રી કૃષ્ણચંદ્રએ ગીતામાં કહ્યું કે रुद्राणां शंकरश्चास्मि । (અગીઆર) રુદ્રોમાં 'શંકર' તે હું છું ) નમ્રતા સભર મહાન પુરુષજ અન્યની મહત્તાનો સ્વીકાર કરી શકે છે અને તેમને નમી શકે છે. છીછરી બુદ્ધિના લોકો બીજાએ કરેલાં વખાણનો ઢંઢેરો પીટયા કરે છે. અને પોતાની મોટાઈમાં રાચે છે.

ભગવાન ભોળાનાથનું ભસ્મ લગાડેલું અને સાપ વીંછીનાં આભુષણો વાળું તથા વાઘાંબર પહેરેલું વિચિત્ર અને અમંગળ સ્વરૂપ બહુ ચર્ચિત રહ્યું છે. જેમ વૈજ્ઞાનીક જન સમુદાયમાં ભાગ્યેજ દેખાય તેમ પરમ તત્ત્વને શોધનારો સાધક પણ જન સમુદાયથી દૂર રહે. તે રીતે શિવજી તો સ્વયં બ્રહ્મ સ્વરૂપ યોગીશ્વર છે અને સતત બ્રહ્માનંદની મસ્તીમાં રહેતા હોવાથી વિચિત્ર વેષ ધારણ કરીને એકાંતમાં વસે છે. તેમની પાસે સાચો સાધક જ જઈ શકે. શંભુનું વિચિત્ર સ્વરૂપ જોઈને લૌકિક જગતમાં જીવતો માનવી તેમને પસંદ કરતો નથી. પરંતુ સાચો ભક્ત પૂર્ણ શ્રદ્ધા અને સમર્પિત ભાવથી જાય તો અમંગળ દેખાતા ભગવાન તે ભક્તને વિશ્વનું પરમ મંગળ કરનારા દેખાય છે. શિવનો અર્થ જેમ 'જ્ઞાન' છે તેમ 'કલ્યાણ' પણ થાય છે. શંભુનું વિચિત્ર સ્વરૂપ સમજી લેવા જેવું છે. ગરીબ અને ભિખારી પાસે કશુંજ નથી હોતું. સંજોગો વશાત્ તેને રહેવા માટે ઘર, સારાં કપડાં, સુખ અને વૈભવ મળવા માંડે છે. તે સમયે તે શ્રેષ્ઠ ભદ્ર સમાજનો સુંદર અને વિચક્ષણ ગણાય છે. સમય જતાં સંપત્તીને કારણે કરવેરા અને સામાજીક

મોભાને કારણે અને સમાજની વિવિધ માંગણીઓને કારણે સઘળું છોડી દેવાનું તેને મન થાય છે. ધીરે ધીરે બધીજ બાહ્ય ચમક દમક છોડીને તે સાદુ જીવન જીવવાનું પસંદ કરે છે. જ્યારે તે ગરીબ હતો ત્યારે બધીજ વસ્તુની ઉણપ તેને સતાવતી હતી. જ્યારે તેને બધીજ વસ્તુઓ મળી તે પછીથી તેની નિરર્થકતા તેને સમજાઈ. તે સ્થિતિમાં તે માણસને સાદગી અને એકાંતનું મહત્ત્વ સમજાયું. ભગવાન શંકરનું સ્વરૂપ જગતની નિરર્થકતા પછી ના થયેલા પૂર્ણ ત્યાગનું પ્રતીક છે. જગતનું આકર્ષણ ન રહે માટે તેમણે વિચિત્ર જીવન પદ્ધતિ સ્વીકારી છે. માણસને મદ, મેદ અને મેદની ઘણું જ નુકસાન કરે છે. મદ અર્થાત્ અહંકાર વ્યક્તિનું પતન નોતરે છે. મેદ એટલે કે વધુ પડતી ચરબી રોગોને નિમંત્રે છે અને મેદની એટલે કે ગુણગાન ગાનારો ઘણો મોટો માનવ સમુદાય કીર્તિના લોભમાં તેનું અધઃપતન કરાવે છે. આ કારણોસર શિવજી વિચિત્ર વેશધારી, એકાંત પ્રીય અને સામાન્ય જનસમુદાયથી દૂર કૈલાશ પર્વત અથવા સ્મશાનમાં જઈને વસ્યા છે.

ભગવાન શંકર સાકાર અને નિરાકાર સ્વરૂપે પૂજાયા છે. સાકાર સ્વરૂપે તેમની પ્રતિમાનું પૂજન થાય છે. પરંતુ સામાન્ય માનવને માટે નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન પ્રતીકુળ થતું હોવાથી સાકાર અને નિરાકાર વચ્ચેનું સ્વરૂપ તે શિવલીંગનું સ્વરૂપ છે. લિંગ કોઈ નિશ્ચિત આકાર ન હોવાથી નિર્ગુણ પૂજા તરફ નિર્દેશ કરે છે. તે સાથે તેનો અંડાકાર સગુણ પણ ગણી શકાય. તેથી લીંગ સગુણ-નિર્ગુણનું સંયુક્ત સ્વરૂપ છે.

શિવલીંગ સમસ્ત બ્રહ્માંડના સર્જનનું બીજ છે અને જળાધારી યોની સમસ્ત બ્રહ્માંડના વિસ્તારનું પ્રતીક છે. આ પ્રતીકોનું અભદ્ર વર્ણન પણ જોવા મળે છે. તેનુ કારણ પ્રતીકની પાછળ છૂપાયેલો ગુઢાર્થ જેમને સમજાયો નથી તેજ લોકો ઉતરતી કક્ષાનું અર્થઘટન કરે છે.

શિવજી સંહારના દેવતા તરીકે જાણીતા હોવાથી તે ભયંકર ભગવાન તરીકે ઓળખાયા છે. પરંતુ નવા સર્જન માટે વિસર્જન જરૂરિ છે. જ્ઞાન મેળવવા માટે અજ્ઞાનનો નાશ જરૂરી છે. બીજનો નાશ થતાં અંકુર ફૂટે છે અને અંકુર ફૂટે છે અને અંકુરના મૃત્યુ પછી છોડ તથા વૃક્ષ જન્મે છે. બાળપણના વિસર્જન બાદ યૌવન સર્જાય છે. તો જીર્ણ દેહના નાશ પછી નવો જન્મ થાય છે. હજારો વર્ષો પહેલાં થયેલા ભૂકંપને કારણે હિમાલય ઉપસી આવ્યો. તેને કારણે ભારત દેશ

ઠંડા પવનોથી બચી શક્યો છે. શંભુ સંહારલીલા વિશ્વને નિત્ય નૂતન અને તાજગી ભર્યું રાખવા માટે છે. જો એમ ન હોત તો રાવણો, કંસ અને જરાસંઘો તેમજ હીટલરો અને કેટલાય દુષ્ટો જીવતા હોત અને વિશ્વ નરકાગાર બની રહ્યું હોત. ભગવાન શિવજીની સંહારલીલા વિધાયક દ્રષ્ટિકોણથી (Positive Outlook) જોવાય તો સમસ્ત બ્રહ્માંડના માધુર્યને માણી શકાય. માટે જ સંહારકર્તા મહાદેવ વિદ્યા, કલાઓ, વ્યાકરણ, યોગ અને અનેક વિદ્યાઓના આચાર્ય ગણાયા છે.

કેટલાક વિદ્વાનો શિવજીને અનાર્ય લોકોના દેવતા ગણાવે છે. આ વાત કદાપી માન્યામાં આવે તેમ નથી. સમસ્ત ભારતવર્ષમાં ભગવાન શિવજીની પૂજા થતી રહી છે. ભારતનાં ગામડાઓમાં એક શિવમંદિરતો હોય જ. ભગવાન શંકર દેવો, દાનવો અને માનવોના સ્વીકાર્ય દેવતા છે. ઈંડોનેશિયામાં પણ શિવજીની પ્રતિમાઓ મળી આવી છે. તેથી ભગવાન શિવજી સર્વગ્રાહી ભગવાન ગણી શકાય.

ભગવાન શંકર વિષે ઘણું ચિંતન થઈ શકે. તેમ છતાં તેમનો અનંત વ્યાપ અને અનંત ગુણોને જોતાં તેમનો પાર પામી શકાય નહીં. માટે તેમને કેવળ નત મસ્તકે અને નમ્રભાવે પ્રણામ કરીને વીરમુ છું.

वंदे देव उमापतिं सुरगुरुम् ; वंदे जगदकारणम् ।
वंदे पन्नग भूषणं मृगधरम्, वंदे पशुनांम् पतिम् ।।
वंदे सूर्यशशांक वह्नि नयनं, वंदे मुकुन्दप्रियम् ।
वंदे भक्त जनाश्रयं च वरदं, वंदे शिव शंकरम् ।।

[(હું) માતા પાર્વતિના પતિ અને દેવોના ગુરુ (શિવજી) તથા જગતના કારણરૂપ (ભગવાન) ને વંદન કરુ છું. જેમણે સર્પોના અલંકાર અને મૃગચર્મ ધારણ કર્યાં છે તે - શિવજીને વંદન કરુ છું. જે સર્વ પશુઓ (સજીવ સૃષ્ટિ) ના સર્જક છે તેમને વંદન કરુ છું. જેમનાં નયનો સૂર્ય, ચંદ્ર અને અગ્ની રૂપે છે (તેવા ત્રિનેત્રધારી શિવ) ને વંદુ છું. જે ભગવાન વિષ્ણુને અતીશય પ્રિય છે તે (શંકર) ને વંદુ છું. જે ભક્તોનું આશ્રય સ્થાન છે અને સર્વને તેમની ઈચ્છા પ્રમાણે વરદાન આપે છે તેવા "વરદ" શિવ શંકરને પ્રણામ કરુ છું.]

- ૐ -

# લેખકનાં અન્ય પુસ્તકો

૧) ષોડષ સંસ્કાર સૌરભ

૨) વંદના તુજને હજો....
(નારેશ્વર નિવાસી પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજ રચિત વંદના ઉપર ચિંતન)

આ પુસ્તકો 'પુસ્તકાલય સહકારી મંડળ', સંસ્થા વસાહત, રાવપૂરા, વડોદરામાં પ્રાપ્ય છે.

૩) સત્યં પરં ધીમહિ
(સત્યનારાયણ વ્રતકથા ઉપર ચિંતન.)

૪) દ્રષ્ટાંત ગીતા ભાગ - ૧

૫) દ્રષ્ટાંત ગીતા ભાગ - ૨

૬) શ્રીકૃષ્ણ માધુર્ય
(મહા પ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી રચિત 'મધુરાષ્ટકમ્ ઉપર ચિંતન.')

૭) પ્રભુ લીધો મેં પંથ તમારો
(વૈદિક-હિંદુ ધર્મ તથા અન્ય ધર્મનું વિહંગાવલોકન.)

૮) શિવ દર્શન (પ્રગટ થયું)
( શિવ સ્વરૂપ ચિંતન )

સંપર્ક : ફોન નં. ૨૭૯૪૧૧૧



**Title Design : Dev Computer - Ph. (265) 3096058**